GOVERNMENT OF GUJARAT

# LEGAL DEPARTMENT

# Bombay Act No. LXI of 1947

## The Bombay Primary Education Act, 1947

*( As modified upto 31st May, 1988 )*

ગુજરાત સરકાર

## કાયદા વિભાગ

# સન ૧૯૪૭નો મુંબઈ અધિનિયમ નંબર ૬૧

## મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭

[ સન ૧૯૮૮ના મે મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે ]

( પુનઃ મુદ્રણ - ૨૦૦૩ )

Talati Jayesh P.

# મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭.

## અનુક્રમણિકા


પ્રસ્તાવના ... ... ... ... ... ... ૧

કલમો. ... ... ... ... ... ... ૧

પ્રકરણ ૧લું

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.... ... ... ... ... ૨

૨. વ્યાખ્યા.... ... ... ... ... ... ૨

પ્રકરણ ૨જું

જિલ્લા અને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડોની રચના

૩. સ્કૂલ બોર્ડ. ... ... ... ... ... ૪

૪. સ્કૂલ બોર્ડોની રચના. ... ... ... ... ... ૪

૫. સભ્યોની ગેરલાયકાતો. ... ... ... ... ... ૮

૬. ચૂંટણીના કાયદેસરપણાનો નિર્ણય; ન્યાયાધીશ દ્વારા તપાસ; કાર્યરીતિ. ... ... ૧૦

૬-ક. પાછળથી જણાવેલા ચૂંટણી, વગેરેના સમયની ગેરલાયકાત. ... ... ... ૧૨

૭. સભ્ય થયા પછીની ગેરલાયકાત. ... ... ... ... ૧૨

૭-ક. ગેરલાયક હોય ત્યારે સભ્ય તરીકે હાજરી આપવા અથવા મત આપવા માટે દંડ.... ... ૧૩

૮. બેઠક સમક્ષ રજૂ થયેલી બાબતમાં હિતસંબંધ હોવાના કારણસર અસમર્થતા. ... ... ૧૩

૯. દુર્વર્તન બદલ સ્કૂલ બોર્ડના સભ્યોને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત. ... ... ૧૩

૯-ક. સભ્ય તરીકે તેણે રાજીનામું આપ્યા પછી દુર્વર્તન બદલ કોઈ વ્યક્તિની ગેરલાયકાત. ... ૧૪

૧૦ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી. ... ... ... ... ૧૪

૧૦-ક.જિલ્લા લોકલબોર્ડ ન હોય ત્યાં જિલ્લા સ્કૂલ બોર્ડને બદલે સત્તાધિકારી નીમવા બાબત. ... ૧૫

કલમો.

## પ્રકરણ ૩ જું

## જિલ્લા સ્કૂલ બોર્ડો, અધિકૃત નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડોની સત્તા, ફરજો અને કાર્યો.

### ક. જિલ્લા સ્કૂલ બોર્ડો


૧૧. જિલ્લા સ્કૂલ બોર્ડનું સંસ્થાપન. ... ... ... ... ૧૬

૧૨. જિલ્લા સ્કૂલ બોર્ડને મિલકત પ્રાપ્ત થવા બાબત અને તેણે સ્ટાફને લઈ લેવા બાબત. ... ૧૬

૧૩. જિલ્લા સ્કૂલ બોર્ડોની સત્તા, ફરજો અને કાર્યો.... ... ... ... ૧૮

૧૪. સત્તા અને ફરજો છોડી દેવા બાબત. ... ... ... ... ૧૯

૧૫. તાલુકા સલાહકાર સમિતિની રચના. ... ... ... ... ૧૯


### ખ. અધિકૃત નગરપાલિકાઓ.


૧૬. અધિકૃત નગરપાલિકાઓએ સ્થાનિક સત્તામંડળ હોય એવી નગરપાલિકાઓની સત્તા વગેરે વાપરવી અને તેમની મિલકત ધારણ કરવી. ... ... ... ૨૦

૧૭. અધિકૃત નગરપાલિકાઓનાં ફરજો અને કાર્યો. ... ... ... ૨૦


### ગ. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડો


૧૮. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડોની સત્તા, ફરજો અને કાર્યો. ... ... ... ૨૧


### ઘ. વિલિન વિસ્તાર.


૧૮-ક.વિલીન વિસ્તારમાં મિલકત પ્રાપ્ત થવા બાબત અને તેના સ્ટાફને લઈ લેવા બાબત. ... ૨૨


## પ્રકરણ ૪થું

### અનધિકૃત નગરપાલિકાઓ.


૧૯. અનધિકૃત નગરપાલિકાઓ સંબંધમાં સત્તા, વગેરે વાપરવા બાબત અને મિલકત ધારણ કરવા બાબત. ૨૩


## પ્રકરણ ૫ મું

### વહીવટી તંત્ર


૨૦. જિલ્લા સ્કૂલ બોર્ડ, અધિકૃત નગરપાલિકાએ પૂરતો સ્ટાફ નિભાવવો તથા પગાર, વગેરે આપવા બાબત. ૨૪

૨૧. વહીવટી અધિકારી. ... ... ... ... ૨૪

કલમો.


૨૨. વહીવટી અધિકારીને નીમવાની સત્તા અમુક અધિકૃત નગરપાલિકાઓને સોંપવા બાબત. ... ૨૫

૨૩. સ્ટાફ પસંદગી સમિતિ. ... ... ... ... ૨૫

૨૪. સ્કૂલ બોર્ડના સ્ટાફ ઉપર વહીવટી અધિકારીઓની સત્તા. ... ... ... ૨૬


## પ્રકરણ ૬ ઠું

## ફરજિયાત શિક્ષણની યોજનાઓ તૈયાર કરી તેનો અમલ કરવા બાબત.


૨૫. યોજના તૈયાર કરવા બાબત. ... ... ... ... ૨૭

૨૬. અધિકૃત નગરપાલિકાએ યોજના તૈયાર કરવા બાબત. ... ... ... ૨૭

૨૭. યોજનામાં સમાવિષ્ટ કરવાની વિગતો. ... ... ... ... ૨૮

૨૮. યોજનાને રાજ્ય સરકારની મંજૂરી. ... ... ... ... ૨૮

૨૯. મંજૂર કરેલી યોજનાઓમાં ફેરફાર, વગેરે કરવા બાબત. ... ... ... ૨૮

૩૦. અમુક વર્ગોનાં બાળકોને મુક્ત રાખવાની સત્તા. ... ... ... ૨૮

૩૧. ફરજિયાત શિક્ષણ વિસ્તારમાં કાંઈપણ ફી નહિ લેવા બાબત.... ... ... ૨૯

૩૨. બાળકને શાળાઓમાં મોકલવાની પિતા અથવા માતાની ફરજ. ... ... ૨૯

૩૩. વાજબી કારણનો અર્થ.... ... ... ... ... ૨૯

૩૪. શાળામાં મોકલવા માટે હુકમ કાઢવા બાબત. ... ... ... ૨૯

૩૫. બાળકને માન્ય શાળામાં નહિ મોકલવા બદલ શિક્ષા. ... ... ... ૩૦

૩૬. જેને યોજના લાગુ પડતી હોય તેવા બાળકને નોકરીએ રાખવા બદલ શિક્ષા. ... ૩૦

૩૬-ક. કલમો ૩૫ અને ૩૬ મુજબના ગુનાઓનો ઇન્સાફ કરવાની સત્તા ધરાવતી કોર્ટો. ... ૩૦

૩૬-ખ. પ્રાથમિક શાળા પંચાયતની રચના; તેની સત્તા અને કાર્યરીતિ.... ... ... ૩૦

૩૬-ગ. માન્ય શાળાના મુખ્ય શિક્ષકનું પ્રમાણ પત્ર કલમ-૩૨નું પાલન કરવાને પિતા અથવા માતાએ ચૂક કરૂ છે તેવા બાબતનો નિર્ણાયક પુરાવો ગણાશે. ... ૩૧

૩૬-ઘ. ચાલુ કાર્યવાહીનો બચાવ.... ... ... ... ... ૩૧

૩૭. વહીવટી અધિકારી રાજ્યસેવક ગણાશે. ... ... ... ... ૩૧


## પ્રકરણ ૭મું.

## માન્ય શાળાઓ


૩૮. માન્ય શાળાઓના વિષય, અભ્યાસક્રમ, વગેરે. ... ... ... ૩૨

૩૯. [કમી કરી છે.] ... ... ... ... ...

૪૦ માન્ય શાળાઓની તપાસણી; પત્રકો. ... ... ... ... ૩૨

કલમો.

### પ્રકરણ ૭-ક.

### ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતા આપવા બાબત.


૪૦-ક. ખાનગી પ્રાથમિક શાળાઓએ માન્યતા સિવાય પ્રાથમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધ. ... ૩૨


### પ્રકરણ ૭-ખ.

### માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને શિક્ષા કરવા માટેની કાર્યરિતી.


૪૦-ખ. શિક્ષકોને બરતરફ કરવા, દૂર કરવા અથવા પાયરી ઉતારવા બાબત. ... ... ૩૪

૪૦-ગ. શિક્ષકના રાજીનામા બાબત. ... ... ... ... ૩૫

૪૦-ઘ. અમુક કરારો, વગેરે રદબાતલ ગણાશે. ... ... ... ... ૩૫

૪૦-ચ. ટ્રિબ્યુનલે તકરારનો નિર્ણય કરવા બાબત. ... ... ... ૩૬

૪૦-છ. ટ્રિબ્યુનલ. ... ... ... ... ... ૩૬

૪૦-જ. કોર્ટની હકૂમતને બાધ.... ... ... ... ... ૩૭

૪૦-ઝ. અપવાદ. ... ... ... ... ... ૩૭


### પ્રકરણ ૮મું.

### રાજ્ય સરકાર અને સ્થાનિક મંડળો વચ્ચેના નાણાંકીય સંબંધો.


૪૧. જિલ્લા લોકલ બોર્ડ અને અનધિકૃત નગરપાલિકાએ નાણાં આપવા બાબત. ... ... ૩૮

૪૨. રાજ્ય સરકારે ફાળો આપવા બાબત. ... ... ... ... ૩૮

૪૩. જિલ્લા સ્કૂલ બોર્ડનું અંદાજપત્ર. ... ... ... ... ૩૯

૪૪. પ્રાથમિક શિક્ષણ ફંડ. ... ... ... ... ... ૩૯

૪૫. પ્રાથમિક શિક્ષણ ફંડનો ઉપયોગ. ... ... ... ... ૪૦

૪૬. પ્રાથમિક શિક્ષણ ફંડ અનામત મૂકવા બાબત. ... ... ... ૪૦

૪૬-ક. પ્રોવિડન્ટ ફંડ. ... ... ... ... ... ૪૦

૪૭. સ્કૂલ બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.... ... ૪૧

૪૭-ક. ઓડિટ. ... ... ... ... ... ૪૧

કલમો.

## પ્રકરણ ૯મું.

### નિયંત્રણ


૪૮. તપાસણી સ્ટાફ. ... ... ... ... ... ૪૧

૪૯. તપાસણી અધિકારીઓએ સ્કૂલ બોર્ડની બેઠકોમાં હાજર રહેવા બાબત દેખરેખ રાખવાની સત્તા. ૪૨

૫૦. પત્રક મંગાવવાની અથવા ખુલાસો માગવા, વગેરેની સત્તા. ... ... ૪૨

૫૧. સ્કૂલ બોર્ડના હુકમો વગેરેનો અમલ મોકૂફ રાખવાની સત્તા. ... ... ૪૨

૫૨. અધિકૃત નગરપાલિકા કસૂર કરે તે બાબત. ... ... ... ૪૩

૫૩. સ્કૂલ બોર્ડ કસૂર કરે, ત્યારે ફરજો બજાવવા માટે પ્રબંધ કરવાની રાજ્ય સરકારની સત્તા. ... ૪૩

૫૪. રાજ્ય સરકારે આદેશો આપવા બાબત. ... ... ... ... ૪૪

૫૫. સ્કૂલ બોર્ડના કામકાજની તપાસ. ... ... ... ... ૪૪

૫૬. અમુક સંજોગોમાં સ્કૂલ બોર્ડનું વિસર્જન કરવા બાબત અથવા તેને પદચ્યુત કરવા બાબત. ... ૪૪

૫૭. જિલ્લાની હદમાં ફેરફાર કરવામાં આવે એટલે જિલ્લા સ્કૂલ બોર્ડનું વિસર્જન કરવા તથા તેની પુનર્રચના કરવા બાબત. ... ૪૫


## પ્રકરણ ૧૦મું

### પ્રાથમિક શિક્ષણ બોર્ડ


૫૮. પ્રાથમિક શિક્ષણ બોર્ડની રચના. ... ... ... ... ૪૬

૫૯. બોર્ડની સત્તા અને ફરજો.... ... ... ... ... ૪૭

૫૯-ક. મુંબઈ રાજ્યની પુનર્રચના અંગેની સંક્રમણકાલિન અને વિશિષ્ટ જોગવાઈ. ... ... ૪૮


## પ્રકરણ ૧૧મું.

### પ્રકીર્ણ


૬૦. સત્તા અને ફરજો સોંપવા બાબત. ... ... ... ... ૪૮

૬૧. અધિકૃત નગરપાલિકાઓએ તથા સ્કૂલ બોર્ડોએ પોતાની સત્તા ફરજો અને કાર્યો બીજાને સોંપવા બાબત. ... ... ... ... ... ૪૯

કલમો.


૬૨. દાવાની મુદત. ... ... ... ... ... ૪૯

૬૩. નિયમો કરવાની સત્તા.... ... ... ... ... ૪૯

૬૪. રદ કરવા બાબત અને સ્કૂલ બોર્ડને લગતી સંક્રમણકાલિન જોગવાઈઓ. ... ... ૫૧

૬૫. અમુક બીજા અધિનિયમની જોગવાઈઓ પર આ અધિનિયમનું પ્રવર્તન રહેશે. ... ...
૫૧

૬૬. [ રદ કરી ]. ... ... ... ... ... ૫૧

૬૭. સભ્યોની પુનર્રચનાને કારણે બનાસકાંઠા જિલ્લા સ્કૂલબોર્ડ સંબંધી સંક્રમણકાલિન અને
વિશિષ્ટ જોગવાઈઓ. ... ... ... ... ... ૫૧

૬૮. કેટલાક જિલ્લા સ્કૂલ બોર્ડના સંબંધમાં કાયદેસર ઠરાવવા બાબતની જોગવાઈઓ. ... ૫૩

૬૯. સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો અધિનિયમ રદ કરવા બાબત અને અપવાદ.... ... ૫૪

૭૦. જિલ્લા સ્કૂલ બોર્ડના ઉલ્લેખો તાલુકા પંચાયતના અને જિલ્લા પંચાયતના ઉલ્લેખો હોય એમ સમજવું. ૫૪

૭૧. કચ્છ જિલ્લાને લાગેવળગે છે તેટલા પૂરતા જિલ્લા સ્કૂલ બોર્ડના ઉલ્લેખોનો અર્થ કરવા બાબત.... ૫૪

અનુસૂચિ. ... ... ... ... ... ... ૫૫

## સન ૧૯૪૭ને મુંબઈ અધિનિયમ નંબર ૬૧[1].

## મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭.

[૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮]

સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ ૮ થી સુધારેલો.
સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ ૪૬ થી સુધારેલો.
સન ૧૯૫૦ના મુંબઈ અધિનિયમ ૮ થી સુધારેલો.
સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી સુધારેલો.
સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૯ થી સુધારેલો.
સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૩૯ થી સુધારેલો.
સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૬ થી સુધારેલો.
સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ થી સુધારેલો.
સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ થી સુધારેલો.
સન ૧૯૫૪ના મુંબઈ અધિનિયમ ૨૬ થી સુધારેલો.
સન ૧૯૫૪ના મુંબઈ અધિનિયમ ૬૭ થી સુધારેલો.
સન ૧૯૫૫ના મુંબઈ અધિનિયમ ૨ થી સુધારેલો.
સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૨ થી સુધારેલો.
સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૨૪ થી સુધારેલો.
સન ૧૯૫૬ના મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ, હુકમથી સુધારેલો.
સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૫૦ થી સુધારેલો.
સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી સુધારેલો.
સન ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૨૦ થી સુધારેલો.
સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ થી સુધારેલો.
સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૪૨ થી સુધારેલો.
સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૫૫ થી સુધારેલો.
શિ. અને મ. વિભાગના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૬૩ના સરકારી ઠરાવ નંબર આઈએનટી-૩૦૬૨, એ. આઈ. થી સુધારેલો.
સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમથી સુધારેલો.
સન ૧૯૬૬ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમથી સુધારેલો.
સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૪ થી સુધારેલો.

---

૧. હેતુઓ અને કારણો માટે જુઓ સન ૧૯૪૭ના મુંબઈ રાજપત્રના ભાગ ૫નું પાનું ૩૨૮; વિધાનસભામાં થયેલી કાર્યવાહી માટે જુઓ સન ૧૯૪૭ની મુંબઈ વિધાનસભાની ચર્ચાનો ગ્રંથ ૧૧મો; અને વિધાન પરિષદમાં થયેલી કાર્યવાહી માટે જુઓ સન ૧૯૪૭ની મુંબઈ વિધાનસભા પરિષદની ચર્ચાનો ગ્રંથ ૧૩મો.

**મુંબઈ [1][રાજ્યમાં] ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટે જોગવાઈ કરવા અને પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા અને નિયંત્રણ માટે વધુ સારી જોગવાઈ કરવા બાબત અધિનિયમ.**

પ્રાથમિક શિક્ષણના વિકાસ અને વિસ્તરણ કરવાની સરકારની ફરજ છે; અને ઉત્તરોત્તર વિસ્તાર પામે એવા નિશ્ચિત કાર્યક્રમથી સાર્વત્રિક, મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણના ધ્યેયને પહોંચવાની સરકારની જાહેર નીતિ છે; મુંબઈ [1][રાજ્યમાં] પ્રાથમિક શિક્ષણના વિકાસ, વિસ્તરણ, વ્યવસ્થા અને નિયંત્રણ માટે વધુ સારી જોગવાઈ કરવાનું ઇષ્ટ છે; તેથી નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

## પ્રકરણ ૧લું

## પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ. ૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭' કહેવાશે.

[2][૨(૨) તે આખા ગુજરાત રાજ્યને લાગુ પડે છે.]

(૩) [1][રાજ્ય]સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નક્કી કરે, તે તારીખથી તે અમલમાં આવશે.

[3][પરંતુ જે વિસ્તારોને આ અધિનિયમ, મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૩થી લાગુ પાડવામાં આવતો હોય તેમાં, આ અધિનિયમ અને તે મુજબ કરેલા નિયમો, મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૩ જે તારીખથી અમલમાં આવે છે તે તારીખથી અમલમાં આવશે.] સન ૧૯૬૩નો ગુજરાતનો ૧૩મો.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, વિષય અથવા સંદર્ભથી વિરુદ્ધ ન હોય, તો,-

(૧) "વહીવટી અધિકારી" એટલે, કલમ ૨૧ અથવા ૨૨ હેઠળ નિમાયેલો અધિકારી;

(૨) "માન્યશાળા" એટલે, [1][રાજ્ય] સરકાર તરફથી અથવા સ્કૂલ બોર્ડ તરફથી અથવા અધિકૃત નગરપાલિકા તરફથી નિભાવવામાં આવતી [4][પ્રાથમિક શાળા અને તેમાં કલમ ૪૦-ક હેઠળ માન્ય કરેલ ખાનગી પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે;];

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી અસલ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૨(૧) થી અસલ પેટા-કલમ (૨)ને બદલે પેટા-કલમ (૨) દાખલ કરી છે.

૩. એજનની કલમ ૨(૨)થી આ પરંતુક દાખલ કર્યો છે.

૪. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૭ની કલમ-૨(૧)થી "અથવા તે સમયે સ્કૂલ બોર્ડ" એ શબ્દોથી શરૂ થતાં અને "માન્ય કરેલ પ્રાથમિક શાળા" એ શબ્દોથી પૂરા થતાં ભાગને બદલે આ મજકુર મૂક્યો છે.

(૩) "ફરજિયાત શિક્ષણ વિસ્તાર" એટલે, જે વિસ્તારમાં કોઈપણ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોય તે વિસ્તાર;

(૪) "અધિકૃત નગરપાલિકા વિસ્તાર" એટલે તેવી નગરપાલિકાની હદમાં આવી જતો વિસ્તાર અને તેમાં જે અનધિકૃત નગરપાલિકાના વિસ્તારમાંની માન્ય શાળાઓ અધિકૃત નગરપાલિકામાં નિહિત થયેલી હોય અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તે વિસ્તારનો સમાવેશ થાય છે;

(૫) "માન્ય શાળામાં જવું" એટલે, સ્કૂલ બોર્ડે ઘડેલા વિનિયમો મુજબ નક્કી કરવામાં આવે તે શાળામાં, તે દિવસોએ અને દરેક દિવસે નક્કી કરવામાં આવે તે સમયે તેટલા સમય માટે શિક્ષણ લેવા હાજર રહેવું;

(૬) "અધિકૃત નગરપાલિકા" એટલે, કલમ-૧૬ની પેટા-કલમ (૧) મુજબ તેના વિસ્તારમાંની તમામ માન્ય શાળાઓનું નિયંત્રણ કરવાને [1][રાજ્ય] સરકારે અધિકૃત કરેલી નગરપાલિકા;

(૭) "બાળક" એટલે, શાળાના વર્ષની શરૂઆત વખતે જેની ઉંમર છ વર્ષથી ઓછી ન હોય અને ચૌદ વર્ષથી વધારે ન હોય તે છોકરો અથવા છોકરી;

**સ્પષ્ટીકરણ :-** આ વ્યાખ્યાના હેતુઓ માટે "શાળાનું વર્ષ"નો અર્થ નિયામકની મંજૂરીથી સ્કૂલ બોર્ડ નક્કી કરે તે તારીખથી શરૂ થતું વર્ષ એવો થશે;

(૮) "નિયામક" એટલે, [2] * * * [3][ શિક્ષણ નિયામક ],

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો. (૯) કલમ-૫ના ખંડ (ગ)માં, કલમ-૬માં કલમ-૧૦ ની પેટા-કલમ (૩)માં [4][ કલમ-૧૯ અને કલમ-૬૮માં "જિલ્લો" એટલે, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ [5][અથવા પ્રસંગ ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડવા પ્રમાણેનો તે અધિનિયમ] મુજબ રચ્યા પ્રમાણેનો જિલ્લો, અને બીજે સ્થળે તેવી રીતે રચેલા જિલ્લામાં આવી જતો અધિકૃત નગરપાલિકાઓ અને કેન્ટોનમેન્ટના વિસ્તારો સિવાયનો વિસ્તાર;

(૧૦) "જિલ્લા સ્કૂલ બોર્ડ" એટલે, કોઈ જિલ્લા માટે કલમ-૩ હેઠળ રચેલું સ્કૂલ બોર્ડ;

[6][(૧૦-ક) "જિલ્લાનો શિક્ષણ નિરીક્ષક" એટલે જિલ્લા અથવા અમુક જિલ્લાઓ માટે નિમાયેલો શિક્ષણ નિરીક્ષક];

---

૧. સન ૧૯૫૭ના કાયદા સુસંગતીકરણ હુકમથી અસલ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૯ના મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી "મુંબઈ રાજ્ય માટેના" એ શબ્દો કાઢી નાખ્યા છે.

૩. સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૩૯ની કલમ ૩ની બીજી અનુસૂચિથી "ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૩(૨) થી "અને કલમ ૧૯માં" એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો અને આંકડા દાખલ કર્યા છે.

૫. એજનની કલમ-૩ (૧)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૬. સન ૧૯૫૫ ના મુંબઈ અધિનિયમ ૨ની કલમ-૩ની બીજી અનુસૂચિથી આ ખંડ દાખલ કર્યો છે.

(૧૧) "મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ એટલે", અધિકૃત નગરપાલિકા વિસ્તાર માટે કલમ-૩ મુજબ રચેલું સ્કૂલ બોર્ડ;

(૧૨) "અનધિકૃત નગરપાલિકા" એટલે, અધિકૃત નગરપાલિકા સિવાયની બીજી નગરપાલિકા;

(૧૩) "પિતા અથવા માતા"માં વાલીનો અથવા બાળક જેના હવાલામાં હોય તેવી કોઈ વ્યક્તિનો સમાવેશ થાય છે;

(૧૪) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ મુજબ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૧૫) "પ્રાથમિક શિક્ષણ" એટલે [૧][રાજ્ય] સરકાર વખતોવખત નક્કી કરે તેવા વિષયોનું અને તેટલા ધોરણો સુધીનું શિક્ષણ;

(૧૬) "પ્રાથમિક શિક્ષણ ફંડ" એટલે કલમ-૪૪ હેઠળ રાખેલું ફંડ;

(૧૭) "પ્રાથમિક શાળા" એટલે કોઈપણ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ જેમાં આપવામાં આવતું હોય તેવી શાળા અથવા શાળાનો ભાગ;

(૧૮) [૨]["પ્રાથમિક શિક્ષણ બોર્ડ"] એટલે, કલમ-૫૮ મુજબ રચાયેલું બોર્ડ;

[૩][૧૮-ક) "ખાનગી પ્રાથમિક શાળા" એટલે રાજ્ય સરકાર તરફથી અથવા સ્કૂલ બોર્ડ તરફથી અથવા અધિકૃત નગરપાલિકા તરફથી નિભાવવામાં આવતી ન હોય તેવી ખાનગી પ્રાથમિક શાળા].

(૧૯) "સ્કૂલ બોર્ડ" એટલે યથાપ્રસંગ જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ;

## પ્રકરણ ૨ જું

## જિલ્લા અને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડોની રચના

સ્કૂલ બોર્ડો. ૩. (૧) દરેક જિલ્લા માટે એક જિલ્લા સ્કૂલ બોર્ડ રહેશે.

(૨) અધિકૃત નગરપાલિકાના દરેક વિસ્તાર માટે એક મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ રહેશે.

સ્કૂલ બોર્ડોની રચના. ૪. (૧) દરેક સ્કૂલ બોર્ડ બારથી ઓછા નહિ સોળથી વધારે નહિ એટલા સભ્યોનું બનશે.

(૨) આ સભ્યોમાંથી બેથી ઓછા નહિ અને ત્રણથી વધારે નહિ એટલા સભ્યોની [૧][રાજ્ય] સરકાર નિમણૂક કરશે.

(૩) પેટા-કલમો (૧) અને (૨) મુજબના સભ્યોની સંખ્યા [૧][રાજ્ય] સરકાર વખતોવખત નક્કી કરશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૨ના મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી "રાજ્ય પ્રાથમિક શિક્ષણ બોર્ડ" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમની ૨૪મી કલમ-૨(૨) થી ખંડ (૧૮-ક) દાખલ કર્યો છે.

(૪) પેટા-કલમ (૨) મુજબ [1][રાજ્ય]સરકારે નીમેલા સભ્યોમાંથી એક, [1][રાજ્ય] સરકારનો અધિકારી હોવો જોઈએ; અને બાકીના સભ્યો (૧) મેટ્રિક્યુલેશન પરીક્ષા પસાર કરી હોય તેવી અથવા [1][રાજ્ય] સરકાર આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી બીજી કોઈપણ સમકક્ષ અથવા વધારે ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય તેવી અથવા (૨) પ્રાથમિક શિક્ષણની પદ્ધતિ અથવા સંસ્થાઓનો અનુભવ મેળવ્યો હોય તેવી વ્યક્તિઓ હોવી જોઈએ.

(૫) (ક) [1][રાજ્ય] સરકારે, નીમેલા સભ્યો સિવાયના બીજા સભ્યો યથાપ્રસંગ જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ ચૂંટવા :

પરંતુ કોઈપણ અનધિકૃત નગરપાલિકાઓના વિસ્તારમાંની માન્ય શાળાઓનું નિયંત્રણ જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા કરતી હોય ત્યારે [1][રાજ્ય] સરકાર વખતો વખત નક્કી કરે તે પ્રમાણે તે સભ્યો પૈકી બે કરતાં વધારે નહિ એટલા સભ્યો સદરહુ અનધિકૃત નગરપાલિકાઓએ અથવા યથાપ્રસંગ જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ ઠરાવેલી રીતે ચૂંટવા.

(ખ) આ પેટા-કલમ મુજબ ચૂંટેલા સભ્યો ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળના સભ્યો હોવા જ જોઈએ એ આવશ્યક નથી.

[2][(ગ) આ પેટા-કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં જે જિલ્લા લોકલ બોર્ડના અથવા અધિકૃત નગરપાલિકાઓના સભ્યોના હોદ્દાની મુદત સન ૧૯૪૯ના જુલાઈ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં પૂરી થતી હોય તે જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાના દાખલામાં, યથાપ્રસંગ એવા જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ નવું જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા રચવામાં આવે નહિ, ત્યાં સુધી, સ્કૂલ બોર્ડના સભ્યોની ચૂંટણી કરવી નહિ.]

[3][(૬) જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ ચૂંટેલા સભ્યોમાંથી ઠરાવવામાં આવે તે પ્રમાણે બે કરતાં વધારે નહિ એટલા સભ્યો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના હોવા જોઈએ].

(૭) પેટા-કલમ (૫) હેઠળ ચૂંટેલા સભ્યોએ પ્રાથમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પસાર કરેલી હોવી જોઈએ અથવા ઠરાવવામાં આવે તેવી બીજી સમાન અથવા વધારે ઊંચી શૈક્ષણિક લાયકાત તેઓ ધરાવતા હોવા જોઈએ.

પરંતુ [4][અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની] વ્યક્તિઓ, જો તેમણે ઓછામાં ઓછી પ્રાથમિક ચોથા ધોરણની પરીક્ષા પસાર કરી હશે તો સભ્યો તરીકે ચૂંટવાને પાત્ર ગણાશે;

---

૧. સન ૧૯૭૦ના અનુકૂલન સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ-૮ની કલમ-૨(૧)થી આ ખંડ દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ-૨૫ની કલમ-૨(૧)થી અસલ પેટા-કલમને બદલે આ પેટા-કલમ દાખલ કરી છે.

સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ-૨૫ની કલમ-૨થી કરેલા સુધારા સદરહુ અધિનિયમની શરૂઆતની તારીખે અસ્તિત્વમાં હોય તેવા કોઈપણ સ્કૂલ બોર્ડને લાગુ પડશે નહિ. પરંતુ ત્યારપછી રચેલા કોઈપણ નવા સ્કૂલ બોર્ડને લાગુ પડશે (સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ ૧૦ પ્રમાણે.)

૪. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ-૨૫ની કલમ-૨(૨)થી "પછાત જાતોમાંના" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે. આ નોંધ ૩નો પરિચ્છેદ-૨ પણ જુઓ.

વધુમાં, જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ ચૂંટવાના સભ્યોની બેઠકો પૈકી ત્રણ કરતાં ઓછી નહિ એટલી બેઠકો, [1][ જે વ્યક્તિઓને મેટ્રિક્યુલેશનની અથવા દ્વિતીય વર્ષ શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા પસાર કરી હોય અથવા જે વ્યક્તિઓ [2][રાજ્ય] સરકાર આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી બીજી કોઈપણ સમકક્ષ અથવા વધારે ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય] તેવી વ્યક્તિઓ માટે ઠરાવેલી રીતે અનામત રાખવામાં આવશે;

[3][**સ્પષ્ટીકરણ** :- પેટા-કલમો (૬) અને (૭) ના હેતુઓ માટે ''અનુસૂચિત જાતિઓ'' અને ''અનુસૂચિત આદિજાતિઓ'' એટલે યથાપ્રસંગ સંવિધાનની કલમ-૩૪૧ અથવા ૩૪૨ મુજબ [4][ગુજરાત રાજ્યના]સંબંધમાં જેને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણવામાં આવી હોય તે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ.]

(૮) [2][રાજ્ય] સરકારને એવી ખાતરી થાય કે કોઈપણ ચૂંટણી (પેટા-ચૂંટણી સહિત) કોઈપણ કારણને લઈને બિલકુલ થઈ શકે એમ નથી અથવા [2][રાજ્ય] સરકાર વાજબી ગણે તેવી મુદતની અંદર પૂરી થઈ શકે એમ નથી અથવા હોદ્દો સ્વીકારવાને ખુશી હોય તેવી લાયકાત ધરાવતી વ્યક્તિઓ જોઈતી સંખ્યામાં ચૂંટણીના પરિણામે ચૂંટાઈ આવી નથી તો [2][રાજ્ય] સરકારે, ચૂંટાવા માટે લાયક હોય તેવી વ્યક્તિઓમાંથી જોઈતી સંખ્યાની વ્યક્તિઓને સ્કૂલ બોર્ડના સભ્યો તરીકે નીમવી અને એવી રીતે નીમેલી વ્યક્તિઓ પેટા-કલમ (૫) મુજબ રીતસર ચૂંટવામાં આવી છે એમ ગણાશે.

[5][પરંતુ આવી વ્યક્તિઓની સ્કૂલબોર્ડના સભ્યો તરીકે નિમણૂંક થયા પછી કોઈપણ વખતે રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે નવી ચૂંટણી (પેટા-ચૂંટણી સહિત) રીતસર થઈ શકે એમ છે, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને એવો આદેશ કરી શકશે કે એવી રીતે નીમેલા સભ્યો તેમની નિમણૂંક કરવામાં આવી હોય તે હોદ્દાની મુદત પૂરી થઈ નથી એ હકીકત હોવા છતાં, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી હોદ્દો ધરાવતા બંધ થશે.]

(૯) આ અધિનિયમમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, સ્કૂલબોર્ડના સભ્યોના હોદ્દાની મુદત, ચૂંટણી કરનાર જિલ્લા લોકલ બોર્ડની અથવા અધિકૃત નગરપાલિકાની મુદત પૂરી થયેથી પૂરી થશે;

પરંતુ યથાપ્રસંગ, જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાનું વિસર્જન કરવામાં આવે અથવા તેને પદચ્યુત કરવામાં આવે તે હકીકતના જ કારણે એવા સભ્યોના હોદ્દાની મુદત પૂરી થઈ છે એમ ગણાશે નહિ.

---

૧. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ-૪૯ની કલમ-૨(૧) થી ''જે વ્યક્તિઓએ મેટ્રિકની પરીક્ષા અથવા સેકન્ડ ઇયર ટ્રેનિંગ સર્ટિફિકેટની પરીક્ષા પસાર કરી હોય'' એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૨. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી ''પ્રાંતિક'' એ શબ્દોને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ-૨૫ની કલમ-૨(૩) થી અસલને બદલે આ સ્પષ્ટીકરણ દાખલ કર્યું છે. પાદ નોંધ ૩ નો પરિચ્છેદ ૨ પણ જુઓ.

૪. સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી ''પહેલાંના મહેસૂલી વિભાગના પુનર્રચના પહેલાંના મુંબઈ રાજ્યના'' એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૫. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ-૨૯ની કલમ-૨(૧) થી આ પરંતુક ઉમેર્યો છે.

(૧૦) (ક) જો સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત ચૂંટણી કરનાર જિલ્લા લોકલ બોર્ડની અથવા અધિકૃત નગરપાલિકાની પદચ્યુતિની મુદત દરમિયાન પૂરી થાય તો, યથાપ્રસંગ જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા ફરીથી સ્થાપવામાં ન આવે ત્યાં સુધી, પેટા-કલમ (૧) થી (૭) માં ઠરાવ્યા પ્રમાણે નવું સ્કૂલ બોર્ડ રચવામાં આવશે, પરંતુ આ સ્કૂલ બોર્ડના સભ્યોને [1][રાજ્ય] સરકાર નીમશે;

(ખ) એ રીતે નીમેલા સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત [1][રાજ્ય] સરકાર નક્કી કરે, તેવી ત્રણ વર્ષથી વધારે ન હોય તેટલી મુદતની રહેશે.

પરંતુ આવી મુદત દરમિયાન, યથાપ્રસંગ, જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા ફરીથી સ્થાપવામાં આવે, તો સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત, નવું સ્કૂલ બોર્ડ રચવામાં આવે તે તારીખે પૂરી થશે.

(૧૧) પેટા-કલમ [2][(૮),(૯) અથવા (૧૦)] મુજબ કોઈ સ્કૂલ બોર્ડના [3][સભ્યોના હોદ્દાની મુદત પૂરી થઈ હોય] તે છતાં, [3][યથાપ્રસંગ નવા સ્કૂલ બોર્ડના સભ્યો ચૂંટવામાં આવે, નિયુક્ત કરવામાં આવે અથવા નીમવામાં આવે ત્યાં સુધી તેઓ હોદ્દા ઉપર ચાલુ રહેશે.]

(૧૨) (ક) સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ સિવાયના કોઈ સભ્ય, અધ્યક્ષને તે મતલબની લેખિત નોટિસ આપીને, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે અને એવું રાજીનામું અધ્યક્ષને જે તારીખે મળે તે તારીખથી તે અમલમાં આવશે.

(ખ) ઉપાધ્યક્ષ, અધ્યક્ષને તે મતલબની લેખિત નોટિસ આપીને, ઉપાધ્યક્ષ અથવા સભ્ય તરીકેના પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે, અધ્યક્ષ યથાપ્રસંગ, જિલ્લા લોકલ બોર્ડના અથવા અધિકૃત નગરપાલિકાના પ્રમુખને તે વિષેની લેખિત નોટિસ આપીને અધ્યક્ષ અથવા સભ્ય તરીકેના પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે. આવું રાજીનામું અધ્યક્ષ અથવા પ્રમુખ સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

(૧૩) સ્કૂલ બોર્ડની મુદત દરમિયાન, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષની જગાઓ સહિતની, પ્રસંગોપાત, ખાલી પડતી જગાઓ, બાકી રહેલી મુદત માટે, યથાપ્રસંગ, ચૂંટણી કરીને, નિયુક્તિ કરીને અથવા નિમણૂક કરીને પૂરવામાં આવશે :

[4][પરંતુ સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત જે તારીખે પૂરી થતી હોય તે તારીખથી ચાર મહિનાની અંદર સભ્યની ખાલી પડેલી જગા પૂરવા માટે કોઈપણ ચૂંટણી કરવી નહિ.]

[5][(૧૪) કોઈ જગા ખાલી પડે તે દરમિયાન, તે જગા ખાલી પડી ન હોય તેમ, ચાલુ રહેલા સભ્યો કામ કરી શકશે.]

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દોને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૪ના મુંબઈ અધિનિયમ-૨૬ની કલમ-૨ (૨) (૨) થી "(૯)" એ આંકડાને બદલે આ આંકડા દાખલ કર્યા છે.

૩. એજનની કલમ-૨ (૨) (૧) થી અસલ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યાં છે.

૪. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ-૮ ની કલમ-૨ (૨) થી આ પરંતુક ઉમેર્યો છે.

૫. એજનની કલમ-૨(૩) થી આ પેટા-કલમ ઉમેરી છે.

[૧][(૧૫) જ્યારે કોઈ જિલ્લાની હદમાં, તે જિલ્લાના ચૂંટણી કરનાર જિલ્લા લોકલબોર્ડની મુદત દરમિયાન, કોઈ વિસ્તાર ઉમેરવામાં આવે ત્યારે આગળની પેટા-કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, [૨][રાજ્ય] સરકાર એવો આદેશ કરી શકશે કે, તે જિલ્લા માટે રચવામાં આવેલું સ્કૂલ બોર્ડ પોતાને યોગ્ય લાગે તેટલા સોળ કરતાં વધારે, સભ્યોનું બનશે, અને [૨][રાજ્ય] સરકાર પોતાને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓને, જિલ્લાની હદમાં ઉમેરાયેલા વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવવા માટે સ્કૂલ બોર્ડના વધારાના સભ્યો તરીકે નિમણૂક કરી શકશે.]

સભ્યોની ગેરલાયકાતો.

૫. કોઈ વ્યક્તિ-

[૩][(ક)જે ભારતનો નાગરિક ન હોય અથવા જેણે કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા સ્વેચ્છાપૂર્વક પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજ્ય પ્રત્યેની રાજનિષ્ઠા અથવા અનુષક્તિનો જેનો સ્વીકાર ચાલુ હોય, અથવા]

[૪][(કક)] જે ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરની હોય, અથવા.

(ખ) જે દીવાની કોર્ટનો ન્યાયાધીશ અથવા [૫][પગારદાર મેજિસ્ટ્રેટ હોય], અથવા

(ગ) (૧) જેને કોઈ ફોજદારી કોર્ટે જે ગુનામાં નૈતિક અધઃપતનના અને જેને માટે છ મહિના કરતાં વધારે મુદતની કેદની શિક્ષા થઈ શકે એમ હોય તેવા ગુના બદલ દંડની કેદની અથવા ફટકા મારવાની અથવા દેશનિકાલની સજા કરી હોય અને આવી સજા પાછળથી ફેરવી નાખવામાં અથવા રદ કરવામાં આવી ન હોય, અથવા

(૨) જેની સામે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૧૧૦ મુજબ કરેલી કાર્યવાહીમાં સદરહું અધિનિયમની કલમ ૧૧૮ મુજબ, હુકમ કરવામાં આવ્યો હોય તેવી વ્યક્તિ હોય અને આવો હુકમ પાછળથી ફેરવી નાખવામાં અથવા રદ કરવામાં આવ્યો ન હોય, અથવા સન ૧૮૯૮નો ૫મો.

(૩) જેને આ અધિનિયમ મુજબ હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવી હોય અને એ રીતે દૂર કર્યાની તારીખથી પાંચ વર્ષ વીત્યાં ન હોય તેને, આવી સજાના, હુકમના અથવા આવી રીતે હોદ્દા ઉપરથી દૂર કરવાનાં કારણે ઉદ્‌ભવતી ગેરલાયકાતમાંથી રાજ્યપત્રમાં જાહેર કરેલા [૨][રાજ્ય] સરકારના હુકમથી મુક્ત કરવામાં આવી હોય તે સિવાય, અથવા

(૪) જે કોઈ સ્કૂલ બોર્ડ અથવા જિલ્લા લોકલ બોર્ડ અથવા નગરપાલિકાનો વૈતનિક અધિકારી અથવા નોકર હોય, અથવા

(૫) જેને નાદાર ઠરાવવામાં આવી હોય અને જેને નાદારીમાંથી છૂટકારો મેળવ્યો ન હોય, અથવા

---

૧. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૪૯ની કલમ-૨(૨)થી પેટા-કલમ (૧૫) દાખલ કરી છે.
૨. સન ૧૯૫૦ના કાયદા અનુકૂલન હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૩. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૪થી આ ખંડ (ક) દાખલ કર્યો છે.
૪. એજનથી અસલ ખંડ (ક)ને ખંડ (કક) તરીકે ફરી નંબર આપ્યો છે.
૫. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૪૯ની કલમ-૩થી "મેજિસ્ટ્રેટ" એ શબ્દને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

(છ) જે સ્કૂલ બોર્ડના અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળના હુકમથી કરેલા કોઈપણ કામમાં અથવા સ્કૂલ બોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળ વતી કરવામાં આવેલ કોઈ કરારમાં જાતે અથવા પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય, અથવા

(જ) જે કોઈ માન્ય શાળામાં નોકર અથવા શિક્ષક હોય, અથવા

(ઝ) જે સ્કૂલ બોર્ડની ચૂંટણી માટે મતો નોંધવા માટે નક્કી કરેલી તારીખ પહેલાં છ મહિનાથી ઓછી મુદત સુધી જિલ્લામાં રહી હોય, અથવા

(ટ) જેને યોગ્ય કોર્ટે અસ્થિર મગજની ઠરાવી હોય, તે વ્યક્તિને સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે ચૂંટી કાઢવી નહિ, નિયુક્ત કરવી નહિ અથવા નીમવી નહિ.

સ્પષ્ટીકરણ : જે કોઈ વ્યક્તિ નીચે પ્રમાણે હોય તેટલા કારણે ખંડ (છ) મુજબ ગેરલાયક ઠરે છે એમ સમજવું નહિ.

(ક) કોઈ સ્થાવર મિલકતના પટા, વેચાણ અથવા ખરીદીમાં અથવા તે બાબતની કોઈ કબૂલાતમાં, કોઈપણ ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય, ત્યારે સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે પોતાનો હોદ્દો સ્વીકારતા પહેલાં તેવો ભાગ અથવા હિતસંબંધ ધરાવવાની [1][રાજ્ય] સરકારની મંજૂરી તેણે મેળવી હોય, અથવા

સન ૧૯૨૫નો મુંબઈનો ૭મો. (ખ) કોઈ જોઈન્ટ સ્ટોક કંપની અથવા મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫ મુજબ નોંધાયેલી અથવા નોંધાયેલી ગણાતી કોઈ મંડળી, સ્કૂલબોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળ સાથે કરાર કરે અથવા તે કંપની અથવા મંડળીને સ્કૂલબોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળ કામે રાખે અથવા તેના વતી કામે રાખવામાં આવે તે કંપની અથવા મંડળીમાં કોઈ ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય, અથવા

(ગ) સ્કૂલ બોર્ડના અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળના કામકાજને લગતી કોઈપણ જાહેરખબર જેમાં આપવામાં આવે એવા કોઈ વર્તમાનપત્રમાં ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય, અથવા

(ઘ) સ્કૂલ બોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળે કાઢેલી અથવા તેના વતી કાઢવામાં આવેલી કોઈ લોનનું ડિબેન્ચર ધરાવતી હોય અથવા તેમાં બીજી રીતે હિતસંબંધ ધરાવતી હોય, અથવા

(ચ) જે કોઈ ચીજનો પોતે નિયમિતપણે વેપાર કરતી હોય તે ચીજનું પ્રસંગોપાત સ્કૂલ બોર્ડને અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તા મંડળને વેચાણ કરવામાં આવતું હોય અથવા કોઈ ચીજ સ્કૂલ બોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળ પાસેથી ખરીદવામાં આવતી હોય, એ બેમાંથી કોઈ બાબતમાં કોઈ સરકારી વર્ષમાં પાંચસો રૂપિયા કરતાં વધે નહિ તેટલી અથવા [1][રાજ્ય] સરકારની મંજૂરીથી બે હજાર રૂપિયા કરતાં વધે નહિ તેવી જે વધુ રકમ સ્કૂલ બોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળ આ અર્થે નક્કી કરે તેટલી રકમના વેચાણ ખરીદીમાં ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય, અથવા

---

૧. સન ૧૯૫૮ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(છ) કોઈ સરકારી વર્ષમાં પચાસ રૂપિયા કરતાં વધે નહિ તેટલી અથવા [1][રાજ્ય] સરકારની મંજૂરીથી બસો રૂપિયા કરતાં વધે નહિ તેવી જે વધુ રકમ સ્કૂલ બોર્ડ અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળ આ અર્થે નક્કી કરે તેટલી રકમ માટે બીજ સ્કૂલ બોર્ડને અથવા ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળને પ્રસંગોપાત ભાડે આપવામાં અથવા તેની પાસેથી ભાડે લેવામાં ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય, અથવા

(જ) પોલીસ પટેલ હોઈને, હોદ્દાની રૂએ ચૂંટણી કરનાર સ્થાનિક સત્તામંડળના નિયંત્રણ હેઠળના ગામના ઢોર પૂરવાના ડબ્બાનો ડબ્બાવાળો હોય.

ચૂંટણીના કાયદેસરપણાનો નિર્ણય-ન્યાયાધીશ દ્વારા તપાસ કાર્યરીતિ.

૬. (૧) સ્કૂલબોર્ડના કોઈ સભ્યની ચૂંટણીના કાયદેસરપણા બાબત ચૂંટણીમાં નિષ્ફળ ગયેલા ઉમેદવારે અથવા તે ચૂંટણીમાં મત આપવાને લાયક હોય એવી કોઈ વ્યક્તિએ તકરાર ઉઠાવી હોય, તો તે વ્યક્તિ ચૂંટણીનું પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની અંદર કોઈપણ વખતે જે જિલ્લામાં ચૂંટણી કરવામાં આવી હોય અથવા કરવી જોઈતી હતી તે જિલ્લાના જિલ્લા ન્યાયાધીશને એવી તકરારના નિર્ણય માટે અરજી કરી શકશે.

(૨) તેમ થયે, મદદનીશ ન્યાયાધીશની ઉતરતી કક્ષાનો ન હોય, તેવો ન્યાયાધીશ તપાસ કરશે. એવો ન્યાયાધીશ, પોતાને જરૂરી જણાય તે તપાસ કર્યા પછી, ચૂંટણીનું જાહેર થયેલું પરિણામ બહાલ રાખતો અથવા તેમાં સુધારો કરતો અથવા ચૂંટણી રદ કરતો હુકમ કરી શકશે. સદરહું તપાસના હેતુઓ માટે સદરહું ન્યાયાધીશ દીવાની કોર્ટની સત્તા પૈકી કોઈ સત્તા વાપરી શકશે અને તેનો નિર્ણય નિર્ણાયક ગણાશે. જો તે ચૂંટણી રદ કરે તો તરત એક તારીખ નક્કી કરવામાં આવશે અને નવી ચૂંટણી કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) મુજબ મળેલી તમામ અરજીઓ કે જેમાં-

(ક) સભ્યોની ચૂંટણીના કાયદેસરપણા વિશે તકરાર હોય તે અરજીઓ તે જ ન્યાયાધીશે સાંભળવી; અને

(ખ) તે જ સભ્યોની ચૂંટણીના કાયદેસરપણા વિશે તકરાર હોય તે અરજીઓ એકી સાથે સાંભળવી.

(૪) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, ન્યાયાધીશ, (ક) કોઈપણ અરજીની માંડવાળ કરવા દેશે નહિ અથવા તે પાછી ખેંચી લેવા દેશે નહિ અથવા (ખ) કાર્યવાહીમાંના કોઈપણ પ્રતિપાદનમાં ફેરફાર અથવા સુધારો કરવા દેશે નહિ, સિવાય કે તેને ખાતરી થાય કે તેવી અરજી, ફેરફાર અથવા સુધારો શુદ્ધબુદ્ધિથી કરવામાં આવેલ છે અને નિર્ણાયક નથી. સન ૧૯૦૮નો ૫મો.

(૫)(ક) એવી તપાસ કર્યા પરથી ન્યાયાધીશને એમ જણાય કે ચૂંટણીના હેતુ માટે ઉમેદવારે પેટા-કલમ (૬)ના અર્થ પ્રમાણે ભ્રષ્ટાચરણ કર્યું છે, તો તેણે ઉમેદવારને તે ચૂંટણી તથા પેટા-કલમ (૨) મુજબ આવી જે નવી ચૂંટણી થાય તે બંને ચૂંટણીના હેતુ માટે ગેર-લાયક ઠરાવવો અને તેવો ઉમેદવાર જો ચૂંટાયો હોય તો તેની ચૂંટણી રદ કરવી;

---

1. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(ખ) જો ખંડ (ક) લાગુ પડતો ન હોય તેવા કોઈપણ દાખલામાં, ચૂંટણીના કાયદેસરપણા વિશે બે અથવા વધારે ઉમેદવારો વચ્ચે તકરાર થાય તો, ન્યાયાધીશે એવા દરેક ઉમેદવારની તરફેણમાં નોંધાયેલા મતોની બારીક તપાસ અને ગણતરી કર્યા પછી જે ઉમેદવારની તરફેણમાં સૌથી વધારે કાયદેસર મતો મળેલા જણાય તે ઉમેદવાર યોગ્ય રીતે ચૂંટાઈ આવેલો છે એમ જાહેર કરવું :

પરંતુ કોઈ મત આપવા અથવા મેળવવામાં કોઈપણ જાણીતી અથવા અજાણી વ્યક્તિએ કોઈપણ ભ્રષ્ટાચરણ કર્યું છે એમ ન્યાયાધીશને જણાય, તો તેવા મતને આવી ગણતરીના હેતુ માટે માન્ય મત તરીકે ગણવા નહિ.

(ઇ) જે કોઈ વ્યક્તિ -

(ક) કોઈ મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં મત આપવા અથવા મત આપવાથી અલગ રહેવા માટે લલચાવવાના હેતુથી કોઈ વ્યક્તિને કોઈપણ પૈસા અથવા કિંમતી અવેજ આપવા જણાવે અથવા આપે અથવા અંગત લાભનું કોઈ વચન આપે અથવા ઈજા કરવાની કોઈ ધમકી આપે; અથવા

(ખ) મત આપનાર વ્યક્તિથી જુદી હોય એવા મતદારના નામથી મત આપે, મેળવે અથવા તે આપવામાં મદદગારી કરે;

તે વ્યક્તિએ ભ્રષ્ટાચરણ કર્યું છે એમ ગણાશે; અને જો કોઈ ભ્રષ્ટાચરણ ઉમેદવારની જાણ અને સંમતિથી કરવામાં આવ્યું હોય અથવા ચૂંટણીના સંબંધમાં આવા ઉમેદવારે આપેલા સામાન્ય, અથવા ખાસ અધિકાર મુજબ કામ કરતી હોય તેવી વ્યક્તિએ કર્યું હોય તો તે એવા ઉમેદવારે કર્યું છે એમ ગણાશે.

**સ્પષ્ટીકરણ** :-"અંગત લાભનું વચન" એ શબ્દપ્રયોગમાં-

(૧) સ્કૂલ બોર્ડ સમક્ષ વિચારણા માટે જે કોઈ ખાસ બાબત આવે તેની તરફેણમાં અથવા વિરુદ્ધમાં મત આપવાના વચનનો સમાવેશ થતો નથી, પરંતુ,

(૨) તેને અધીન રહીને, તે વ્યક્તિના પોતાના અથવા જે વ્યક્તિમાં તે હિત ધરાવતી હોય તે વ્યક્તિના ફાયદા માટેના વચનનો સમાવેશ થાય છે.

(૩) ચૂંટણીના પરિણામને મહત્વની અસર કરી ન હોય એવી અથવા ભ્રષ્ટાચરણથી કરવામાં આવેલ ન હોય એવી કોઈ અનિયમિતતા અથવા અનૌપચારિકતાને કારણે ચૂંટણીના કાયદેસરપણા બાબત તકરાર ઉઠાવવામાં આવે, તો ન્યાયાધીશે ચૂંટણી રદ કરવી નહિ.

(જ) ન્યાયાધીશ પેટા-કલમ (૫)ના ખંડ (ક) મુજબ ચૂંટણી રદ કરે તો તે, પોતાને યોગ્ય લાગે તો જે કોઈ પણ વ્યક્તિએ આ પેટા-કલમ (ઇ)ના અર્થ પ્રમાણે ભ્રષ્ટાચરણ કર્યું હોય તે વ્યક્તિ પાંચ વર્ષ કરતાં વધારે નહિ એટલી મુદત સુધી કોઈપણ સ્કૂલ બોર્ડનો સભ્ય થવાને ગેરલાયક છે એમ જાહેર કરી શકશે; અને ન્યાયાધીશનો નિર્ણય નિર્ણાયક ગણાશે :

પરંતુ કોઈ વ્યક્તિના સંબંધમાં આવી જાહેરાત શા માટે ન કરવી તેનું કારણ દર્શાવવાની તે વ્યક્તિને તક આપ્યા સિવાય તેવી જાહેરાત કરવી નહિ :

વધુમાં આવી વ્યક્તિને [1][રાજ્ય] સરકારે તે અર્થે કાઢેલા હુકમ દ્વારા કોઈપણ વખતે ગેરલાયકાતમાંથી મુક્ત કરી શકાશે.

પાછળથી જણાયેલા ચૂંટણી, વગેરેના સભ્યની ગેરલાયકાત.

[2][૬-ક. (૧) રાજ્ય સરકારને કરેલી રજૂઆત ઉપરથી તેને એમ લાગે કે સ્કૂલ બોર્ડનો કોઈ સભ્ય, જે સમયે તેને ચૂંટવામાં, નિયુક્ત કરવામાં અથવા નીમવામાં આવ્યો હતો તે સમયે, કલમ ૫ અથવા કલમ ૯-કની જોગવાઈઓ મુજબ એવો સભ્ય થવા માટે ગેરલાયક તે હતો અને તે સભ્ય, પોતે એવી રીતે ગેરલાયક થયો હતો એમ કબૂલ ન કરે, તો તે પ્રશ્નનો નિર્ણય રાજ્ય સરકારે કરવો અને તેનો નિર્ણય છેવટનો રહેશે.

(૨) જો આવી કોઈપણ રજૂઆત–

(૧) જે વ્યક્તિ સભ્યની ચૂંટણીના કાયદેસરપણા વિશે પ્રશ્ન ઉઠાવવા માટે કલમ ૬ મુજબ જિલ્લા ન્યાયાધીશને અરજી કરવાને હકદાર હોય અથવા હતી તેવી કોઈ વ્યક્તિએ કરી હોય,

(૨) સદરહુ કલમ મુજબ આવી અરજી માટે ઠરાવેલી મુદત પૂરી થતાં પહેલાં કરવામાં આવે, અથવા

(૩) કલમ ૬ મુજબ જિલ્લા ન્યાયાધીશને કરેલી અરજી ચાલુ હોય અથવા તેનો ઇન્સાફ આપવામાં આવ્યો હોય તો તે સ્વીકારવી નહિ, સિવાય કે રાજ્ય સરકારને એમ ખાતરી થાય કે સભ્યની ગેરલાયકાત વિશેનો પ્રશ્ન આ સંજોગોને કારણે એવી કાર્યવાહીમાં ઉઠાવવામાં આવ્યો ન હતો અથવા ઉઠાવી શક્યો ન હતો.

(૩-ક)પેટા-કલમ (૧) મુજબની કાર્યવાહીના સંબંધમાં, એ સભ્ય એમ કબૂલ કરે કે તે, કલમ-૫ અથવા કલમ ૯-કની જોગવાઈઓ મુજબ ગેરલાયક હતો તો, અથવા ઉપર કહ્યા પ્રમાણેની પેટા-કલમ મુજબ રાજ્ય સરકાર એમ નિર્ણય કરે કે તે સભ્ય ગેરલાયક હતો તો તેની બેઠક તે ઉપરથી ખાલી પડશે; પણ પોતે ગેરલાયક હતો એમ કબૂલ ન કરે તેવી કોઈ વ્યક્તિને, કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા પછી એવો નિર્ણય કરવામાં આવ્યો હોય તે સિવાય, તેને ગેરલાયક ઠરાવવી નહિ ].

સભ્ય થયા પછીની ગેરલાયકાત.

૭. (૧) સ્કૂલબોર્ડના કોઈ સભ્ય, જે મુદત માટે તેને ચૂંટવામાં નિયુક્ત કરવામાં અથવા નીમવામાં આવ્યો હોય તે મુદત દરમિયાન–

[3][(ક) બોર્ડની ** મંજૂરી મેળવ્યા સિવાય, સ્કૂલ બોર્ડની બેઠકોમાં ઉપરા ઉપરી ત્રણ મહિના દરમિયાન અથવા લાગલગાટ ત્રણ બેઠકોમાં, એ બેમાંથી જે મુદત લાંબી હોય તે મુદત દરમિયાન ગેરહાજર રહે; અથવા]

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૨. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૨ની કલમ-૨થી આ કલમ દાખલ કરી છે.
૩. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૩૯ની કલમ-૪થી અસલ ખંડને બદલે આ ખંડ દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ-૩થી "અગાઉની" એ શબ્દ કાઢી નાખ્યો છે.

(ખ) [૧][કલમ ૫] માં જણાવેલી કોઈપણ ગેરલાયકાતને પાત્ર થાય; તો તે એવા સ્કૂલબોર્ડનાં સભ્ય તરીકે ચાલુ રહેવાને અસમર્થ થશે અને તેની બેઠક ખાલી પડેલી ગણાશે.

પરંતુ કોઈ સ્થાવર મિલકતના કોઈ પેટા, વેચાણ અથવા ખરીદીમાં અથવા તે બાબતની કોઈ કબૂલાતમાં, પોતે કોઈ ભાગ અથવા હિતસંબંધ ધરાવતો હોય તે બાબત તેણે [૨][રાજ્ય] સરકારની અગાઉથી મંજૂરી મેળવી હોય, તો તે ભાગ અથવા હિતસંબંધ તે ધરાવતો હોય તેટલા જ કારણે તેણે કલમ ૫ના ખંડ (છ) મુજબ ગેરલાયક થયો છે એમ ગણાશે નહિ.

(૨) આ કલમ મુજબ કોઈ જગા ખાલી પડી છે કે કેમ એ વિશે કોઈ પ્રશ્ન, તકરાર અથવા શંકા ઊભી થાય તો એ પ્રશ્ન, તકરાર અથવા શંકાનો નિર્ણય કરવાના હેતુ માટે [૨][રાજ્ય] સરકારનો હુકમ છેવટનો ગણાશે.

[૩][૭-ક. (૧) કોઈ વ્યક્તિ સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે લાયક નથી અથવા તેના સભ્યપદ માટે ગેરલાયક છે એમ તે જાણતી હોય, ત્યારે એવા સભ્ય તરીકે તે હાજરી આપે અથવા મત આપે, તો કલેક્ટરને તેની જાણ થયેથી, જે દિવસે તે હાજરી આપે અથવા મત આપે તે દરેક દિવસના સંબંધમાં, તે ૫૦ રૂપિયાના દંડને પાત્ર થશે અને તે, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે. — ગેરલાયક હોય ત્યારે સભ્ય તરીકે હાજરી આપવા અથવા મત આપવા માટે દંડ.

(૨) કલેક્ટરે આવી વ્યક્તિને જે કંઈપણ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપવી અને તેના નિર્ણયની અને તે માટેનાં કારણોની લેખિત નોંધ કરવી.

(૩) આ કલમ મુજબ દંડ ભરવાને પાત્ર થયેલ કોઈ વ્યક્તિ, આવા નિર્ણયના પંદર દિવસની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને રાજ્ય સરકારનો નિર્ણય છેવટનો રહેશે.]

૮. સ્કૂલ બોર્ડની બેઠક સમક્ષની જે કોઈ બાબતમાં જે કોઈ સભ્ય કલમ-૫ના ખંડ (છ)માં જણાવ્યા પ્રમાણેનો કોઈપણ ભાગ અથવા હિતસંબંધ જાતે અથવા પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ધરાવતો હોય અથવા જે બાબતમાં અસીલ, મુખ્ય અથવા બીજી વ્યક્તિના વતી વ્યાવસાયિક દૃષ્ટિએ હિતસંબંધ ધરાવતો હોય તે સભ્યે તે બાબતની ચર્ચામાં મત આપવો નહિ અથવા ભાગ લેવો નહિ. આવી રીતે આપવામાં આવેલો મત ગણતરીમાં લેવાશે નહિ. — બેઠક સમક્ષ રજૂ થયેલી બાબતમાં હિતસંબંધ હોવાના કારણસર અસમર્થતા.

૯. [૨][રાજ્ય] સરકાર, પોતાની મેળે અથવા- — દુર્વર્તન બદલ સ્કૂલ બોર્ડના સભ્યોને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.

(૧) સ્કૂલ બોર્ડના, અથવા

(૨) જે જિલ્લા લોકલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ સભ્યોને ચૂંટ્યા હોય તેના, તમામ સભ્યોના ઓછામાં ઓછા બે તૃતીયાંશ જેટલા સભ્યોના ટેકાવાળી ભલામણ ઉપરથી,

---

૧. સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૬૦ની કલમ-૩ની બીજી અનુસૂચિથી "કલમ-૬" એ શબ્દ અને આંકડાને બદલે આ શબ્દ અને આંકડો દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૧૨ની કલમ-૩થી આ કલમ દાખલ કરી છે.

સ્કૂલબોર્ડમાં ચૂંટેલા, નિયુક્ત કરેલા અથવા નીમેલા કોઈ સભ્યને, જો તે પોતાની ફરજ અદા કરવામાં દુર્વર્તન બદલ અથવા કોઈપણ શરમજનક વર્તણૂંક બદલ દોષિત થયો હોય અથવા કોઈ શારીરિક અથવા માનસિક અશક્તિને કારણે સભ્ય તરીકેની પોતાની ફરજો અદા કરવાને અસમર્થ થયો હોય, તો હોદ્દા ઉપરથી દૂર કરી શકશે :

પરંતુ જે સભ્યને હોદ્દા ઉપરથી દૂર કરવાનો હોય તેને એવી રીતે હોદ્દા ઉપરથી શા માટે દૂર ન કરવો અથવા તેને હોદ્દા ઉપરથી દૂર કરવાની ભલામણ શા માટે ન કરવી તેનું કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા સિવાય, તેને હોદ્દા ઉપરથી દૂર કરવો નહિ અથવા તેવી ભલામણ કરતો કોઈપણ ઠરાવ કરવો નહિ.

સભ્ય તરીકે તેણે રાજીનામું આપ્યા પછી દુર્વર્તન બદલ કોઈ વ્યક્તિની ગેરલાયકાત.

[1][૯-ક. જે સ્કૂલ બોર્ડનો ભૂતકાળમાં સભ્ય હોય અથવા તેવા સભ્ય તરીકેના પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હોય તેવી કોઈ વ્યક્તિ, જો તેની ફરજ બજાવવામાં દુર્વર્તન બદલ અથવા સભ્ય તરીકે શરમજનક વર્તણૂંક બદલ યોગ્ય તપાસ પછી દોષિત માલૂમ પડી હોય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, એવા સભ્ય તરીકેના હોદ્દાનું તેણે રાજીનામું આપ્યું છે એ હકીકત હોવા છતાં તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તારીખથી અને પાંચ વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત માટે તે વ્યક્તિને કોઈ સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે ચૂંટાવા, નિયુક્ત થવા અથવા નીમવા માટે ગેરલાયક જાહેર કરી શકશે. રાજ્ય સરકાર, તેવા જ હુકમથી કોઈપણ વ્યક્તિની એવી ગેરલાયકાત કોઈપણ વખતે દૂર કરી શકશે. આ કલમ મુજબનો રાજ્ય સરકારનો નિર્ણય છેવટનો ગણાશે. ]

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી.

૧૦. (૧) દરેક સ્કૂલ બોર્ડ પોતાના સભ્યોમાંથી એક અધ્યક્ષ અને એક ઉપાધ્યક્ષ ચૂંટવો.

(૨) અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવો એવી મતલબનો ઠરાવ પસાર કરીને તેને હોદ્દા પરથી દૂર કરી શકાશે, પરંતુ સ્કૂલબોર્ડના કુલ સભ્યો પૈકી ઓછામાં ઓછા બેતૃતીયાંશ જેટલા સભ્યોએ એવા ઠરાવની તરફેણમાં મત આપેલો હોવો જોઈએ, અથવા એવા ઠરાવની તરફેણમાં મત આપનાર સભ્યોની સંખ્યા સ્કૂલબોર્ડના સભ્યોની કુલ સંખ્યાના બે તૃતીયાંશ કરતાં ઓછી પણ અડધા કરતાં વધારે હોય ત્યારે [2][રાજ્ય] સરકારે આવી રીતે ને હોદ્દા પરથી દૂર કરવા માટે મંજૂરી આપેલી હોવી જોઈએ, અને વધુમાં આવો ઠરાવ પસાર કરવામાં આવે તે પહેલાં, અધ્યક્ષને અથવા ઉપાધ્યક્ષને એવા ઠરાવની ઓછામાં ઓછા બે અઠવાડિયાની નોટિસ આપેલી હોવી જોઈએ અને એવો ઠરાવ શા માટે પસાર કરવો નહિ તેનું કારણ દર્શાવવાની તેને વાજબી તક આપેલી હોવી જોઈએ.

(૩) દરેક અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ, જેઓ સ્કૂલબોર્ડની રજા વગર, સતત ત્રણ મહિના કરતાં વધારે મુદત સુધી જિલ્લામાંથી ગેરહાજર રહે તેઓ અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ હોતા બંધ થશે.

(૪) સ્કૂલબોર્ડ પોતાની મુદત કુલ છ મહિના કરતાં વધારે મુદત માટે કોઈપણ રજા પેટા-કલમ (૩) મુજબ આપવી નહિ.

---

૧. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૨ની કલમ-૩થી આ કલમ-૯-ક દાખલ કરી છે.

૨. સન ૧૯૬૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(૪) પેટા-કલમ (૩) મુજબ ઉપાધ્યક્ષને રજા મંજૂર કરવામાં આવે ત્યારે કોઈ સભ્યને એવી રજાની મુદત દરમિયાન ઉપાધ્યક્ષ તરીકે ચૂંટવો.

[1][૧૦-ક. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં અને કલમ ૧૮-ક માં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, જિલ્લા લોકલ બોર્ડ સ્થાપવામાં આવ્યું ન હોય તેવા કોઈપણ જિલ્લામાં આ અધિનિયમ મુજબની જિલ્લા સ્કૂલબોર્ડની સત્તા અને ફરજો [2][રાજ્ય] સરકાર નીમે તે સત્તાધિકારીએ વાપરવી અને બજાવવી. આવી સત્તા અને ફરજો [2][રાજ્ય] સરકાર વખતોવખત આપે તે આદેશો અનુસાર વાપરવી અને બજાવવી.

જિલ્લા લોકલ બોર્ડ ન હોય ત્યાં, જિલ્લા સ્કૂલબોર્ડને બદલે સત્તાધિકારી નીમવા બાબત.

(૨) [2][રાજ્ય] સરકારે આવા જિલ્લામાં પોતે વખતોવખત નક્કી કરે તેટલી સંખ્યામાં પ્રાથમિક શાળાઓ નિભાવવી.

(૩) આવા જિલ્લા માટે જિલ્લા લોકલ બોર્ડ સ્થાપવામાં આવે ત્યારે [2][રાજ્ય] સરકાર હુકમ કરીને એવું કરમાવી શકશે કે તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખ, જેને આ કલમમાં હવે પછી સદરહુ તારીખ કહી છે, ત્યારથી-

(ક) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી પ્રાથમિક શાળાઓ, તેમની જમીનો, ઇમારતો, દફતરો અને સાધનસામગ્રી સહિત તે જિલ્લા માટે રચવામાં આવેલા જિલ્લા સ્કૂલ બોર્ડને પ્રાપ્ત થશે.

(ખ) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓ, જેમને સદરહુ તારીખની તરત જ પહેલાં [2][રાજ્ય] સરકાર તરફથી નિભાવવામાં આવતી પ્રાથમિક શાળાઓના હેતુઓ માટે નોકરીએ રાખવામાં આવ્યા હતા, તેમને સદરહુ જિલ્લા સ્કૂલબોર્ડે સદરહુ તારીખની તરત જ પહેલાં જે શરતોએ તેમને નોકરીએ રાખવામાં આવ્યા હોય તે શરતોએ અથવા [2][રાજ્ય] સરકાર આદેશ કરે તેવી બીજી શરતોએ લઈ લેવા અને નોકરીએ રાખવા.]

---

૧. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ-૪થી કલમ-૧૦-ક દાખલ કરી છે.
૨. સન ૧૯૫૦ ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

## પ્રકરણ ૩જું

## જિલ્લા સ્કૂલ બોર્ડો, અધિકૃત નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડોની સત્તા, ફરજો અને કાર્યો.

### ક. જિલ્લા સ્કૂલ બોર્ડ.

જિલ્લા સ્કૂલબોર્ડનું સંસ્થાપન

૧૧. દરેક જિલ્લા સ્કૂલ બોર્ડ "————— નું જિલ્લા સ્કૂલ બોર્ડ" એ નામનું સંસ્થાપિત બોર્ડ રહેશે, અને તેને શાશ્વત ઉત્તરાધિકાર રહેશે અને તેને સામાન્ય સિક્કો રહેશે, અને તેના સંસ્થાપિત નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે અને તે જંગમ અને સ્થાવર એ બંને પ્રકારની મિલકત, પછી તે તેના વિસ્તારની હદમાં આવેલી હોય કે ન હોય, તે સંપાદન કરવા તથા ધારણ કરવા તથા તેને પ્રાપ્ત થઈ હોય અથવા તેણે સંપાદન કરી હોય એવી કોઈપણ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવા, વેચવા અથવા બીજી રીતે સત્વાર્પિત કરવા અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી હોય એવા કરાર અને બીજું બધું કરવાનો અધિકાર રહેશે.

જિલ્લા સ્કૂલબોર્ડને મિલકત પ્રાપ્ત થવા બાબત અને તેણે સ્ટાફને લઈ લેવા બાબત.

૧૨. (૧) કોઈપણ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં, [1][આ અધિનિયમ અમલમાં આવે તે તારીખે (જેને આ કલમમાં હવે પછી "સદરહુ તારીખ" કહી છે તે તારીખે)] જે સઘળી પ્રાથમિક શાળાઓ, તેમની જમીનો, ઇમારતો, દફતરો અને સાધનસામગ્રી સહિત, તથા બીજી સઘળી સ્થાવર અથવા જંગમ મિલકત [2][સદરહુ તારીખની] તરત જ પહેલાં પ્રાથમિક શિક્ષણના હેતુઓ સારૂ જિલ્લા લોકલ બોર્ડને પ્રાપ્ત થઈ હોય, તેણે ધારણ કરી હોય અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તે [3][સદરહુ તારીખથી] સદરહુ હેતુઓ સારૂ જિલ્લા સ્કૂલ બોર્ડને પ્રાપ્ત થશે, તે ધારણ કરશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે :

પરંતુ એવી રીતે કોઈપણ અમુક મિલકત જિલ્લા સ્કૂલ બોર્ડને પ્રાપ્ત થશે કે નહિ અથવા તે મિલકત તે ધારણ કરી શકશે કે નહિ અથવા તે મિલકત તેના નિયંત્રણ હેઠળ રહેશે કે નહિ એ વિશે, કોઈપણ પ્રશ્ન, તકરાર અથવા શંકા ઊભી થાય તે પ્રસંગે, તે બાબત [4][રાજ્ય] સરકારને નિર્ણય માટે મોકલવી અને તે અંગેનો તેનો નિર્ણય છેવટનો ગણાશે.

(૨) [5][સદરહુ તારીખે] પ્રાથમિક શિક્ષણના હેતુઓ સારૂ, જિલ્લા લોકલ બોર્ડે અથવા તેના તાબા હેઠળ નોકરીએ રાખેલા પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓને જે શરતોએ નોકરીએ રાખેલા હોય તે જ શરતોએ દરેક જિલ્લા લોકલ બોર્ડે [6][સદરહુ તારીખે] તેમની બદલી કરવી અને દરેક જિલ્લા સ્કૂલ બોર્ડે તેમને લઈ લેવા અને નોકરીએ રાખવા.

---

૧. સન ૧૯૪૯ ના મુંબઈ અધિનિયમ ૮ની કલમ ૩થી "કલમ-૪ અન્વયે ડિસ્ટ્રીકટ સ્કૂલ બોર્ડની રચના કરેલી" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૨. એજનથી "જે તારીખે સ્કૂલ બોર્ડની રચના કરવામાં આવી હતી તે તારીખની" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનથી "આવી તારીખથી" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૫. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ ૮ની કલમ-૩થી "આ અર્થે પ્રાંતિક સરકારે અધિસૂચિત કરેલી તારીખે" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૬. એજનથી "આવી તારીખે" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

(૩) એવા શિક્ષકો અથવા બીજી વ્યક્તિઓના સંબંધમાં જિલ્લા લોકલ બોર્ડના વર્તમાન અને ભવિષ્યના હકો, જવાબદારીઓ ફરજો અને સત્તા તે અધિનિયમના અથવા તે મુજબ કરેલા નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલી સુધી [1][સદરહુ તારીખે અથવા સદરહુ તારીખથી] સદરહુ જિલ્લા સ્કૂલ બોર્ડને પ્રાપ્ત થશે અને તે બજાવશે અથવા ચલાવશે.

[2][(૪) રાજ્યના કચ્છ વિસ્તારમાં, આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓનો અમલ, નીચેના ફેરફારોને અધીન રહીને થશે :-

(૧) પેટા-કલમ (૧) માં, ''આ અધિનિયમ અમલમાં આવે તે તારીખે'' એ શબ્દોને બદલે ''રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામું કાઢીને, નિર્દિષ્ટ કરે તેવી તારીખે'' એ શબ્દો દાખલ કરવા.

(૨) ''જિલ્લા લોકલ બોર્ડ'' એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં તેની પછી ''અથવા, યથાપ્રસંગ રાજ્ય સરકાર'' એ શબ્દો દાખલ કરવા.]

સન ૧૯૬૩નો ગુજરાતનો ૬ઠો.

[3][(૫) (ક) પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલી તારીખે, જિલ્લા સ્કૂલ બોર્ડ કચ્છ જિલ્લામાં રચવામાં આવ્યું ન હોય પરંતુ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ તે જિલ્લામાં તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયત રચવામાં આવી હોય તો સદરહુ તારીખની તરત જ પહેલાં પ્રાથમિક શિક્ષણના હેતુઓ માટે રાજ્ય સરકારને પ્રાપ્ત થઈ હોય, તેણે ધરાવી હોય અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી તમામ પ્રાથમિક શાળાઓ, તેમની જમીનો, ઇમારતો, દફતરો અને સાધનસામગ્રી સહિત તથા તમામ બીજી જંગમ અથવા સ્થાવર મિલકતો સહિત રાજ્ય સરકારે ખંડ (ખ) હેઠળ હુકમ બહાર પાડીને આ માટે કરેલી વહેંચણી અનુસાર યથાપ્રસંગ તાલુકા પંચાયતો અથવા જિલ્લા પંચાયતને સદરહુ તારીખે પ્રાપ્ત થશે, તાલુકા પંચાયતો અથવા જિલ્લા પંચાયત તેના અથવા તેમના નિયંત્રણ હેઠળ રહેશે.

(ખ) ખંડ (ક) ના હેતુઓ માટે, રાજ્ય સરકાર ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની અનુસૂચિ-૨ અને અનુસૂચિ-૩ હેઠળ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે કોઈ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના કાર્યો અને ફરજો લક્ષમાં લઈને, રાજ્ય સરકાર લેખિત હુકમ કરીને ફરમાવી શકશે કે-

(૧) પોતાને પ્રાપ્ત થઈ હોય, પોતે ધરાવી હોય અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવી પ્રાથમિક શાળાઓ, તેમની જમીનો, ઇમારતો, દફતરો અને સાધન સામગ્રી અને બીજી તમામ જંગમ અથવા સ્થાવર મિલકતો સહિત હુકમમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતને પ્રાપ્ત થશે. તે ધરાવશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે.

(૨) આ અધિનિયમ હેઠળ જિલ્લા સ્કૂલ બોર્ડના જે સત્તા, કાર્યો અને ફરજો તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે સત્તા, કાર્યો અને ફરજો તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત બજાવશે અને વાપરશે.]

---

૧. એજનની કલમ ૩થી ''પેટા કલમ (૨) અન્વયે અધિસૂચિત કરેલી તારીખે અને અધિસૂચિત કરેલી તારીખથી'' એ શબ્દોને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૩ ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૫થી પેટા-કલમ (૪) દાખલ કરી છે.

૩. સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમની કલમ ૨(૧)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

જિલ્લા સ્કૂલબોર્ડોની સત્તા, ફરજો અને કાર્યો.

૧૩. (૧) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, જિલ્લામાંની તમામ માન્ય શાળાઓ ઉપર જિલ્લા સ્કૂલ બોર્ડનું નિયંત્રણ રહેશે, અને તે [1][રાજ્ય] સરકાર, સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા નિભાવતી હોય તેવી પ્રાથમિક શાળા સિવાયની બીજી કોઈપણ માન્ય શાળાને મદદ આપી શકશે.

(૨) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને અને, પોતાના પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી બની શકે તેટલે સુધી જિલ્લા સ્કૂલ બોર્ડે નીચેની ફરજો અને કાર્યો બજાવવા :—

(ક) પ્રાથમિક શાળાઓમાં જતાં બાળકોના કલ્યાણ માટે પ્રબંધ કરવો;

(ખ) પ્રાથમિક શાળાઓ પૂરતી સંખ્યામાં નિભાવવી;

(ગ) પ્રાથમિક શાળાઓ માટે પૂરતી જગા અને સાધન સામગ્રી પૂરી પાડવી.

(ઘ) મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઈઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, શિક્ષકો, ઊતરતા દરજ્જાના નોકરોનો પૂરતો સ્ટાફ અને [1][રાજ્ય] સરકારના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવો બીજો સ્ટાફ નિભાવવો;

(ચ) શાળાઓ અને બીજી ઈમારતો બાંધવા અને નિભાવવા માટે જોઈતો ઈજનેરી સ્ટાફ પૂરતી સંખ્યામાં નિભાવવો;

(છ) કલમ ૩૩ ના ખંડ (ગ)ના હેતુઓ સારૂ, માન્ય શાળા અને કોઈ બાળકના રહેવાના સ્થળ વચ્ચેનું સૌથી નજીકના રસ્તા પ્રમાણે માપેલું અંતર, વહીવટી અધિકારીની ભલામણ ઉપરથી નક્કી કરવું;

(જ) શિક્ષણ નિરીક્ષકની મંજૂરીથી, શિક્ષણનો સમય અને વેકેશનની સંખ્યા અને મુદ્દત નક્કી કરવી;

(ઝ) પ્રાથમિક શાળાઓનું ચોક્કસ સ્થળ નક્કી કરવું;

(ટ) માન્ય શાળા સિવાય બીજી રીતે શિક્ષણ લેતા બાળકોને વહીવટી અધિકારીની ભલામણ ઉપરથી માન્ય શાળામાં હાજર રહેવામાંથી મુક્તિ આપવી;

(ઠ) નમૂના, લેખનસામગ્રી ફર્નીચર અથવા સાધનસામગ્રી પૂરી પાડવા માટેનાં સઘળા ટેન્ડર મંજૂર કરવા;

(ડ) [1][રાજ્ય] સરકારની મંજૂરી માટે વધારાની શાળાઓ ખોલવાનાં સૂચનો કરવા;

(ઢ) અભ્યાસક્રમ સ્થાનિક જરૂરિયાતોને સાનુકૂળ થાય તેવો બનાવવા માટે તેમાં જરૂરી જણાય તેવા ફેરફારોની નિયામકને ભલામણ કરવી;

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(૪) જિલ્લામાંના પ્રાથમિક શિક્ષણ સંબંધી [1][રાજ્ય] સરકારને સામાન્યતઃ સલાહ આપવી;

(૫) પ્રાથમિક શાળાના વૃદ્ધિ માટે પ્રચાર કરવો;

(૬) ઠરાવવામાં આવે તેવાં બીજા ફરજો અને કાર્યો બજાવવાં.

(૩) જિલ્લા સ્કૂલ બોર્ડે નિયામકની મંજૂરી મેળવીને, નીચેની બાબતો માટે, આ અધિનિયમની અને તે મુજબ કરેલી નિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવા નિયમો વખતોવખત કરવા-

(૧) માન્ય શાળામાં બાળકે કેટલા દિવસો દરમિયાન અને દરેક દિવસે કયા વખત અને કલાકો દરમિયાન શિક્ષણ લેવા માટે હાજર રહેવું તે ઠરાવવા બાબત;

(૨) તાલુકા સલાહકાર સમિતિઓની રચના, સત્તા અને ફરજો નક્કી કરવા બાબત;

(૩) પ્રાથમિક શિક્ષણ લેતાં ગમે તે ઉંમરના બાળકોને પુસ્તકો, સ્લેટો, શિક્ષણને લગતી જરૂરિયાતો, દૂધ, ભોજન અથવા કપડાં પૂરાં પાડવા માટે જો પ્રબંધ કરવામાં આવ્યો હોય તો તે પૂરાં પાડવા બાબત.

**સત્તા અને ફરજો છોડી દેવા બાબત.**

૧૪. (૧) જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવથી અને જિલ્લા લોકલબોર્ડની સંમતિથી તે બોર્ડ [1][રાજ્ય] સરકારને એવી ખબર આપી શકશે કે સલાહ આપવાની અને પ્રાથમિક શિક્ષણની વૃદ્ધિ માટે પ્રચાર કરવાની ફરજો સિવાયની પોતાની સત્તા અને ફરજો છોડી દેવાની તે ઇચ્છા રાખે છે.

(૨) તેવી ખબર મળે એટલે, [1][રાજ્ય] સરકાર એવો આદેશ કરે તો, જિલ્લા સ્કૂલ બોર્ડની સઘળી સત્તા અને તેવી રીતે અપવાદ તરીકે રાખેલી ફરજો સિવાયની ફરજો, [1][રાજ્ય] સરકાર આ અર્થે જાહેર કરે તેવી તારીખથી અને તેવી મુદત માટે [1][રાજ્ય] સરકારની વતી, ઠરાવેલી રીતે ચલાવવામાં આવશે અને બજાવવામાં આવશે.

(૩) પેટા-કલમ (૨) મુજબ [1][રાજ્ય] સરકારે જાહેર કરેલી તારીખની તરત જ પહેલાં જિલ્લા સ્કૂલ બોર્ડને પ્રાપ્ત થયેલ હોય અથવા તે ધારણ કરતું હોય અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી સઘળી પ્રાથમિક શાળાઓ, તેમની જમીનો, ઇમારતો, દફતરો અને સાધનસામગ્રી સહિત તથા બીજી સઘળી સ્થાવર જંગમ મિલકત, સદરહુ પેટા-કલમ મુજબ જાહેર કરેલી મુદત દરમિયાન [1][રાજ્ય] સરકારને પ્રાપ્ત થશે, તે ધારણ કરશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે.

**તાલુકા સલાહકાર સમિતિની રચના.**

૧૫. જિલ્લા સ્કૂલ બોર્ડ ઠરાવ કરીને, પ્રાથમિક શિક્ષણ સંબંધી પોતાને સલાહ આપવા માટે જિલ્લાના સઘળા અથવા કોઈપણ તાલુકા માટે તાલુકા સલાહકાર સમિતિઓ સ્થાપવાની [1][રાજ્ય] સરકારને ભલામણ કરી શકશે. [1][રાજ્ય] સરકાર આવી ભલામણ સ્વીકારે એટલે, [1][રાજ્ય] સરકાર, રાજપત્રમાં જાહેર કરે તેવી તારીખથી તેવી સમિતિઓ રચવામાં આવશે. સમિતિઓની રચના, સત્તા અને ફરજો જિલ્લા સ્કૂલ બોર્ડે કરેલા વિનિયમોમાં ઠરાવ્યા પ્રમાણે રહેશે :

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

પરંતુ [1][રાજ્ય] સરકાર પોતાની મેળે અથવા જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સભ્યોના ટેકાવાળી જિલ્લા સ્કૂલ બોર્ડની અરજી ઉપરથી, હુકમ કરીને રાજપત્રમાં જાહેર કરવામાં આવે તેવી તારીખથી તાલુકા સલાહકાર સમિતિનું વિસર્જન કરી શકશે.

## ખ. અધિકૃત નગરપાલિકાઓ

અધિકૃત નગરપાલિકાઓએ સ્થાનિક સત્તા મંડળ હોય એવી નગરપાલિકાઓની સત્તા, વગેરે વાપરવી અને તેમની મિલકત ધારણ કરવી.

૧૬. (૧) [1][રાજ્ય] સરકાર, મુંબઇ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧ અથવા મુંબઇ બરો નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫ મુજબ, [2][અથવા બીજા કોઇપણ તત્સમાની કાયદા મુજબ] રચવામાં આવેલી કોઇપણ નગરપાલિકાને તેના વિસ્તારમાંની સઘળી માન્ય શાળાઓ ઉપર નિયંત્રણ રાખવાનો અધિકાર આપી શકશે.

સન ૧૯૦૧નો મુંબઇનો ૩જો સન ૧૯૨૫નો મુંબઇનો ૧૮મો.

(૨) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમો અને વિનિયમોની જોગવાઇઓને અધીન રહીને, આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખની તરત જ પહેલાં, મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૨૩ મુજબ સ્થાનિક સત્તામંડળ હોય એવી કોઇપણ નગરપાલિકાના, તેણે પ્રાથમિક શિક્ષણના હેતુઓ સારૂ નોકરીએ રાખેલા અથવા પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓ સંબંધી, સઘળા વર્તમાન અને ભવિષ્યના હકો, જવાબદારીઓ, સત્તા અને ફરજો, સદરહુ નગરપાલિકાને આ અધિનિયમ મુજબની અધિકૃત નગરપાલિકા તરીકે તેવી તારીખથી પ્રાપ્ત થશે અને તે બજાવશે અથવા વાપરશે; અને પ્રાથમિક શિક્ષણના હેતુઓ સારૂ તેવી નગરપાલિકાને પ્રાપ્ત થયેલી અથવા તે ધારણ કરતી હોય તેવી અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી સઘળી સ્થાવર અને જંગમ મિલકત સદરહુ નગરપાલિકાને તેવી અધિકૃત નગરપાલિકા તરીકે તેવી તારીખથી પ્રાપ્ત થવાનું ચાલુ રહેશે, તે ધારણ કરવાનું ચાલુ રાખશે અથવા તેના નિયંત્રણ હેઠળ ચાલુ રહેશે.

સન ૧૯૨૩નો મુંબઇનો ૪થો.

અધિકૃત નગરપાલિકાઓની ફરજો અને કાર્યો.

૧૭. (૧) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઇઓને અધીન રહીને, અધિકૃત નગરપાલિકાએ નીચેના ફરજો અને કાર્યો બજાવવા :-

(ક) વિદ્યમાન પ્રાથમિક શાળાઓ નિભાવવા માટે અને જ્યા જ્યાં જરૂરી જણાય ત્યાં ત્યાં નવી શાળાઓ ખોલવા માટે, [1][રાજ્ય] સરકાર, અથવા સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા નિભાવતી હોય તેવી પ્રાથમિક શાળાઓ સિવાયની બીજી માન્ય શાળાઓને મદદ આપવા માટે પૂરતો પ્રબંધ કરવો;

(ખ) પ્રાથમિક શાળાઓ માટે પૂરતી જગા અને સાધનસામગ્રી પૂરી પાડવી;

(ગ) મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઇઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, શિક્ષકો, ઊતરતા દરજ્જાના નોકરોનો પૂરતો સ્ટાફ અને [1][રાજ્ય] સરકારના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવો બીજો સ્ટાફ નિભાવવો;

(ઘ) જેમને ફરજિયાત શિક્ષણની યોજના લાગુ પડતી હોય તેવા સઘળાં બાળકોના મફત પ્રાથમિક શિક્ષણની સગવડો માટે પૂરતો પ્રબંધ કરવો;

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૯૩ ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ-૨થી આ શબ્દ દાખલ કર્યો છે.

(ચ) મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનું અંદાજપત્ર ફેરફાર સાથે અથવા ફેરફાર વગર મંજૂર કરવું;

(છ) ઠરાવવામાં આવે તેવાં બીજાં ફરજો અને કાર્યો બજાવવા.

(૨) અધિકૃત નગરપાલિકા, આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, તેના વિસ્તારમાંની પ્રાથમિક શાળાઓમાં જતાં બાળકોના કલ્યાણ માટે પ્રબંધ કરી શકશે.

(૩) અધિકૃત નગરપાલિક, [1][રાજ્ય] સરકારની મંજૂરીને અધીન રહીને, નીચેની બાબતો સંબંધી વિનિયમો કરી શકશે :-

(૧) મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઈઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, ઊતરતા દરજ્જાના નોકરો અને બીજા સ્ટાફની લાયકાતો, પગાર અને નોકરીની શરતો નક્કી કરવા બાબત;

(૨) પ્રાથમિક શાળાઓનાં વહીવટ, વ્યવસ્થા અને નિયંત્રણનું નિયમન કરવા બાબત;

(૩) કલમ-૨૨ મુજબ પોતે નીમેલા વહીવટ અધિકારીનાં લાયકાતો, પગાર અને નોકરીની શરતો નક્કી કરવા બાબત;

(૪) પ્રાથમિક શિક્ષણ લેતાં બાળકોને પુસ્તકો, સ્લેટો શિક્ષણને લગતી જરૂરીયાતો દૂધ, ભોજન અથવા કપડાં પૂરાં પાડવા માટે જો પ્રબંધ કરવામાં આવ્યો હોય તો તે પૂરાં પાડવા બાબત.

## ગ. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ

૧૮. (૧) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, અધિકૃત નગરપાલિકાને પ્રાપ્ત થયેલી સઘળી પ્રાથમિક શાળાઓની વ્યવસ્થા અને નિયંત્રણ માટે અને અધિકૃત નગરપાલિકાના વિસ્તારમાંની [1][રાજ્ય] સરકાર નિભાવતી હોય તે સિવાયની બીજી સઘળી માન્ય શાળાઓના નિયંત્રણ માટે જવાબદાર રહેશે; અને બોર્ડ, પ્રાથમિક શિક્ષણના સંબંધમાં, ઠરાવવામાં આવે તેવી અધિકૃત નગરપાલિકાની સત્તા વાપરશે અને ઠરાવવામાં આવે તેવાં તેનાં ફરજો અને કાર્યો બજાવશે. મ્યુનિસિપલ સ્કૂલબોર્ડની સત્તા, ફરજો અને કાર્યો.

(૨) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડે નીચેનાં ફરજો અને કાર્યો બજાવવાં :

(ક) પ્રાથમિક શિક્ષણની વૃદ્ધિ માટે અધિકૃત નગરપાલિકાએ [1][રાજ્ય] સરકારને સાદર કરવાની યોજનાઓ તૈયાર કરવી અને એવી યોજનાની જોગવાઈઓ અમલમાં લાવવી;

(ખ) અધિકૃત નગરપાલિકાએ મંજૂર કરેલા અંદાજપત્ર અનુસાર પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી નાણાં ખર્ચવા;

---

૧. સન ૧૯૭૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(ગ) કલમ ૧૩ની પેટા-કલમ (૨) ના ખંડો (છ) થી (જ) અને (ઠ) અને (ધ)માં નિર્દિષ્ટ કરેલાં ફરજો અને કાર્યો બજાવવાં;

(ઘ) ઠરાવવામાં આવે તેવાં બીજાં ફરજો અને કાર્યો બજાવવાં.

(૩) માન્ય શાળામાં બાળકે કેટલા દિવસો દરમિયાન અને દરેક દિવસે ક્યા વખત અને મુદત દરમિયાન શિક્ષણ લેવા માટે હાજર રહેવું તે ઠરાવવા બાબતના વિનિયમો મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડે નિયામકની મંજુરીથી કરવા.

## [2] [૫. વિલીન વિસ્તારો

*[૧૮-ક. (૧) ગવર્નર-જનરલે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ની કલમ-૨૯૦-ક મુજબ, કરેલા હુકમની રૂએ જેનો વહીવટ થતો હોય તેવા, કોઈપણ વિસ્તારમાં આવો હુકમ જે તારીખે કરવામાં આવ્યો હોય તે તારીખ (જેનો આ કલમમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તારીખ)ની તરત જ પહેલાં પ્રાથમિક શિક્ષણ હેતુઓ સારૂ એવા વિસ્તારની સરકાર અથવા સત્તામંડળને પ્રાપ્ત થયેલી, તે ધરાવતું હોય તેવી અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી, સઘળી પ્રાથમિક શાળાઓ, તેમનાં જમીનો, ઈમારતો, દફતરો અને સાધનસામગ્રી સહિત તથા બીજી સઘળી સ્થાવર જંગમ મિલકત, જો એવો વિસ્તાર જેને માટે જિલ્લા લોકલ બોર્ડ રચવામાં આવ્યું હોય એવા જિલ્લાનો ભાગ બન્યો હોય તો, જિલ્લા સ્કૂલ બોર્ડને અને બીજા દાખલામાં [2][રાજ્ય] સરકારને સદરહુ તારીખથી પ્રાપ્ત થશે, તે ધારણ કરશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે. વિલીન વિસ્તારમાં મિલકત પ્રાપ્ત થવા બાબત અને તેના સ્ટાફને લઈ લેવા બાબત.

(૨) પેટા-કલમ (૧) મુજબ કોઈપણ વિસ્તારમાં જે મુદત દરમિયાન મિલકત આવી રીતે [2][રાજ્ય] સરકારને પ્રાપ્ત થતી હોય અથવા તે ધારણ કરતી હોય અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તે મુદત દરમિયાન, [1][રાજ્ય] સરકાર અથવા આ અર્થે તે નીમે તેવો અધિકારી એ વિસ્તારમાં આ અધિનિયમ મુજબની જિલ્લા સ્કૂલ બોર્ડની સઘળી સત્તા વાપરે અને તેની સઘળી ફરજો બજાવે તો તે કાયદેસર ગણાશે.

(૩) આ કલમ મુજબ [1][રાજ્ય] સરકારને પ્રાપ્ત થયેલી, તે ધરાવતી હોય તેવી અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી સઘળી મિલકત [1][રાજ્ય] સરકાર રાજપત્રમાં જાહેર કરે તેવી તારીખથી, આવો વિસ્તાર જે જિલ્લામાં આવેલો હોય તે જિલ્લા માટે રચવામાં આવેલા જિલ્લા સ્કૂલ બોર્ડને અથવા જાહેરનામામાં [1][રાજ્ય] સરકાર નિર્દિષ્ટ કરે તેવી અધિકૃત નગરપાલિકાને પ્રાપ્ત થશે, તે ધારણ કરશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે.

(૪) યથાપ્રસંગ જિલ્લા બોર્ડે અથવા અધિકૃત નગરપાલિકાએ અથવા [1][રાજ્ય] સરકારે, યથાપ્રસંગ પેટા-કલમ (૩) મુજબ જાહેર કરવામાં આવેલી તારીખ અથવા સદરહુ તારીખની તરતજ પહેલાં, સરકારે અથવા સ્થાનિક સત્તામંડળે પ્રાથમિક શિક્ષણના હેતુને સારૂ નોકરીએ રાખેલા અથવા તેના તાબા હેઠળ હોય તેવા સઘળા પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓને જે શરતોએ તેમને સંબંધ તારીખની તરતજ પહેલાં નોકરીએ રાખેલા હોય તે શરતોએ અથવા [1][રાજ્ય] સરકાર નિર્દિષ્ટ કરે તેવી શરતોએ લઈ લેવા અને નોકરીએ રાખવા.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ ૪૯ની કલમ-૬થી આ શીર્ષક અને કલમ-૧૮-ક દાખલ કર્યા છે.

(૫) એવી રીતે કોઈપણ અમુક મિલકત જિલ્લા સ્કૂલ બોર્ડને, અધિકૃત નગરપાલિકાએ અથવા [૧][રાજ્ય] સરકારને પ્રાપ્ત થશે કે નહિ અથવા તે મિલકત તે ધારણ કરી શકશે કે નહિ અથવા તે મિલકત તેના નિયંત્રણ હેઠળ રહેશે કે નહિ અથવા કોઈ અમુક સ્ટાફ તેમાંથી કોઈએ એવી રીતે લઈ લેવો અને નોકરીએ રાખવો કે કેમ અથવા જે શરતોએ એવા સ્ટાફને લઈ લેવાનો અને રાખવાનો હોય તે શરતો વિશે કોઈપણ પ્રશ્ન તકરાર અથવા શંકા ઉભી થાય તે પ્રસંગે, તે બાબત [૧][રાજ્ય] સરકારને નિર્ણય માટે મોકલવી અને તે અંગેનો તેનો નિર્ણય છેવટનો ગણાશે.]

## પ્રકરણ ૪થું

## અનધિકૃત નગરપાલિકાઓ

અનધિકૃત નગરપાલિકાઓ સંબંધમાં સત્તા, વગેરે વાપરવા બાબત અને મિલકત ધારણ કરવા બાબત.

૧૯. (૧) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, પ્રાથમિક શિક્ષણના હેતુ સારૂ કોઈપણ અનધિકૃત નગરપાલિકાને પ્રાપ્ત થયેલી તે ધરાવતી હોય તેવી અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી સઘળી જંગમ અને સ્થાવર મિલકત જે જિલ્લામાં આવેલી હોય તે જિલ્લાના જિલ્લા સ્કૂલ બોર્ડને અથવા [૧][રાજ્ય] સરકાર અધિકૃત નગરપાલિકાની સંમતિથી નિર્દિષ્ટ કરે તેવી અધિકૃત નગરપાલિકાને પ્રાપ્ત થશે, તે ધારણ કરશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે; અને એવી કોઈપણ અનધિકૃત નગરપાલિકાના, તેણે એવા હેતુઓ સારૂ નોકરીએ રાખેલા પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓ સંબંધી સઘળા વિદ્યમાન અને ભવિષ્યના હકો, જવાબદારીઓ, સત્તા અને ફરજો, આ અધિનિયમ મુજબ પ્રસંગ પ્રમાણે સદરહુ જિલ્લા સ્કૂલ બોર્ડને અથવા અધિકૃત નગરપાલિકાને પ્રાપ્ત થશે અને તે બજાવશે અથવા વાપરશે અને અનધિકૃત નગરપાલિકાના વિસ્તારમાંની સઘળી માન્ય શાળાઓ પર તેનું નિયંત્રણ રહેશે.

(૨) [૧][રાજ્ય] સરકાર તે માટેનાં કારણો સાથે રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને કોઈપણ વખતે એમ ઠરાવી શકશે કે કોઈપણ અધિકૃત નગરપાલિકા આ અર્થે નિર્દિષ્ટ કરેલી તારીખથી અધિકૃત નગરપાલિકા હોતી બંધ થશે; અને એવી તારીખથી સદરહુ નગરપાલિકા અનધિકૃત નગરપાલિકા ગણાશે. તેમ થયે, પેટા-કલમ (૧) ની જોગવાઈઓ આવી નગરપાલિકાના દાખલામાં લાગુ પડશે.

(૩) જો [૧][રાજ્ય] સરકાર કોઈપણ અનધિકૃત નગરપાલિકાને તેના વિસ્તારમાંની સઘળી માન્ય શાળાઓ પર નિયંત્રણ રાખવાને કોઈપણ વખતે અધિકૃત કરે, તો સદરહુ નગરપાલિકા ત્યારબાદ અધિકૃત નગરપાલિકા ગણાશે. તેમ થયે, તેવા વિસ્તારના પ્રાથમિક શિક્ષણના હેતુઓ સારૂ જિલ્લા સ્કૂલ બોર્ડને અથવા અધિકૃત નગરપાલિકાને પ્રાપ્ત થયેલી અથવા તે ધારણ કરતું હોય તેવી અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવી સઘળી જંગમ અથવા સ્થાવર મિલકત આવી પ્રથમ જણાવેલી નગરપાલિકાને પ્રાપ્ત થશે, તે ધારણ કરશે અથવા તેના નિયંત્રણ હેઠળ રહેશે; અને એવા વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણના હેતુઓ સારૂ એવા જિલ્લા સ્કૂલ બોર્ડે અથવા અધિકૃત નગરપાલિકાએ નોકરીએ રાખેલા પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓ સંબંધી સઘળા વિદ્યમાન અને ભવિષ્યના હકો, જવાબદારીઓ, સત્તા અને ફરજો પણ સદરહુ પ્રથમ જણાવેલી નગરપાલિકાને પ્રાપ્ત થશે અને તે વાપરશે અથવા બજાવશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

## પ્રકરણ ૫મું

### વહીવટી તંત્ર

જિલ્લા સ્કૂલ બોર્ડ, અધિકૃત નગરપાલિકાઓ પૂરતો સ્ટાફ નિભાવવો તથા પગાર વગેરે આપવા બાબત.

૨૦. (૧) દરેક જિલ્લા સ્કૂલ બોર્ડે [૧][રાજ્ય] સરકારની મંજૂરી મેળવીને અને દરેક અધિકૃત નગરપાલિકાએ પોતાના વિસ્તારમાંની માન્ય શાળાઓના વહીવટ, વ્યવસ્થા અને નિયંત્રણ માટે [૨][અથવા કલમ ૩૫-ખ મુજબ રચેલી પ્રાથમિક શાળા પંચાયત આ અધિનિયમ મુજબના તેના કાર્યો કરી શકે તે માટે [૧][રાજ્ય] સરકારના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવા મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઇઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઊતરતા દરજ્જાના નોકરોનો પૂરતો સ્ટાફ અને (ઇજનેરી સ્ટાફ સહિત) બીજો સ્ટાફ નિભાવવો.

(૨) પેટા-કલમ (૧) મુજબ નિભાવવામાં આવતો સ્ટાફ પ્રસંગ પ્રમાણે,જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાના નોકરો ગણાશે અને તેમને, તેના પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી તેમના પગાર, ભથ્થા, [૩] * * ગ્રેચ્યુઇટી અને પેન્શન મળશે. [૪][જિલ્લા સ્કૂલ બોર્ડ તરફથી નિભાવવામાં આવતા આવા સ્ટાફને તેમનું પ્રોવિડન્ટ ફંડ કલમ ૪૬-ક મુજબ સ્થાપેલા ફંડમાંથી મળશે અને અધિકૃત નગરપાલિકા તરફથી નિભાવવામાં આવતા પ્રાથમિક શાળાના શિક્ષકોને તેમનું પ્રોવિડન્ટ ફંડ પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી મળશે.]

[૫][(૨ક) જિલ્લા સ્કૂલ બોર્ડ તરફથી નિભાવવામાં આવતા સ્ટાફ માટે [૬] * * * * કલમ ૪૬-ક મુજબ [૧][રાજ્ય] સરકારે સ્થાપેલા પ્રોવિડન્ટ ફંડમાં ભરવાની રકમોના તથા આપવાના ફાળાના દર તથા તેની બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.]

(૩) [૭][જિલ્લા સ્કૂલ બોર્ડ તરફથી નિભાવવામાં આવતા બધા સ્ટાફના તથા અધિકૃત નગરપાલિકા તરફથી નિભાવવામાં આવતા પ્રાથમિક શાળાના શિક્ષકોના] સંબંધમાં પગાર અને ભથ્થાંના દર અને નોકરીની શરતો [૧][રાજ્ય] સરકાર વખતોવખત નક્કી કરે તેવાં રહેશે.

(૪) પેટા-કલમ (૧) મુજબ નિભાવવામાં આવતા સ્ટાફે બજાવવાની ફરજો [૧][રાજ્ય] સરકાર વખતો વખત ઠરાવી શકશે.

વહીવટી અધિકારી.

૨૧. (૧) દરેક સ્કૂલ બોર્ડ માટે એક વહીવટી અધિકારી રહેશે. તે બોર્ડનો મુખ્ય કારોબારી અધિકારી રહેશે; તેની સત્તા અને ફરજો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) વહીવટી અધિકારીને [૧][રાજ્ય] સરકાર નીમશે અને તે [૧][રાજ્ય] સરકારનો નોકર ગણાશે. તે તેના પગાર અને ભથ્થાં [૧][રાજ્ય] ની ઉપજમાંથી મેળવશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૨. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૭ની કલમ-૨ થી આ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.
૩. સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૯ની કલમ-૨(૧) થી "પ્રોવિડન્ટ ફંડ" એ શબ્દો કાઢી નાંખ્યા છે.
૪. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ-૨(૧)થી આ ભાગ ઉમેર્યો છે.
૫. સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૯ની કલમ-૨(૨)થી આ પેટા-કલમ દાખલ કરી છે.
૬. ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ-૨(૨) થી "અને અધિકૃત નગરપાલિકાઓ તરફથી નિભાવવામાં આવતા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે" એ શબ્દો કાઢી નાખ્યા છે.
૭. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ-૨(૩) "પેટા-કલમ (૨-અ)માં ઉલ્લેખ કરેલા સેવક વર્ગના અને શિક્ષકોના" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૨૨. (૧) કલમ ૨૦ની જોગવાઈઓમાં ગમે તે ઠરાવ્યું હોય તે છતાં, [1][રાજ્ય] સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫ [2][અથવા રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારને બંધ બેસતો કરી લાગુ પાડ્યા પ્રમાણેના તે અધિનિયમ] મુજબ જે રચાયેલી હોય અને જેનો પ્રાથમિક શિક્ષણ પરનો વાર્ષિક ખર્ચ જાહેરનામાંની તારીખની તરતજ પહેલાંના ત્રણ નાણાકીય વર્ષો માટે રૂ. ૧,૦૦,૦૦૦ કરતાં ઓછા ન હોય તેવી અધિકૃત નગરપાલિકાનો વહીવટી અધિકારી નીમવાની સત્તા સોંપી શકશે. એ રીતે નિમાયેલો વહીવટી અધિકારી અધિકૃત નગરપાલિકાનો નોકર ગણાશે અને તે તેના પગાર, ભથ્થાં, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટિ અને પેન્શન પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી મેળવશે.

વહીવટી અધિકારીને નીમવાની સત્તા અમુક અધિકૃત નગરપાલિકાઓને સોંપવા બાબત.

(૨) આવા વહીવટી અધિકારીની નિમણૂક મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના કોઈ સૂચનો હોય તો તે મંગાવી અને વિચારમાં લીધા પછી અને [1][રાજ્ય] સરકારની મંજૂરી મેળવીને કરવી. આવા કોઈપણ અધિકારીને અધિકૃત નગરપાલિકાના કાઉન્સિલરોની એકંદર સંખ્યાના ઓછામાં ઓછા બે તૃતિયાંશ કાઉન્સિલરોએ પસાર કરેલા ઠરાવ સિવાય, [1][રાજ્ય] સરકારની પૂર્વ મંજૂરી વિના તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકશે નહિ, તેને પાયરીમાંથી ઉતારી શકાશે નહિ અથવા તેને સસ્પેન્ડ કરી શકાશે નહિ.

(૩) આવા વહીવટી અધિકારીનાં લાયકાત, પગાર ભથ્થાં અને નોકરીની શરતો અધિકૃત નગરપાલિકાએ [1][રાજ્ય] સરકારની મંજૂરીથી ઘડેલા વિનિયમો અનુસાર રહેશે.

૨૩. (૧) દરેક, [3][અધિકૃત નગરપાલિકા] માટે [3][અને કોઈ જિલ્લા પંચાયતની હકૂમતની અંદરના દરેક જિલ્લા માટે] એક સ્ટાફ પસંદગી સમિતિ રહેશે.

સ્ટાફ પસંદગી સમિતિ

(૨) સ્ટાફ પસંદગી સમિતિ, [4][તે જિલ્લાના શિક્ષણ નિરીક્ષક] અથવા નિયામક નીમે તેવા બીજા કોઈપણ અધિકારી, [5][અધિકૃત નગરપાલિકા માટે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને કોઈ જિલ્લા પંચાયતની હકૂમતમાંના જિલ્લા માટે આવી પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ] અને વહીવટી અધિકારીનો બનશે :

[6][પરંતુ આવા કોઈ જિલ્લા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૧૧ની પેટા-કલમ (૩) હેઠળ નીમવામાં આવી હોય તો એ રીતે નીમાયેલી સમિતિ, પ્રાથમિક શિક્ષકો અને પ્રાથમિક શિક્ષણના સંબંધમાં કલમ ૨૧૧ ની સદરહુ પેટા-કલમ (૩) હેઠળ ઠરાવવામાં આવે તેવા બીજા સ્ટાફની ભરતી કરવાને લાગેવળગે છે ત્યાં સુધી આવા જિલ્લા માટે સ્ટાફ પસંદગી સમિતિ ગણાશે].

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૩ ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૭થી આ શબ્દ દાખલ કર્યા છે.

૩. સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમના ખંડ ૩ના પેટા-ખંડ (૧)(અ) "જિલ્લા શાળા મંડળ અથવા અધિકૃત નગરપાલિકા" એ શબ્દોને બદલે "અધિકૃત નગરપાલિકા" અને "માટે" એ શબ્દો પછી "અને કોઈ જિલ્લા પંચાયતની હકૂમતની અંદરના દરેક જિલ્લા માટે" એ શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૫ના મુંબઈ અધિનિયમ ૨ ની કલમ-૩ની બીજી અનુસૂચિથી "વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૫. સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમના ખંડ ૩ના પેટા-ખંડ (૧)(બ)થી "શાળા મંડળ સભાપતિ" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૬. સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમથી આ પરંતુક ઉમેર્યો છે.

(૩) વહીવટી અધિકારી સ્ટાફ પસંદગી સમિતિના સેક્રેટરી તરીકે કામ કરશે.

(૪) સમિતિ મહાનગર વહીવટી અધિકારીઓ, સુપરવાઇઝરો, નિરીક્ષક અધિકારીઓ અને શિક્ષકો તરીકે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી કરશે અને જિલ્લા સ્કૂલ બોર્ડની બાબતમાં, ઊતરતા દરજ્જાના સ્ટાફ સિવાયના બીજા સ્ટાફની વ્યક્તિઓની પણ પસંદગી કરશે. સમિતિ તાલીમ માટે મોકલવાના શિક્ષકોની પસંદગી પણ કરશે. ઉમેદવાર અને શિક્ષકોની પસંદગી [1][રાજ્ય] સરકારે કાઢેલા સૂચનો અનુસાર કરવી.

(૫) યથાપ્રસંગ સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાએ અથવા વહીવટી અધિકારીએ એવી રીતે પસંદ કરેલા ઉમેદવારોની નિમણૂક સ્ટાફ પસંદગી સમિતિએ આપેલા આદેશ અનુસાર કરવી.

સ્કૂલ બોર્ડના સ્ટાફ ઉપર વહીવટી અધિકારીઓની સત્તા.

૨૪. (૧) વહીવટી અધિકારીને નિયામક વખતોવખત કાઢે તેવા સામાન્ય સૂચનાને આધીન રહીને, કલમ ૨૦ મુજબ નિભાવવામાં આવતા સ્ટાફને બઢતી આપવાની, તેની બદલી કરવાની અને તેની સામે (તેને હોદ્દા પરથી દૂર કરવા અથવા બરતરફ કરવા સહિત) શિસ્તનાં સઘળાં પગલાં લેવાની સત્તા રહેશે.

(૨) પેટા-કલમ (૧) મુજબ કરેલા બરતરફ કરવાના, હોદ્દા પરથી દૂર કરવાના, પાયરી ઉતારવાના અથવા જેમાં શિસ્તનાં પગલાંનો સમાવેશ થતો હોય તેવા બીજા કોઈપણ હુકમથી નારાજ થઈ હોય તેવી કોઈપણ વ્યક્તિ સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને [2][તે જિલ્લા શિક્ષણ નિરીક્ષક]ની બનેલી ટ્રિબ્યુનલને અપીલ સાદર કરી શકશે. ટ્રિબ્યુનલ પોતાના કામકાજના નિકાલ માટે ઠરાવેલી કાર્યરીતિ અનુસરશે. ટ્રિબ્યુનલના સભ્યો વચ્ચે મતભેદ પડે તે પ્રસંગે, અપીલ, નિયામકને નિર્ણય માટે મોકલવી અને નિયામકનો નિર્ણય [3][આ કલમની જોગવાઈઓને આધીન રહીને] [4][છેવટનો ગણાશે :

પરંતુ કોઈ જિલ્લા પંચાયતની હકૂમતની અંદર જિલ્લાની બાબતમાં, તે ટ્રિબ્યુનલમાં જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષનો અને જિલ્લાના શિક્ષણ નિરીક્ષકનો સમાવેશ થશે :]

[5][વધુમાં] આ અધિનિયમ જે તારીખે અમલમાં આવે તે તારીખે બાંહેધરીવાળો શિક્ષક હોય તેવો પ્રાથમિક શાળાનો શિક્ષક હોદ્દા ઉપરથી દૂર કરવાના અથવા બરતરફ કરવાના કોઈપણ હુકમ સામે, [1][રાજ્ય] સરકારને વધુ અપીલ કરી શકશે.

સ્પષ્ટીકરણ.-બાંહેધરીવાળો શિક્ષક એટલે એવા શિક્ષક તરીકે સન ૧૯૨૩ના જૂન મહિનાની ૩૦ મી તારીખે કાયમી નિમણૂક ધરાવતો હોય તેવો પ્રાથમિક શાળાનો કોઈ શિક્ષક.

---

૧. સન ૧૯૭૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૫ના મુંબઈ અધિનિયમ ૨ની કલમ-૩ની બીજી અનુસૂચિથી "વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા અધિનિયમની કલમ-૨(અ)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમના ખંડ ૩ના પેટા-ખંડ (૨)(અ) થી "છેવટનો ગણાશે" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૫. એજ હુકમના ખંડ ૩ના પેટા-ખંડ (૨)(બ) થી "પરંતુ" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(૩) પેટા-કલમ (૨) મુજબની અપીલ [1][જે હુકમ સામે કરવામાં આવી હોય તે હુકમની ખબર જે તારીખે નારાજ થયેલી વ્યક્તિને આપવામાં આવી હોય તે તારીખથી] ૩૦ દિવસની અંદર કરવી જોઈએ.

[2][(૪) આ કલમમાં અમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, કલમ ૨૦ મુજબ નિમાવવામાં આવતા સ્ટાફ સામે જેમાં શિસ્ત ભંગનો સમાવેશ થતો હોય તેવા પેટા-કલમ (૧) મુજબ વહીવટી અધિકારીએ કરેલા કોઈપણ હુકમના [3][અથવા પેટા-કલમ (૨) મુજબ ટ્રિબ્યુનલે અથવા નિયામકે અપીલમાં કરેલા કોઈપણ હુકમના] કાગળો સદરહુ હુકમ મુજબ કરવામાં આવેલ શિક્ષાના ખરાપણા અથવા યોગ્યતા બાબત પોતાની ખાતરી કરવાના હેતુ સારૂ મંગાવીને તપાસી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કરાવ્યા પછી, જો રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે સદરહુ હુકમમાં ફેરફાર કરવો જોઈએ, તે રદ કરવો જોઈએ, અથવા ફેરવવો જોઈએ, તો રાજ્ય સરકાર તે ઉપર પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે :

પરંતુ રાજ્ય સરકારે કોઈ વ્યક્તિને તેના બચાવમાં જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા સિવાય ફેરતપાસમાં તેની વિરુધ્ધ કોઈ હુકમ કરવો નહિ.]

## પ્રકરણ ૬ ઠ્ઠું

## ફરજિયાત શિક્ષણની યોજનાઓ તૈયાર કરી તેનો અમલ કરવા બાબત.

૨૫. નિયામક નિર્દિષ્ટ કરે તે વિસ્તારમાં અને તે ઉંમરના બાળકો માટે અને તે ધોરણ સુધી અને તે મુદતની અંદર આ અર્થે નિયામક તરફથી મળેલા આદેશો અનુસાર ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવા માટે યોજના તૈયાર કરવાની ફરજ જિલ્લા સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારીની રહેશે. વહીવટી અધિકારીએ પોતે આવી રીતે તૈયાર કરેલી યોજના વિષે જિલ્લા સ્કૂલ બોર્ડનાં મંતવ્ય અને સૂચનો મેળવવા અને તેવા કાંઈ મંતવ્યો અને સૂચનો હોય તો તે સાથે તે યોજના તેણે નિયામકને સાદર કરવી અને નિયામકે તે યોજના પોતાના શેરા સાથે [4][રાજ્ય] સરકારને મોકલી આપવી. — યોજના તૈયાર કરવા બાબત.

૨૬. (૧) અધિકૃત નગરપાલિકા ઠરાવ કરીને પોતાના આખા વિસ્તારમાં અથવા તેના કોઈ ભાગમાં, પોતે નક્કી કરે તેટલી ઉંમરનાં બાળકો માટે અને તેટલા ધોરણ સુધી ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવાનો પોતાનો ઇરાદો જાહેર કરી શકશે અને તેણે પોતાની દરખાસ્ત યોજનાના સ્વરૂપમાં નિયામક મારફત [4][રાજ્ય] સરકારને સાદર કરવી જોઈશે. — અધિકૃત નગરપાલિકાએ યોજના તૈયાર કરવા બાબત.

(૨) અધિકૃત નગરપાલિકાએ, જો તેને [4][રાજ્ય] સરકાર તેમ કરવાનું ફરમાવે તો [4][રાજ્ય] સરકાર નિર્દિષ્ટ કરે તે વિસ્તારમાં અને તે ઉંમરના બાળકો માટે અને તે ધોરણ સુધી અને તે મુદતની અંદર ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવાની યોજના [4][રાજ્ય] સરકાર નિર્દિષ્ટ કરે તેવા વખતની અંદર નિયામકને સાદર કરવી જોઈએ.

---

૧. સન ૧૯૫૪ના મુંબઈ અધિનિયમ ૨૬ની કલમ-૩ થી અમુક શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.
૨. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ-૫ થી પેટા-કલમ (૪) ઉમેરી છે.
૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૫૦ની કલમ-૨(૫) થી આ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કર્યા છે.
૪. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

યોજનામાં સમાવિષ્ટ કરવાની વિગતો.

૨૭. આગળની બે કલમો મુજબ સાદર કરવાની યોજના ઠરાવેલા નમૂના પ્રમાણે હોવી જોઈશે અને તેમાં નીચેની વિગતોનો સમાવેશ કરવો જોઈશે :

(ક) ફરજિયાત શિક્ષણ વિસ્તાર;

(ખ) જે ઉંમરના બાળકોને યોજના લાગુ પડવાની હોય તે ઉંમરના બાળકો જે ભાષા બોલતાં હોય તે ભાષાવાર તેમના વર્ગીકરણવાળી તેમની વસતિ-ગણતરી;

(ગ) જે ભાષામાં શિક્ષણ અપાતું હોય અથવા આપવા ધાર્યું હોય તે ભાષાવાર વર્ગીકરણવાળી વિદ્યમાન માન્ય શાળાઓની અને ખોલવા ધારેલી શાળાઓની યાદી;

(ઘ) ચાલુ તથા નિમવા ધારેલા મદદનીશ વહીવટી અધિકારીઓ, સુપરવાઈઝરો, નિરીક્ષણ અધિકારીઓ, કારકુનો, શિક્ષકો અને ઊતરતા દરજ્જાના નોકરોની અનુસૂચિ;

(ચ) યોજનાનું આવર્તક અને અનાવર્તક ખર્ચ અને કોઈ અધિકૃત નગરપાલિકાએ સાદર કરેલી યોજનાની બાબતમાં,વધારાના આવર્તક અને અનાવર્તક ખર્ચનો પોતાનો હિસ્સો ભોગવવાને સંમતિ આપતો તે નગરપાલિકાનો ઠરાવ;

(છ) ફરજિયાત શિક્ષણના વિસ્તારમાં કોઈ અનધિકૃત નગરપાલિકા હોય તો, કલમ ૪૧ની પેટા-કલમ (૨) મુજબ [1][રાજ્ય] સરકારે કાઢેલા હુકમો અનુસાર તે નગરપાલિકાએ આપવાના વાર્ષિક ફાળાની રકમ.

યોજનાને [1][રાજ્ય] સરકારની મંજૂરી.

૨૮. (૧) [1][રાજ્ય] સરકાર, જરૂરી હોય તેવી તપાસ કર્યા પછી કલમ ૨૫ અથવા ૨૬ મુજબ સાદર કરવામાં આવેલી યોજના ફેરફાર સાથે અથવા ફેરફાર વગર મંજૂર કરી શકશે. આવી રીતે મંજૂર કરેલી યોજના [1][રાજ્ય] સરકાર રાજપત્રમાં જાહેર કરે તે તારીખથી અમલમાં આવશે. સન ૧૯૪૭ના મુંબઈનો ૬૧મો

(૨) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ મુજબ [2][અથવા સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬] મુજબ મંજૂર કરેલી અને આ અધિનિયમ [3][સંબંધિત વિસ્તારમાં] અમલમાં આવે તેની તરત જ પહેલાં અમલમાં આવે તેવી ફરજિયાત શિક્ષણની દરેક યોજના આ અધિનિયમ મુજબ મંજૂર કરેલી યોજના છે એમ ગણાશે. સન ૧૯૫૬ના સૌરાષ્ટ્રનો ૩૩મો.

મંજૂર કરેલી યોજનાઓમાં ફેરફાર વગેરે કરવા બાબત.

૨૯. મંજૂર કરેલી યોજના, અધિકૃત નગરપાલિકા [1][રાજ્ય] સરકારની મંજૂરી લઈને, પાછી ખેંચી લઈ શકશે અથવા તેમાં વખતોવખત ફેરફાર કરી શકશે અથવા [1][રાજ્ય] સરકાર, રાજપત્રમાં તેમ કરવાનાં કારણો સાથે હુકમ પ્રસિદ્ધ કરીને, તેમાં ફેરફાર કરી શકશે, તે રદ કરી શકશે અથવા કામચલાઉ મોકૂફ રાખી શકશે.

અમુક વર્ગોના બાળકોને મુક્ત રાખવાની સત્તા.

૩૦. [1][રાજ્ય] સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને કોઈપણ ફરજિયાત શિક્ષણ વિસ્તારમાંના અથવા તેના કોઈપણ ભાગમાંના કોઈપણ અમુક વર્ગનાં અથવા કોમનાં કોઈપણ જાતનાં બાળકોને મુક્ત રાખી શકશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૨. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૮ (૧) થી આ શબ્દો અને આંકડા દાખલ કર્યા છે.
૩. એજનની કલમ-૮ (૨) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩૧. યોજના મંજૂર કરવામાં આવે, ત્યારે ફરજિયાત શિક્ષણ વિસ્તારમાં, યથાપ્રસંગ જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા નિભાવતી હોય તેવી કોઈપણ શાળામાં, તે યોજનામાં સમાવિષ્ટ કરેલાં ધોરણો માટે કોઈપણ બાળક માટે કાંઈપણ ફી લઈ શકાશે નહિ.

ફરજિયાત શિક્ષણ વિસ્તારમાં કાંઈપણ ફી નહિ લેવા બાબત.

૩૨. દરેક ફરજિયાત શિક્ષણ વિસ્તારમાં, જેને યોજના લાગુ પડતી હોય તે દરેક બાળકના પિતા અથવા માતાએ, આમાં હવે પછી જણાવ્યા પ્રમાણેનું વ્યાજબી કારણ હોય તે સિવાય અને જો આવા પિતા અથવા માતા અને બાળક આવા વિસ્તારમાં સામાન્ય રીતે રહેતાં હોય, તો આવા બાળકને એવા વિસ્તારમાંની માન્ય શાળામાં મોકલવું જોઈશે.

બાળકને શાળામાં મોકલવાની પિતા અથવા માતાની ફરજ.

૩૩. બાળકને માન્ય શાળામાં નહિ મોકલવા માટે નીચેના કોઈપણ પ્રસંગે પિતા અથવા માતાને વાજબી કારણ છે તેમ ગણાશે.-

વાજબી કારણનો અર્થ.

(ક) માંદગી, અશક્તિ અથવા બીજા અનિવાર્ય કારણને લીધે બાળક શાળાએ જઈ શકતું ન હોય, તો;

(ખ) માન્ય શાળા સિવાય બીજી રીતે બાળકને એવું શિક્ષણ મળતું હોય કે જે સ્કૂલ બોર્ડના અભિપ્રાય પ્રમાણે કાર્યદક્ષ હોય અથવા યોજનામાં સમાવિષ્ટ કરેલા ધોરણ સુધી પ્રાથમિક શિક્ષણ પૂરૂં કરી લીધાનું પ્રમાણપત્ર સ્કૂલ બોર્ડ પાસેથી બાળકને મળેલું હોય તો;

(ગ) યથાપ્રસંગ, કલમ ૧૩ અથવા ૧૮ મુજબ સ્કૂલ બોર્ડે નક્કી કરેલાં અંતરમાં કોઈપણ માન્ય શાળા ન હોય તો;

(ઘ) યોગ્ય રીતે અરજી કર્યા પછી બાળકને કોઈ માન્ય શાળામાં દાખલ કરવાની ના પાડવામાં આવી હોય અને તેને દાખલ કરી શકાય એવી બીજી માન્ય શાળા યથાપ્રસંગ, કલમ ૧૩ અથવા ૧૮ મુજબ નક્કી કરેલા અંતરમાં ન હોય, તો બાળકને દાખલ કરી શકાય એમ છે એવી ખબર વહીવટી અધિકારી પિતા અથવા માતાને આપે નહિ ત્યાં સુધી;

(ચ) બાળક બોલતું હોય તે ભાષામાં શિક્ષણ આપતી કોઈપણ માન્ય શાળા તે અંતરમાં ન હોય, તો;

(છ) જેને માટે પિતા અથવા માતાને વાંધો હોય તેવું ધાર્મિક શિક્ષણ બાળકે મેળવ્યા સિવાય જે શાળામાં તેઓ બાળકને મોકલી શકે તેવી કોઈપણ માન્ય શાળા તે અંતરમાં ન હોય તો;

૩૪. (૧) સ્કૂલ બોર્ડને એવી ખાતરી થાય કે કલમ ૩૨ ની જોગવાઈઓ મુજબ કોઈ બાળકના પિતા અથવા માતા, જેઓ તેને માન્ય શાળામાં મોકલવાને બંધાયેલ હોય તેઓ તે શાળામાં તેને મોકલવાને ચૂક્યા છે ત્યારે સ્કૂલ બોર્ડ તેના પિતા અથવા માતાને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી અને પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અને તે તારીખથી તે બાળકને માન્ય શાળામાં મોકલવાનો પિતા અથવા માતાને ફરમાવતો હુકમ કરી શકશે.

શાળામાં મોકલવા માટે હુકમ કાઢવા બાબત.

(૨) સ્કૂલ બોર્ડ પોતાના કોઈપણ સભ્યને અથવા વહીવટી અધિકારીને અથવા સ્કૂલ બોર્ડના બીજા અધિકારીને આ સત્તા સોંપી શકશે.

(૩) પેટા-કલમ (૧) મુજબ કરેલા હુકમથી નારાજ થયેલા કોઈ પિતા અથવા માતા, આવા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર [1][જિલ્લા શિક્ષણ નિરીક્ષક] ને અપીલ કરી શકશે અને નિરીક્ષક પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે હુકમ બહાલ રાખી શકશે અથવા રદ કરી શકશે.

બાળકને શાળામાં નહિ મોકલવા બદલ શિક્ષા.

[2][૩૫. (૧) કોઈપણ પિતા અથવા માતા સામે કોઈ બાળકના સંબંધમાં કલમ ૩૪ની પેટા-કલમ (૧) મુજબ હુકમ કરવામાં આવ્યો હોય અને એવા પિતા અથવા માતા એવા હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તારીખથી એવા બાળક સંબંધમાં કલમ ૩૨ની જોગવાઈઓનું પાલન કરવાને ચૂકે તો, આવો હુકમ સદરહુ કલમ ૩૪ની પેટા-કલમ (૩) મુજબ કરેલી અપીલમાં રદ કરવામાં આવે તે સિવાય, એવા પિતા અથવા માતાને, દોષિત ઠર્યેથી બે રૂપિયા કરતાં વધુ ન હોય તેટલી રકમના દંડની શિક્ષા થશે; અને આવી રીતે દોષિત ઠર્યા પછી આ પ્રમાણે ચૂક કરવાનું ચાલુ રહે તે પ્રસંગે આવી ચૂક કરવાનું ચાલુ રહે અથવા તેનું પુનરાવર્તન કરવામાં આવે તે દરેક દિવસ માટે તેને આઠ આનાની દંડની શિક્ષા પણ થશે.

(૨) કોઈપણ કોર્ટે, વહીવટી અધિકારીએ અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા બીજા કોઈપણ અધિકારીએ [3][રૂબરૂ રજૂ કરાયેલી અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલાવેલી ફરિયાદ] સિવાય, પેટા-કલમ (૧) મુજબના ગુનાની વિચારણા કરવી નહિ.]

જેને યોજના લાગુ પડતી હોય તેવા બાળકને નોકરીએ રાખવા બદલ શિક્ષા.

૩૬. (૧) જે કોઈ વ્યક્તિ પોતાના વતી અથવા કોઈ વ્યક્તિના વતી, જેનાં સંબંધમાં કલમ ૩૨ની જોગવાઈઓ લાગુ પડતી હોય તે કોઈ બાળકને તેનાં શિક્ષણમાં દખલગીરી થાય તે રીતે જાણીબૂઝીને પોતાની નોકરીએ રાખે તે વ્યક્તિ, દોષિત ઠર્યેથી, પચીસ રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

(૨) વહીવટી અધિકારીએ અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ [4][બીજા કોઈ અધિકારીએ રૂબરૂ રજૂ કરેલી અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલેલી ફરિયાદ] હોય તે સિવાય કોઈપણ કોર્ટે, આ કલમ મુજબ ગુનાની વિચારણા કરવી નહિ અને કોઈ વ્યક્તિ સામે આ કલમ મુજબના કોઈ ફરિયાદ કરતાં પહેલાં વહીવટી અધિકારીએ અથવા એવા અધિકારીએ, તે વ્યક્તિ ઉપર અગાઉ પેટા-કલમ (૧) મુજબ ગુનો સાબિત થયો ન હોય તો તેને ચેતવણી અપાવવી જોઈશે.

કલમો ૩૫ અને ૩૬ મુજબના ગુનાઓનો ઇન્સાફ કરવાની સત્તા ધરાવતી કોર્ટ.

[5][૩૬-ક. કોઈ પિતા અથવા માતા સામે કલમ-૩૫ની પેટા-કલમ (૧) મુજબના ગુનાની અથવા કોઈ વ્યક્તિ સામે કલમ-૩૬ની પેટા-કલમ (૧) મુજબના ગુનાની વિચારણા કરવાના હેતુ માટે.-

(૧) એવા પિતા અથવા માતા અથવા વ્યક્તિ જે નગર અથવા ગામમાં ઇન્સાફી મેજિસ્ટ્રેટ પોતાની કોર્ટ ભરતા હોય તે નગર અથવા ગામમાં રહેતાં હોય તો, એવા મેજિસ્ટ્રેટની કોર્ટ,

(૨) એવા પિતા અથવા માતા અથવા વ્યક્તિ જે ન્યાય પંચાયતને મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૩૩ની કલમ-૪૧ના ખંડ (છ) સાથે વાંચતાં તેની કલમ-૩૭ની પેટા-કલમ (૨) મુજબ એવા ગુનાની વિચારણા કરી તેનો ઇન્સાફ કરવાનો અધિકાર આપવામાં આવ્યો હોય ને ન્યાય પંચાયતની હકૂમતની હદમાં રહેતાં હોય તો, આવી ન્યાય પંચાયત, અને — સન ૧૯૩૩નો મુંબઈનો ૬ઠો.

(૩) એવા પિતા અથવા માતા અથવા વ્યક્તિ બીજે સ્થળે રહેતા હોય તો, કલમ ૩૬-ખ મુજબ રચેલી જે પ્રાથમિક શાળા પંચાયતની હકૂમતની હદમાં આવા પિતા અથવા માતા અથવા વ્યક્તિ રહેતાં હોય તે પ્રાથમિક શાળા પંચાયત,

---

૧. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ ૨ની કલમ ૩ની બીજી અનુસૂચિથી "શિક્ષણના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૨. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ-૬ થી અસલને બદલે કલમ-૩૫ દાખલ કરી છે.

૩. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૬૦ની કલમ ૩થી "દાખલ કરેલી ફરિયાદ"એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૭ના મુંબઈ અધિનિયમ ૬૦ની કલમ-૪થી "બીજા કોઈપણ અધિકારીની ફરિયાદ" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૫. એજનની કલમ-૫ થી કલમો ૩૬-ક થી ૩૬-ખ દાખલ કરી છે.

આવા ગુનાની વિચારણા કરવાને સત્તા ધરાવતી કોર્ટ ગણાશે.

પ્રાથમિક શાળા પંચાયતની રચના; તેની સત્તા અને કાર્યરીતિ.

૩૬-ખ. (૧) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કલમ ૩૬-કના ખંડ (૩)માં ઉલ્લેખેલા વિસ્તારોમાં કલમો ૩૫ અને ૩૬ મુજબ શિક્ષા થઈ શકે એવા ગુનાઓનો ઇન્સાફ કરવા માટે પ્રાથમિક શાળા પંચાયત રચી શકશે.

(૨) પેટા-કલમ (૧) મુજબ રચાયેલી પ્રાથમિક શાળા પંચાયત રાજ્ય સરકારે નીમેલા ત્રણ સભ્યોની બનશે, જેમાંનો એક અધ્યક્ષ થશે. આ સભ્યોની લાયકાત ઠરાવવામાં આવે તેવી રહેશે. એવી રીતે નિમાયેલા સભ્યો રાજ્ય સરકારની ખુશી ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(૩) પ્રાથમિક શાળા પંચાયતના કામકાજના નિકાલ માટે બે સભ્યોનું કોરમ બનશે.

(૪) પ્રાથમિક શાળા પંચાયતના સભ્યની ખાલી પડેલી કોઈ જગા જેમ બને તેમ જલ્દી પૂરવી જોઈશે :

પરંતુ આવી કોઈ જગા ખાલી હોય તે દરમિયાન ચાલુ સભ્યો, એ જગા ખાલી પડી ન હોય તેમ કામ કરી શકશે.

(૫) પ્રાથમિક શાળા પંચાયતે, આ અધિનિયમમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, કલમ ૩૫ અથવા કલમ ૩૬ મુજબ શિક્ષા થઈ શકે એવા ગુનાને લગતા મુકદમાના સંબંધમાં, મુંબઈ ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૩૩ના પ્રકરણો ૬, ૭ અને ૮ મુજબના એવા ગુનાના સંબંધમાં, ન્યાય પંચાયતને જે સત્તા છે તે જ સત્તા રહેશે અને ન્યાય પંચાયત જે કાર્યરીતિ અનુસરે છે તે જ કાર્યરીતિ તે અનુસરશે અને સદરહુ પ્રકરણોની જોગવાઈઓ આવા મુકદમાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે. આવા ગુનાની વિચારણા કરનાર ઇન્સાફી માટે મેજિસ્ટ્રેટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૨૬૩માં ઠરાવેલી રીતે મુકદમાનો ઇન્સાફ સંક્ષિપ્ત રીતે કરવો.

માન્ય શાળાના શિક્ષકનું પ્રમાણપત્ર કસૂરદારનું પાલન કરવાને પિતા અથવા માતાએ ચૂક કરી છે તે બાબતનો નિર્ણાયક પુરાવો ગણાશે.

૩૬-ગ. કલમ ૩૪ની પેટા-કલમ (૧) મુજબ આપેલા આદેશ અનુસાર કોઈ બાળકના પિતા અથવા માતા એવા બાળકને માન્ય શાળામાં મોકલવાને ચૂક્યાં હોય તે પ્રસંગે એવી શાળાના મુખ્ય શિક્ષકે એવી મતલબનું પ્રમાણપત્ર કાઢવું કે આવા આદેશ અનુસાર આવા માતા પિતા અથવા માતા માન્ય શાળામાં બાળકને મોકલવાને ચૂક્યા છે અને આવું પ્રમાણપત્ર વિરુદ્ધ સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી કલમ ૩૫ મુજબની પિતા અથવા માતા સામેની ફરિયાદમાં તેવી ચૂક બાબતને નિર્ણાયક પુરાવો છે એમ માની લેવામાં આવશે.

ચાલુ કાર્યવાહી સંબંધી અપવાદ.

૩૬-ઘ. કોઈ વિસ્તાર માટે કલમ ૩૬-ખ મુજબ જે તારીખે પ્રાથમિક શાળા પંચાયત રચવામાં આવી હોય તે તારીખે તે વિસ્તારમાંની કોઈ કોર્ટ સમક્ષ ચાલુ હોય તેવી કલમ ૩૫ અથવા ૩૬ મુજબની દરેક ફરિયાદનો અને એવી કોઈ ફરિયાદમાંથી ઊભી થતી અને તેને આનુષંગિક તમામ કાર્યવાહીનો ઇન્સાફ તે કોર્ટે અથવા તેનો ઇન્સાફ કરવાની હકૂમત ધરાવતી બીજી કોઈ કોર્ટે, એવા વિસ્તાર માટે આવી કોઈ પ્રાથમિક શાળા પંચાયત રચવામાં આવી ન હોય તેમ કરવો, તે સાંભળવી અને તેનો નિર્ણય કરવો.]

વહીવટી અધિકારી રાજ્ય સેવક ગણાશે.

[1][૩૭. દરેક વહીવટી અધિકારી, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ પ્રમાણે રાજ્ય સેવક ગણાશે.]

---

૧. સન ૧૯૪૭ના મુંબઈ અધિનિયમ ૪૭ની કલમ-૮થી મૂળ કલમને બદલે આ કલમ દાખલ કરી છે.

## પ્રકરણ ૭ મું

### માન્ય શાળાઓ.

માન્ય શાળાઓના વિષય, અભ્યાસક્રમ વિગેરે.

૩૮. માન્ય શાળાઓના વિષય, અભ્યાસક્રમ, પુસ્તક અને શિક્ષણના ધોરણ [૧][રાજ્ય] સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરે તેવાં રહેશે.-

[૨][* * * * * *]

માન્ય શાળાઓની તપાસણી; પત્રકો.

૪૦. (૧) દરેક માન્ય શાળા, [૧][રાજ્ય] સરકારના તપાસણી અધિકારીઓ ખાસ કરીને નીચેની બાબતોની ખાતરી કરવાના હેતુ માટે તપાસણી કરી શકે તે માટે શાળાના સમય દરમિયાન ખુલ્લી રહેશે :-

(ક) કલમ ૩૮ની જોગવાઈઓ અનુસાર શિક્ષણ આપવામાં આવે છે કે કેમ;

(ખ) શાળામાં બાળકોની ફરજિયાત હાજરીને લગતી આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં આવે છે કે કેમ;

(ગ) શાળાનાં બાળકોનું સ્વાસ્થ્ય સંતોષકારક છે કે કેમ;

(ઘ) આપવામાં આવતું શિક્ષણ અહિતકારક પ્રકારનું છે કે કેમ;

(ચ) રજિસ્ટરો અને રેકર્ડ નિયામકે ઠરાવ્યા પ્રમાણે રાખવામાં આવે છે કે કેમ.

(૨) વહીવટી અધિકારીએ અને માન્ય શાળાના મેનેજરે નિયામક વખતોવખત ઠરાવે તે પત્રકો અને તે માહિતી પૂરી પાડવી જોઈશે અને કલમ ૪૮ની પેટા-કલમ (૧) મુજબ નીમેલા અધિકારીઓને તથા પેટા-કલમ મુજબ નિયામકે ખાસ ડેપ્યુટ કરેલા કોઈ અધિકારીને તેમની ફરજો અદા કરવાના કામમાં તેમણે વાજબી સગવડો આપવી જોઈશે.

### [૩][પ્રકરણ ૭-ક.]

### ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતા આપવા બાબત.

ખાનગી પ્રાથમિક શાળાઓએ માન્યતા સિવાય પ્રાથમિક શિક્ષણ આપવા સામે પ્રતિબંધ.

૪૦-ક (૧) મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૯ના આરંભે અને તે પછી, રાજ્ય સરકાર, સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા સિવાયની કોઈપણ વ્યક્તિથી, શાળા મારફતે પ્રાથમિક શિક્ષણ આપી શકાશે નહિ, સિવાય કે એવી શાળાને આ કલમ હેઠળ માન્ય કરી હોય. સન ૧૯૮૯નો ગુજરાત ૨૭મો.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૮૯ના ગુજરાત અધિનિયમ ૨૭ની કલમ-૩ થી કલમ ૩૯ કમી કરી છે.

૩. એજની કલમ-૪થી આ પ્રકરણો દાખલ કર્યો છે.

(૨) જેને પેટા-કલમ (૧) લાગુ પડે અને પ્રાથમિક શાળા સ્થાપીને જે પ્રાથમિક શિક્ષણ આપવા ઇચ્છે તે દરેક વ્યક્તિ, પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય (જેનો આમાં હવે પછી, "નિયામક" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ અન્ય કોઈ અધિકારી (જેનો આમાં હવે પછી, "અધિકૃત અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી ફી આપીને અરજી કર્યે અને પેટા-કલમ (૪)ની જોગવાઈઓને અધીન રહીને, આવી માન્યતા માટે ઠરાવવામાં આવે તેવી શરતોનું પાલન થયે, એવી શાળા માન્ય કરાવવા માટે હકદાર થશે.

[illegible] (૩) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૬ના આરંભે, જે ખાનગી પ્રાથમિક શાળા, સ્કૂલ બોર્ડ તરફથી અથવા રાજ્ય સરકાર તરફથી અથવા આ અર્થે પોતે અધિકૃત કરેલા અધિકારી તરફથી માન્ય શાળા તરીકે માન્ય ગણાતી હોય તેવી દરેક ખાનગી પ્રાથમિક શાળા, એવા આરંભની તારીખથી આ કલમ હેઠળ માન્ય થઈ હોવાનું ગણાશે અને પેટા-કલમ (૭) હેઠળ એવી માન્યતા પાછી ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી એવી રીતે માન્ય હોવાનું ચાલુ રહેશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળ કરેલી અરજી મળ્યે, યથાપ્રસંગ, નિયામકે અથવા અધિકૃત અધિકારીએ, ઠરાવવામાં આવે તે રીતે એવી અરજીના સંબંધમાં વિચારણા કરીને તપાસ કરવી જોઈશે અને ત્યારબાદ શાળાને માન્ય રાખવી કે માન્યતા માટેની અરજી નામંજૂર કરવી કે કેમ તે અંગેની અરજી મળ્યાની, તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર નિર્ણય લેવો જોઈશે.

(૫) શાળાને માન્યતા આપતી વખતે, નિયામક અથવા અધિકૃત અધિકારી,શાળાના સંચાલન અંગે પોતાને યોગ્ય લાગે તેવી ઠરાવેલ શરતો મૂકી શકશે.

(૬) દરેક માન્ય શાળાને, ઠરાવેલા નમૂનામાં માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૭) માન્ય શાળાના સંચાલનનો હવાલો ધરાવતી કોઈપણ વ્યક્તિ, નિયામકે અથવા અધિકૃત અધિકારીએ ઠરાવેલી રીતે યોગ્ય તપાસ કર્યા પછી, આ અધિનિયમ અથવા આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો અથવા રાજ્ય સરકારે તેને આપેલી કોઈપણ સૂચનાઓ હેઠળ એવી વ્યક્તિ ઉપર મૂકેલી કોઈપણ ફરજ બજાવવામાં કસૂર કરતી હોવાનું જણાયું હોય, ત્યારે યથાપ્રસંગ, નિયામક અથવા અધિકૃત અધિકારી, એવી વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, એવો આદેશ કરશે કે શાળાની માન્યતા, આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી પાછી ખેંચી લેવી અથવા કાયમ માટે પાછી ખેંચી લેવી.

(૮) પેટા-કલમ (૪) અથવા પેટા-કલમ (૭) હેઠળ નિયામક અથવા અધિકૃત અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ કોઈપણ વ્યક્તિ, જે તારીખે નિર્ણયની તેને જાણ કરવામાં આવે તે તારીખથી એક મહિનાની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને રાજ્ય સરકાર, અપીલની અરજી રજૂ કર્યાની તારીખથી બે મહિનાની અંદર અપીલનો નિર્ણય કરશે અને એવી અપીલ અંગેનો નિર્ણય આખરી રહેશે.

(૯) રાજ્ય સરકાર પૂરતું કારણ દર્શાવવામાં આવ્યે, કોઈપણ સમયે એવો આદેશ કરી શકશે કે શાળાની જે માન્યતા પાછી ખેંચી લીધી હોય તે માન્યતા, ઠરાવવામાં આવે તેવી શરતોએ અને તેટલી ફીની ચુકવણી કર્યે અને રાજ્ય સરકારને મૂકવાનું યોગ્ય લાગે તેવી વધુ શરતોએ પુનઃસ્થાપિત કરી શકાશે.

(૧૦) પેટા-કલમ (૭) હેઠળ શાળાની માન્યતા પાછી ખેંચી લીધી હોય, ત્યારે તેના સંચાલનનો હવાલો ધરાવતી વ્યક્તિને કાઢી આપેલું માન્યતા પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યું છે એમ ગણાશે અને એવી વ્યક્તિએ, નિયામકને અથવા અધિકૃત અધિકારીને માન્યતા પ્રમાણપત્ર તરત જ સુપ્રત કરવું જોઈશે. માન્યતા પ્રમાણપત્ર રદ કર્યાની બાબત, યથાપ્રસંગ, નિયામકે અથવા અધિકૃત અધિકારીએ રાજ્યપત્રમાં અને નિયામક અથવા અધિકૃત અધિકારી પસંદ કરે તેવા વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવી જોઈએ.

## પ્રકરણ ૭-ખ

### માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને શિક્ષા કરવા માટેની કાર્યરીતિ

શિક્ષકોને બરતરફ કરવા, દૂર કરવા અથવા પાયરી ઉતારવા બાબત.

૪૦-ખ. (૧) (ક) માન્ય ખાનગી પ્રાથમિક શાળાના કોઈપણ શિક્ષકને–

(૧) તેના સંબંધમાં લેવા ધારેલા પગલા સામે સંચાલકે કારણ દર્શાવવાની તેને તક આપી ન હોય; અને

(૨) જેની હકૂમતમાં ખાનગી પ્રાથમિક શાળા આવેલી હોય તે સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારીએ, તેના સંબંધમાં લેવા ધારેલા પગલાને લેખિતમાં મંજૂરી આપી ન હોય,

ત્યાં સુધી બરતરફ કરી શકાશે નહિ અથવા દૂર કરી શકાશે નહિ અથવા તેને પાયરીમાંથી ઉતારી શકાશે નહિ તેમજ અન્યથા તેની સેવા સમાપ્ત કરી શકાશે નહિ :

પરંતુ એક વર્ષથી ઓછી મુદત માટે કામચલાઉ નિમાયેલા શિક્ષકને અથવા એક વર્ષથી ઓછી મુદત માટે રજા દરમિયાન ખાલી પડેલી જગા ઉપર કામચલાઉ નિમાયેલા શિક્ષકને આ ખંડમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ–એક વર્ષથી ઓછી મુદત માટે કામચલાઉ નિમાયેલા શિક્ષકે અથવા રજા દરમિયાન ખાલી પડેલી જગા ઉપર, એવી ખાલી જગાની મુદત સુધી કામચલાઉ નિમાયેલા શિક્ષકે, આવી નિમણૂંકની અગાઉ કોઈપણ સમયે, એક જ ખાનગી પ્રાથમિક શાળામાં અથવા એક જ સંચાલન હેઠળની બીજી ખાનગી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી હોય અને આવી ભૂતપૂર્વ નોકરીની અને જેના માટે તેની નિમણૂક કરી હોય તે નોકરીની એકંદર મુદત એક વર્ષ કરતાં વધુ હોય તો તે, આવી મુદત માટે કામચલાઉ નિમાયેલા શિક્ષક છે એમ ગણાશે નહિ.

(ખ) વહીવટી અધિકારીએ શાળાના સંચાલકને સૂચિત પગલાંની તેની મંજૂરી અથવા નામંજૂરીની લેખિત જાણ, આવી દરખાસ્ત વહીવટી અધિકારીને મળે તે તારીખથી પીસ્તાલીસ દિવસની મુદતની અંદર કરવી જોઈએ.

(૨) વહીવટી અધિકારી પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલ પીસ્તાલીસ દિવસની મુદતની અંદર મંજૂરી અથવા નામંજૂરીની જાણ કરવાને ચૂકે ત્યારે સૂચિત પગલું સદરહુ મુદત પૂરી થયાની તારીખે વહીવટી અધિકારીએ મંજૂર કર્યું છે એમ ગણાશે.

(૨) ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકને સુનાવણીની વાજબી તક આપવામાં આવી ન હોય, તો એવા શિક્ષકને (પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ હોય તે સિવાયની શિક્ષા હોય તેવી) કોઈ શિક્ષા કરી શકાશે નહિ.

(૩) ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકને, તેની સામે કરવા ધારેલી કોઈ તપાસ બાકી હોય ત્યાં સુધી શાળાના સંચાલકે ફરજ-મોકૂફ કર્યો હોય, ત્યારે તેની ફરજ-મોકૂફી અને તે માટેનાં કારણોની વિગતની જાણ, તેને ફરજ-મોકૂફ કર્યો હોય તે પછી સાત દિવસની મુદતની અંદર સંચાલકે, જેની હકૂમતમાં શાળા આવેલી હોય તે સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારીને કરવી જોઈશે અને એવી ફરજ-મોકૂફી, વહીવટી અધિકારીને આ અર્થે જાણ થયાની તારીખથી પીસ્તાલીસ દિવસની મુદતની અંદર વહીવટી અધિકારીની બહાલીને આધીન રહેશે અને અધિકારીએ તેવી મુદતની અંદર સંચાલકને આવી બહાલીની જાણ કરી ન હોય, તો એવા શિક્ષકની ફરજ-મોકૂફી, આવી મુદત પૂરી થયે, અમલમાં હોતી બંધ થશે :

પરંતુ તે શિક્ષક, ફરજ-મોકૂફીની મુદત દરમિયાન ઠરાવવામાં આવે તે નિર્વાહભથ્થું, ઠરાવવામાં આવે તે બોલીઓ અને શરતોએ મેળવવા હકદાર થશે.

(૪) પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨) હેઠળ વહીવટી અધિકારીના હુકમથી નારાજ થયેલ કોઈપણ શિક્ષક, જે તારીખે વહીવટી અધિકારીએ તે પગલું મંજૂર કર્યું અથવા મંજૂર કરવું નકાર્યું હોય તે તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે.

સ્પષ્ટીકરણ—આ કલમના અને કલમ ૪૦-ગ ના હેતુઓ માટે,—

(ક) ખાનગી પ્રાથમિક શાળાના સંબંધમાં "સંચાલક" એટલે શાળાના નિયંત્રણ અથવા સંચાલકનો ચાર્જ ધરાવતી વ્યક્તિ અથવા વ્યક્તિઓનું મંડળ;

(ખ) "શિક્ષક" એટલે માન્ય ખાનગી શાળાનો શિક્ષક;

(ગ) "ટ્રિબ્યુનલ" એટલે કલમ ૪૦-છ હેઠળ સ્થાપેલ ટ્રિબ્યુનલ.

૪૦-ગ કોઈ શિક્ષક પોતાનું રાજીનામું આપવા માગે, તો તેણે, જાતે પોતાનું રાજીનામું જેની હકૂમતમાં શાળા આવેલી હોય તે સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારીને પેશ કરવું જોઈશે અને તે શિક્ષકનું રાજીનામું એવી રીતે પેશ કરવામાં આવ્યું ન હોય અને વહીવટી અધિકારીએ તેના ઉપર યોગ્ય શેરો કરીને સંચાલકને મોકલ્યું ન હોય, તો આવું રાજીનામું, સંચાલકથી સ્વીકારી શકાશે નહિ. આ કલમનું ઉલ્લંઘન કરીને પેશ કરેલા કોઈ રાજીનામાનો સ્વીકાર બીન-અમલી રહેશે. શિક્ષકના રાજીનામાં બાબત.

૪૦-ઘ. (૧) માન્ય ખાનગી પ્રાથમિક શાળા અને એવી શાળાની નોકરીમાંના શિક્ષક વચ્ચે, મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૬ના આરંભ પહેલાં કે તે પછી કરવામાં આવેલો દરેક કરાર, અને અમુક કરારો, વગેરે રદ બાતલ ગણાશે.

(ખ) આવા આરંભ પહેલાં કે તે પછી નોકરીએ રાખેલ એવા શિક્ષકની નોકરીની કોઈપણ બોલી અથવા શરત.

જેટલે સુધી આ અધિનિયમની અથવા તે હેઠળ એવા શિક્ષકને મળેલ કોઈપણ હક્ક લઈ લેતાં હોય તેટલે સુધી, તે રદબાતલ ગણાશે.

ટ્રિબ્યુનલે તકરારનો નિર્ણય કરવા બાબત.

૪૦-ચ. માન્ય ખાનગી પ્રાથમિક શાળાના સંચાલક અને એવી શાળાની નોકરીમાં હોય તે શિક્ષક વચ્ચે કોઈ તકરાર હોય અને એવી તકરાર, એવા શિક્ષકની નોકરીની શરતો સાથે સંબંધ ધરાવતી હોય, ત્યારે યથાપ્રસંગ, સંચાલક અથવા શિક્ષક, તકરારના નિર્ણય માટે, કલમ ૪૦-છ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલને અરજી કરી શકશે.

ટ્રિબ્યુનલ

૪૦-છ. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આ પ્રકરણના હેતુ માટે એક અથવા તેથી વધુ ટ્રિબ્યુનલો રચશે.

(૨) રાજ્ય સરકાર, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ હુકમમાં નિર્દિષ્ટ કરે તેવા વિસ્તાર માટે ટ્રિબ્યુનલ હકૂમત ધરાવશે.

(૩) રાજ્ય સરકાર, જિલ્લા ન્યાયાધીશને અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ અથવા જિલ્લા ન્યાયાધીશ થઈ હોય અથવા થવાની લાયકાત ધરાવતી હોય તેવી વ્યક્તિને ટ્રિબ્યુનલ તરીકે નિમશે.

(૪) કલમ ૪૦-ચમાં ઉલ્લેખેલ પ્રકારની તકરાર દાખલ કરી તેનો નિર્ણય કરવાની અને કલમ ૪૦-જની પેટા-કલમ (૨) હેઠળ તેને કરેલ અથવા તેને તબદીલ કરેલ તમામ અરજીઓ અને કાર્યવાહીની તજવીજ કરીને તેનો નિર્ણય કરવાની અને કલમ ૪૦-ખની પેટા-કલમ (૫) હેઠળ કરેલ અપીલ દાખલ કરી તેનો નિર્ણય કરવાની પણ ટ્રિબ્યુનલની ફરજ રહેશે.

(૫) ટ્રિબ્યુનલે, રાજ્ય સરકાર, સામાન્ય હુકમ કરીને આદેશ કરે તેવી કાર્યરીતિ અનુસરવી જોઈશે.

(૬) ટ્રિબ્યુનલને નીચેની બાબતોના સંબંધમાં, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાની ઇન્સાફી કાર્યવાહી કરતી વખતે દીવાની કોર્ટમાં નિહિત થઈ હોય તેજ સત્તા રહેશે :– સન ૧૯૦૮નો ૫મો.

(ક) કોઈ વ્યક્તિને હાજર રહેવાની ફરજ પાડવી અને સોગંદ ઉપર તેની જુબાની લેવી;

(ખ) દસ્તાવેજો અને મહત્વની બાબતો રજૂ કરવાની ફરજ પાડવી;

(ગ) સાક્ષીઓની જુબાની લેવા માટે કમિશનો કાઢવા;

(ઘ) ઠરાવવામાં આવે તેવી બીજી બાબતો;

અને ટ્રિબ્યુનલે કરેલી દરેક તપાસ અથવા અન્વેષણ, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે.

(૭) ટ્રિબ્યુનલ મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫ ના હેતુ માટે કોર્ટ છે એમ ગણાશે.

(૮) ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાશે અને તેણે નિર્ણય કરેલ બાબતોના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટમાં કોઈ દાવો માંડી શકશે નહિ.

(૯) માન્ય ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકને બરતરફ કરવા, દૂર કરવા અથવા પાયરી ઉતારવાનો કોઈપણ હુકમ, ખોટો, ગેરકાયદેસર અથવા અન્યથા અન્યાયી હોવાનો ટ્રિબ્યુનલ નિર્ણય કરે, ત્યારે ટ્રિબ્યુનલ એમ ફરમાવતો હુકમ કરી શકશે કે સંચાલકે, સંબંધિત શિક્ષકને ફરી નોકરીમાં લેવો અથવા યથાપ્રસંગ, તેને પાયરી ઉતારવાની તરત પહેલાં જે પાયરી તે ધરાવતો હોય તેમાં તેને પાછો મૂકવો અને સંચાલકે એવા આદેશનું તુરત જ પાલન કરવું જોઈએ.

૪૦-જ. (૧) આ પ્રકરણથી અથવા તે હેઠળ ટ્રિબ્યુનલે જેની પતાવટ કરવાનું, જેનો નિર્ણય કરવાનું અથવા જેની તજવીજ કરવાનું આવશ્યક હોય એવા કોઈપણ પ્રશ્નની પતાવટ કરવાની, તેનો નિર્ણય કરવાની અથવા તેની તજવીજ કરવાની કોઈપણ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ. કોર્ટની હકૂમતને બાધ.

(૨) મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૮૬ ના આરંભની તારીખે કોઈ દીવાની કોર્ટમાં નિકાલ બાકી હોય તેવી, માન્ય ખાનગી પ્રાથમિક શાળાની નોકરીમાં હોય તેવા શિક્ષકની નોકરીની શરતો સાથે સંકળાયેલી તકરારોને લગતા, એવી શાળાના સંચાલક અને આવા શિક્ષક વચ્ચેના તમામ દાવા અને કાર્યવાહી, ટ્રિબ્યુનલને તબદીલ કરવામાં આવશે અને તેની સમક્ષ ચાલુ રહેશે :

પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર, મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૮૬ ના આરંભ પહેલાં આવી કોઈ કોર્ટે કરેલા હુકમનામા અથવા હુકમોમાંથી ઉપસ્થિત થતી બજવણી કાર્યવાહી અને અપીલોને લાગુ પડશે નહિ અને આવી બજવણી કાર્યવાહી અને અપીલોને લાગુ પડશે નહિ અને આવી બજવણી કાર્યવાહી અને અપીલોનો, જાણે મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૮૬ પસાર કરવામાં આવ્યો ન હોય તેમ, નિર્ણય કરી નિકાલ કરવો જોઈએ.

૪૦-ઝ કલમ ૪૦-ખની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨) અને ખંડ (ખ)માંનો અને પેટા-કલમો (૨), (૪) અને (૫) અને કલમ ૪૦-ગ માંનો કોઈપણ મજકૂર ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતી દ્વારા સ્થાપિત અને સંચાલિત કોઈપણ માન્ય ખાનગી પ્રાથમિક શાળાને લાગુ પડશે નહિ.] અપવાદ.

## પ્રકરણ ૮ મું

### [1][રાજ્ય] સરકાર અને સ્થાનિક મંડળો વચ્ચેના નાણાંકીય સંબંધો.

જિલ્લા સ્કૂલબોર્ડ અને અનધિકૃત નગરપાલિકાએ નાણાં આપવા બાબત.

૪૧. (૧) દરેક જિલ્લા લોકલ બોર્ડે મુંબઈ લોકલ બોર્ડ અધિનિયમ, ૧૯૨૩ની કલમ ૭૫ના ખંડ (ખ) અને (ગ)માં વર્ણવેલી તેની ઉપજમાંથી [1][રાજ્ય] સરકાર આ અર્થે વખતો વખત નકકી કરે તેટલો ભાગ પ્રાથમિક શિક્ષણના હેતુઓ માટે જિલ્લા સ્કૂલ બોર્ડને દર વર્ષે આપી દેવો જોઈશે. સન ૧૯૨૩નો મુંબઈનો ૬ઠ્ઠો

(૨) દરેક અનધિકૃત નગરપાલિકાએ, નગરપાલિકા વિસ્તારમાંની મિલકતોની વેરાપાત્ર કિંમતના આ અર્થે [1][રાજ્ય] સરકાર વખતોવખત નકકી કરે તેટલા પ્રમાણની રકમ અને તેણે સદરહુ હેતુઓ માટે ધરાવેલ (ટ્રસ્ટ ફંડ સહિત) કોઈ ફંડમાંથી પ્રાપ્ત થતી આવક તથા તેને મળેલાં તમામ નાણાં પ્રાથમિક શિક્ષણના હેતુઓ માટે યથાપ્રસંગ જિલ્લા સ્કૂલ બોર્ડને અથવા અધિકૃત નગરપાલિકાને દર વર્ષે આપી દેવાં જોઈશે.

[1][રાજ્ય] સરકારે ફાળો આપવા બાબત.

૪૨. [2][(૧) કોઈ અધિકૃત નગરપાલિકાએ સાદર કરેલી યોજના કલમ-૨૮ મુજબ મંજૂર કરવામાં આવે ત્યારે નગરપાલિકાએ અંદાજ્યા પ્રમાણેનું યોજનાનું વધારાનું આવર્તક અને અનાવર્તક વાર્ષિક ખર્ચ નીચેની મર્યાદા સુધી રાજ્ય સરકાર ભોગવશે. :-

(ક) અધિકૃત નગરપાલિકાની વસતિ પચાસ હજાર કરતાં ઓછી હોય તો ખર્ચના સાઠ ટકા, અને

(ખ) બીજા કોઈપણ પ્રસંગે ખર્ચના પચાસ ટકા :

પરંતુ આવી યોજના મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૬૩, શરૂ થયા પછી મંજૂર કરવામાં આવે ત્યારે રાજ્ય સરકારે ભોગવવાના ખર્ચનું પ્રમાણ યોજનાના પ્રથમ વર્ષ માટે ખંડ (ક) લાગુ પડતો હોય તેવી કોઈ નગરપાલિકા માટે એંશી ટકા અને ખંડ (ખ) લાગુ પડતો હોય તેવી કોઈ નગરપાલિકા માટે પંચોતેર ટકા રહેશે અને ત્યારપછીના ત્રણ વર્ષ માટે રાજ્ય સરકાર હુકમ દ્વારા, નકકી કરે તેટલી ટકાવારીથી યથાપ્રસંગ ખંડ (ક) અથવા ખંડ (ખ) મુજબ છૂટ આપી શકાય તે રકમ સુધી ક્રમશઃ ઘટાડવામાં આવશે : સન ૧૯૬૩નો ગુજરાતનો ૪૨મો.

વધુમાં સન ૧૯૬૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખની તરત જ પહેલાં, કલમ ૪૧ની પેટા-કલમ (૨) મુજબ કોઈ જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકાને ફાળો ભરવાને પાત્ર થતી હોય તેવી કોઈ નગરપાલિકા માટે ઉપર્યુક્ત પરંતુક મુજબ રાજ્ય સરકારે ભોગવવાનું ખર્ચ એવી રીતે ભરવાનો ફાળો ધ્યાનમાં લઈને રાજ્ય સરકાર હુકમ દ્વારા નકકી કરે તેટલી રકમથી ઘટાડવામાં આવશે.]

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૪૨ની કલમ-૨ થી મૂળને બદલે આ પેટા-કલમ (૧) દાખલ કરી છે.

(૨) આ અધિનિયમ અમલમાં આવે તે વખતે કોઈપણ અધિકૃત નગરપાલિકાને મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૨૩ મુજબ સ્થાનિક સત્તામંડળ તરીકે જે કાંઈ વાર્ષિક ગ્રાન્ટ પ્રાથમિક શિક્ષણના હેતુ માટે [૧][રાજ્ય] સરકાર તરફથી આપવામાં આવતી હોય તે મેળવવાના તેના હક્કને આ અધિનિયમના કોઈપણ મજકૂરથી અસર થશેનહિ :

પરંતુ [૧][રાજ્ય] સરકારને એમ લાગે કે કોઈ અધિકૃત નગરપાલિકાના પ્રાથમિક શિક્ષણ ફંડનો દુરુપયોગ અથવા ગેરઉપયોગ થયો છે અથવા થવાની તૈયારીમાં છે, તો તે આવા દુરુપયોગ અથવા ગેરઉપયોગ વિશે ખુલાસો કરવાને આવી અધિકૃત નગરપાલિકાને તે ફરમાવી શકશે અને આપવામાં આવેલા ખુલાસાથી તેને સંતોષ ન થાય તો આવી અધિકૃત નગરપાલિકાને આપવાની ગ્રાન્ટમાં પોતાને યોગ્ય લાગે તેટલો ઘટાડો [૧][રાજ્ય] સરકાર કરી શકશે.

(૩) કલમ ૪૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) થી (ઘ) અને (જ) માં ઉલ્લેખેલી ઊપજ સિવાય આ કલમની તરત જ પછીની નીચેની કલમ મુજબ મંજૂર કરેલા અંદાજપત્ર અનુસાર ખર્ચમાં જેટલી રકમનો વધારો થતો હોય તેટલી રકમ [૧][રાજ્ય] સરકાર જિલ્લા સ્કૂલ બોર્ડને આપશે.

૪૩. જિલ્લા સ્કૂલ બોર્ડનું અંદાજપત્ર ઠરાવેલી રીતે તૈયાર કરવું જોઈશે અને [૧][રાજ્ય] સરકારને સાદર કરવું જોઈશે અને [૧][રાજ્ય] સરકાર તેમાં તેને કરવા યોગ્ય લાગે તે ફેરફાર સાથે તે મંજૂર કરી શકશે. જિલ્લા સ્કૂલ બોર્ડનું અંદાજપત્ર.

૪૪. (૧) દરેક જિલ્લા સ્કૂલ બોર્ડ અને દરેક અધિકૃત નગરપાલિકાએ "પ્રાથમિક શિક્ષણ ફંડ" એ નામથી ઓળખાતું એક ફંડ રાખવું જોઈશે. પ્રાથમિક શિક્ષણ ફંડ.

(૨) નીચેની રકમો પ્રાથમિક શિક્ષણ ફંડનો ભાગ બનશે અથવા તેમાં તે ભરવી જોઈશે.

(ક) [૧][યથાપ્રસંગ] મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૨૩ની કલમ ૮-ક [૨][અથવા સૌરાષ્ટ્રના પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૭] મુજબ રાખવામાં આવેલા પ્રાથમિક શિક્ષણ ફંડની પુરાંત;

(ખ) કલમ ૪૧ની પેટા-કલમ (૨) મુજબ અનધિકૃત નગરપાલિકાએ આપવાના ફાળા;

(ગ) યથાપ્રસંગ, સ્કૂલબોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા તરફથી નિભાવવામાં આવતી પ્રાથમિક શાળાઓ સંબંધમાં મળેલી ફી અને દંડ;

(ઘ) જિલ્લા સ્કૂલ બોર્ડની બાબતમાં જિલ્લા લોકલ બોર્ડની આવકનો જે ભાગ [૧][રાજ્ય] સરકાર કલમ ૪૧ની પેટા-કલમ (૧) મુજબ નક્કી કરે તે ભાગ;

(ચ) અધિકૃત નગરપાલિકાની બાબતમાં, પ્રાથમિક શિક્ષણ માટે અધિકૃત નગરપાલિકાએ આપેલી અથવા આપવાની ગ્રાન્ટ;

(છ) પ્રાથમિક શિક્ષણ માટે [૧][રાજ્ય] સરકારે આપેલી અથવા આપવાની ગ્રાન્ટ;

(જ) પ્રાથમિક શિક્ષણ માટે વખતોવખત મળે તેવી બીજી રકમો;

---

૧. સન ૧૯૫૦ના કાયદા અનુકૂલન હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૯થી આ શબ્દો અને આંકડા દાખલ કર્યા છે.

**સ્પષ્ટીકરણ.**–ખંડ (૨)ના હેતુઓ માટે અધિકૃત નગરપાલિકાએ આપવાની ગ્રાન્ટની રકમ, કોઈપણ વર્ષમાં પ્રાથમિક શિક્ષણ માટે થયેલા ખર્ચની રકમમાંથી તે વર્ષમાં [1][રાજ્ય] સરકારે આપેલી ગ્રાન્ટ અને ફી અને ફંડની આવકનાં બીજા સાધનોમાંથી મળેલી રકમ બાદ કરતાં રહેતી રકમ જેટલી રહેશે.

પ્રાથમિક શિક્ષણ ફંડનો ઉપયોગ.

૩૫. (૧) પ્રાથમિક શિક્ષણ ફંડ સ્કૂલ બોર્ડના નામે રહેશે અને તેનો ઉપયોગ આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને તેમાં નિર્દિષ્ટ કરેલા હેતુઓ માટે તથા ઠરાવવામાં આવે તેવા બીજા હેતુઓ માટે કરવો જોઈશે.

(૨) તે ફંડ ઠરાવવામાં આવે તે રીતે રાખવું જોઈશે, તેનો વહીવટ કરવો અને તેનો ઉપયોગ કરવો જોઈશે.

પ્રાથમિક શિક્ષણ ફંડ અનામત મૂકવા બાબત.

૩૬. (૧) પ્રાથમિક શિક્ષણ ફંડ સરકારી તિજોરીમાં અથવા સરકારી તિજોરીનું કામકાજ જે બેન્કને સોંપવામાં આવ્યું હોય તે બેન્કમાં અથવા [1][રાજ્ય] સરકાર પસંદ કરે તેવી બીજી બેન્કમાં અથવા મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫ મુજબ નોંધાયેલી અથવા નોંધાયેલી ગણાતી સહકારી મંડળીમાં રાખવું જોઈશે. સન ૧૯૨૫નો મુંબઈનો ૭મો.

(૨) પ્રાથમિક શિક્ષણ ફંડના જે ભાગની તાત્કાલિક જરૂર પડવાનો સંભવ ન હોય તે ભાગ સ્કૂલ બોર્ડ પોસ્ટ ઓફીસના સર્ટિફિકેટોમાં અથવા કેન્દ્ર સરકારની અથવા કોઈ [1][રાજ્ય] સરકારની જામીનગીરીઓમાં રોકે તો તે કાયદેસર ગણાશે.

(૩) સરકારી જામીનગીરીઓનું દરેકનું રોકાણ ભારતની રીઝર્વ બેન્ક અથવા [1][રાજ્ય] સરકાર પસંદ કરે તેવી બીજી કોઈ બેન્ક મારફત કરવું જોઈશે.

પ્રોવિડન્ટ ફંડ

[2][૩૬-ક. (૧) રાજ્ય સરકાર જિલ્લા સ્કૂલ બોર્ડ તરફથી નિભાવવામાં આવતા સ્ટાફ માટે [3]* * * એક પ્રોવિડન્ટ ફંડ (જેને આમાં હવે પછી સદરહુ ફંડ કહ્યું છે તે) સ્થાપશે.

(૨) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અને ગૃહનિર્માણ મંડળ (સુધારા) અધિનિયમ, ૧૯૫૧ અમલમાં આવ્યાની તારીખ પહેલાં [4][ એવા સ્ટાફ માટે ] જિલ્લા સ્કૂલ બોર્ડે સ્થાપેલું અને નિભાવેલું કોઈ પ્રોવિડન્ટ ફંડ સદરહુ ફંડમાં વિલિન થશે અને તે તેનો ભાગ બનશે અને લાગતા વળગતા જિલ્લા સ્કૂલ બોર્ડે [5]* * * પ્રોવિડન્ટ ફંડમાં પૈસા ભરનારાઓ અથવા અનામત મૂકનારાઓને ખાતે ખાતાની ફેરબદલીની તારીખ સુધી જે કુલ રકમ જમા હોય તેના જેટલી રકમ સદરહુ ફંડ ખાતે પોતાના પ્રાથમિક શિક્ષણ ફંડ ખાતે પોતાના પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી સદરહુ તારીખ પછી શક્ય હોય તેટલી જલદી લઈ જવી :

પરંતુ જિલ્લા સ્કૂલ બોર્ડે [5]* * * પોતાના શિક્ષણ ફંડમાંથી સદરહુ ફંડ ખાતે એ રીતે લઈ જવાની રકમ સંબંધી કોઈપણ શંકા ઉભી થાય તે પ્રસંગે, તે બાબત રાજ્ય સરકારને અથવા આ અર્થે તેણે અધિકાર આપેલા અધિકારીને મોકલવી જોઈશે અને એ બાબતમાં તેનો નિર્ણય છેવટનો ગણાશે. સન ૧૯૫૧નો મુંબઈનો ૪૬મો.

---

૧. સન ૧૯૫૭ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૬ની કલમ ૩થી આ કલમ દાખલ કરી છે.

૩. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૩થી " અથવા અધિકૃત નગરપાલિકાઓ તરફથી નિભાવવામાં આવતા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૪. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૩થી " પ્રસંગ પ્રમાણે એવા સેવકવર્ગ અથવા શિક્ષકો માટે અધિકૃત નગરપાલિકાએ" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૫. એજનથી "અથવા અધિકૃત નગરપાલિકાએ" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

(૩) રાજ્યના વખતના જિલ્લા સ્કૂલ બોર્ડ[1] * * * તેના નોકરો પૈકી સદરહુ ફંડમાં પૈસા ભરનાર હોય એવા દરેક નોકરના સંબંધમાં રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તેટલો ફાળાનો ભાગ તેવી રીતે સદરહુ ફંડમાં આપવો જોઈશે. ]

(૩૭) સ્કૂલ બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોને સ્કૂલ બોર્ડના કામકાજના હેતુ માટે મુસાફરી કરવામાં તેમણે કરેલા ખર્ચ માટે ઠરાવવામાં આવે તે દરે અને તે શરતોએ ભથ્થાં આપી શકાશે. સ્કૂલબોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.

[2][ ૩૭-ક. (૧) જિલ્લા સ્કૂલ બોર્ડના હિસાબો ઠરાવવામાં આવે તે બાબતો રાખીને તે રીતે અને તે એજન્ટોએ તપાસવા જોઈશે અને તેનું ઓડિટ કરવું જોઈશે. ઓડિટ

(૨) દરેક સ્કૂલ બોર્ડે ઓડિટની નોંધો તેના જવાબો સહિત, પોતાના વહીવટી રિપોર્ટમાં પ્રસિદ્ધ કરવી જોઈશે. ]

## પ્રકરણ ૯મું

## નિયંત્રણ

૩૮. (૧) [3][ રાજ્ય] સરકાર પોતાને જરૂરના લાગે તેટલા અધિકારીઓ (તપાસણી અધિકારીઓ સહિત) દેખરેખ અને તપાસણીના હેતુઓ માટે અને સામાન્યતઃ આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુઓ માટે નીમી શકાશે. તપાસણી સ્ટાફ

(૨) પેટા-કલમ (૧) મુજબ નિમાયેલા અધિકારીઓ [3][રાજ્ય] સરકારના નોકરો ગણાશે અને તેમની સત્તા અને ફરજો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

૩૯. (૧) નિયામકે આ અર્થે નીમેલા તપાસણી અધિકારીને સ્કૂલબોર્ડની કોઈપણ બેઠકમાં હાજર રહેવાનો અને અધ્યક્ષની સંમતિથી તેમાં ચાલતી ચર્ચામાં ભાગ લેવાનો હક રહેશે, પણ તેને આવી બેઠકમાં મત આપવાનો અથવા કોઈ ઠરાવ રજુ કરવાનો હક રહેશે નહિ. તપાસણી અધિકારીઓએ સ્કૂલ બોર્ડની બેઠકોમાં હાજર રહેવા બાબત.

(૨) નિયામક અથવા [4][જિલ્લા] શિક્ષણ નિરીક્ષક અથવા [3][રાજ્ય] સરકારના સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા કોઈ અધિકારી– દેખરેખ રાખવાની સત્તા.

(ક) (૧) સ્કૂલ બોર્ડ અથવા અધિકૃત નગરપાલિકા પ્રાથમિક શિક્ષણ સાથે સંબંધ ધરાવતા કોઈપણ હેતુ માટે જેનો ભોગવટો કરતી હોય તે કોઈ સ્થાવર મિલકતમાં અથવા તેના નિયંત્રણ અથવા વ્યવસ્થા હેઠળની કોઈ શિક્ષણ સંસ્થામાં દાખલ થઈ શકશે તથા તેની તપાસણી કરી શકશે; અથવા

(૨) આવી મિલકતને અથવા સંસ્થામાં આ અર્થે તેણે અધિકાર આપેલો હોય એવી બીજી કોઈ વ્યક્તિને દાખલ કરાવી શકશે તથા તેની મારફત તપાસણી કરાવી શકશે;

---

૧. એમાંથી "અથવા અધિકૃત નગરપાલિકાએ" એ શબ્દો કાઢી નાંખ્યા છે.
૨. સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૦થી કલમ ૩૭-ક દાખલ કરી છે
૩. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૪. સન ૧૯૫૫ના મુંબઈ અધિનિયમ-૨ની કલમ-૩ની બીજી અનુસૂચિથી આ શબ્દો દાખલ કર્યા છે.

(ખ) કોઈ અધિકૃત નગરપાલિકાની અથવા સ્કૂલબોર્ડની અથવા તે પૈકી કોઈએ નીમેલી કોઈપણ સમિતિની કાર્યવાહીમાંથી પ્રાથમિક શિક્ષણ સાથે સંબંધ ધરાવતી કોઈ બાબતને લગતો કાંઈ ઉતારો મંગાવી શકશે; અથવા

(ગ) અધિકૃત નગરપાલિકા અથવા સ્કૂલ બોર્ડના કબજામાં અથવા તેના નિયંત્રણ હેઠળ હોય તેવો પ્રાથમિક શિક્ષણ સાથે સંબંધ ધરાવતી કોઈ બાબતને લગતો કોઈ ચોપડો અથવા દસ્તાવેજ મંગાવી શકશે તથા તેની તપાસણી કરી શકશે.

પત્રક મંગાવવાની અથવા સૂચનો મોકલવા, વગેરેની સત્તા.

૫૦. નિયામક–

(ક) કોઈ અધિકૃત નગરપાલિકા અથવા સ્કૂલબોર્ડ અથવા વહીવટી અધિકારી પાસેથી પ્રાથમિક શિક્ષણ સાથે સંબંધ ધરાવતી કોઈ બાબતને લગતા કોઈપણ પત્રક, વિવરણપત્રક હિસાબ અથવા રિપોર્ટ મંગાવી શકશે.

(ખ) અધિકૃત નગરપાલિકા અથવા સ્કૂલ બોર્ડ પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલું જે કાંઈ કામ કરવાની તૈયારીમાં હોય તે કરવા કરવા સામે પોતાને જે કાંઈ વાંધો જણાતો હોય તે વાંધો અથવા પોતે આપેલી જે કોઈ માહિતી ઉપરથી આવી નગરપાલિકાએ અથવા બોર્ડે અમુક કામ કરવાની જરૂર છે,એમ પોતાને લાગે એવી માહિતી વિચારમાં લેવાનું અને નિયામક સાથે તે સમ્મત ન થાય ત્યારે એવું કામ કરતાં નહિ અટકાવવા માટે અથવા એવું કામ નહિ કરવા માટે પોતાનાં જે કારણો હોય તે જણાવીને લેખિત જવાબ વ્યાજબી વખતની અંદર પોતાને મોકલી આપવાનું આવી નગરપાલિકા અથવા સ્કૂલબોર્ડને ફરમાવી શકશે.

સ્કૂલ બોર્ડના હુકમો, વગેરેનો અમલ મોકૂફ રાખવાની સત્તા.

૫૧. (૧) સ્કૂલ બોર્ડના કોઈ હુકમ અથવા ઠરાવનો અમલ અથવા બોર્ડ જે કોઈ કામ કરવાની તૈયારીમાં હોય અથવા કરતું હોય અથવા તેના વતી જે કોઈ કામ કરવાની તૈયારી હોય અથવા કરવામાં આવતું હોય તે કામ, નિયામકના અભિપ્રાય પ્રમાણે આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા નિયમો અથવા વિનિયમોથી આપેલી સત્તાની મર્યાદા બહારનું હોય અથવા તેના વિરુદ્ધ હોય અથવા બીજી રીતે કાયદા વિરુદ્ધ હોય તો નિયામક પોતાની સહીવાળા લેખિત હુકમથી તેનો અમલ મોકૂફ રાખી શકશે તે કરવાનો પ્રતિષેધ કરી શકશે.

(૨) નિયામક પેટા-કલમ (૧) મુજબ કોઈ હુકમ કરે ત્યારે તેણે તે હુકમની એક નકલ તે કરવાના કારણોના નિવેદન સહિત તે હુકમથી જેને અસર થતી હોય તેવા બોર્ડને તરત મોકલવી જોઈશે.

(૩) નિયામકે આ કલમ મુજબ બનતા દરેકે દરેક કેસનો રિપોર્ટ તરત જ [1][રાજ્ય] સરકારને સાદર કરવો જોઈશે અને [1][રાજ્ય] સરકાર તે કેસમાં કરેલો કોઈ હુકમ રદ કરી શકશે, બહાલ રાખી શકશે, તેની ફેરતપાસ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અને તેના સંબંધમાં બીજો કોઈ હુકમ કરી શકશે :

પરંતુ આ કલમ મુજબ નિયામકે કરેલા કોઈ હુકમ સામે કારણ દર્શાવવાની બોર્ડને વાજબી તક આપ્યા સિવાય [1][રાજ્ય] સરકારે સદરહુ હુકમ બહાલ રાખવો નહિ, તેની ફેરતપાસ કરવી નહિ અથવા તેમાં ફેરફાર કરવો નહિ.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૫૨. (૧) જો કોઈ અધિકૃત નગરપાલિકા, તેને ફરમાવવામાં આવે ત્યારે યોજના તૈયાર કરવામાં કસૂર કરે અથવા યોજના મંજૂર કરવામાં આવી હોય તે પછી મંજૂર કર્યા પ્રમાણેની યોજના અનુસાર ફરજિયાત પ્રાથમિક શિક્ષણ માટે પૂરતો પ્રબંધ ન કરે અને આવી યોજનાને અમલમાં ન લાવે અથવા તે અમલમાં ચાલુ ન રાખે, તો [૧][રાજ્ય] સરકાર યોગ્ય તપાસ કર્યા પછી આવશ્યક યોજના તૈયાર કરવા અથવા તેને અમલમાં લાવવા અથવા તે અમલમાં ચાલુ રાખવા માટે કોઈ વ્યક્તિને નીમી શકશે અને તેનું ખર્ચ અધિકૃત નગરપાલિકાએ [૧][રાજ્ય] સરકારને આપવું પડશે.

અધિકૃત નગરપાલિકા કસૂર કરે તે બાબત.

(૨) ખર્ચ એવી રીતે આપવામાં ન આવે, તો [૧][રાજ્ય] સરકાર જે કોઈ વ્યક્તિની કસ્ટડીમાં તે વખતે બેન્કર તરીકે અથવા બીજી કોઈપણ રીતે અધિકૃત નગરપાલિકાના વતી કોઈપણ નાણાં હોય તેને, તેના હસ્તક એવાં જ નાણાં હોય અથવા વખતો વખત તેને જે નાણાં મળે તેમાંથી આવું ખર્ચ આપવાનો આદેશ કરી શકશે અને આવી વ્યક્તિ આવો હુકમ માનવાને બંધાયેલ રહેશે.

૫૩. (૧) [૧][રાજ્ય] સરકારને ખબર મળે કે આ અધિનિયમથી અથવા તે મુજબ અથવા તે વખતે અમલમાં હોય તેવા અધિનિયમથી અથવા તે મુજબ તેના પર નાંખવામાં આવેલી કોઈપણ ફરજ બજાવવામાં સ્કૂલ બોર્ડે કસૂર કરી છે ત્યારે પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી [૧][રાજ્ય] સરકારને ખાતરી થાય કે, આવી કસૂર બદલ સ્કૂલ બોર્ડ દોષિત છે એવી [૧][રાજ્ય] સરકાર લેખિત હુકમ કરીને, તે ફરજ બજાવવા માટે નક્કી કરેલી મુદતની અંદર બજાવવાનો સ્કૂલ બોર્ડને આદેશ કરી શકશે :

સ્કૂલ બોર્ડ કસૂર કરે ત્યારે ફરજો બજાવવા માટે પ્રબંધ કરવાની [૧][રાજ્ય] સરકારની સત્તા.

પરંતુ આવો કોઈ હુકમ તે શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવાની સ્કૂલબોર્ડને તક આપ્યા સિવાય કરી શકશે નહિ.

(૨) આવી ફરજ આ રીતે નક્કી કરેલી મુદતની અંદર બજાવવામાં ન આવે, તો તે બજાવવા માટે [૧][રાજ્ય] સરકાર કોઈ વ્યક્તિને નીમી શકશે, અને તે બજાવવાનું ખર્ચ નીમવામાં આવેલી વ્યક્તિના વાજબી મહેનતાણા સહિત [૧][રાજ્ય] સરકાર નક્કી કરે તે વખતની અંદર તે વ્યક્તિને અથવા [૧][રાજ્ય] સરકાર ફરમાવે તે પ્રમાણે સ્કૂલ બોર્ડે આપવું એવો આદેશ રાજ્ય સરકાર કરી શકશે.

(૩) ખર્ચ અને મહેનતાણું એ રીતે આપવામાં ન આવે તો જે તિજોરી, બેન્ક અથવા મંડળીમાં પ્રાથમિક શિક્ષણ ફંડ રાખ્યું હોય અથવા તેનો આખો અથવા કોઈ ભાગ અનામત મૂક્યો હોય અથવા વ્યાજે ધીર્યો હોય તે તિજોરી જે અધિકારીના તાબામાં હોય તે અધિકારીને અથવા બેન્ક અથવા મંડળીને એવી તિજોરી, બેન્ક અથવા મંડળીમાં સ્કૂલ બોર્ડને ખાતે જે નાણાં જમા હોય તેમાંથી અથવા એવી તિજોરી, બેન્ક અથવા મંડળીને સ્કૂલ બોર્ડ તરફથી અથવા તેના વતી અનામત રકમ તરીકે વખતોવખત જે રકમ મળે તેમાંથી એવું ખર્ચ અને મહેનતાણું આપવાનો આદેશ [૧][રાજ્ય] સરકાર કરી શકશે, અને તે અધિકારી અથવા બેન્ક અથવા મંડળી આવો હુકમ માનવાને બંધાયેલ રહેશે. આવા હુકમને અનુસરીને નાણાંની દરેક રકમ આપવાથી આવો અધિકારી, બેન્ક અથવા મંડળી, એ રીતે મળેલા અથવા એવી તિજોરી, બેન્ક અથવા મંડળીમાં સ્કૂલ બોર્ડ ખાતે જમા હોય તેવા નાણાંમાંથી તેણે આ રીતે આપેલી કોઈ રકમ અથવા રકમોના સંબંધમાં સ્કૂલ બોર્ડ પ્રત્યેની તમામ જવાબદારીમાંથી સંપૂર્ણ રીતે છૂટો થયેલો અથવા છૂટી થયેલી ગણાશે.

---

૧. સન ૧૯૬૦ના ગુજરાત અનુકૂલન હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

[૧][રાજ્ય] સરકારે આદેશો આપવા બાબત.

૫૪. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, [૧][રાજ્ય] સરકારને પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલી કોઈપણ બાબત વિશે પોતાને જરૂરી જણાય તેવા તમામ આદેશો, જિલ્લા લોકલ બોર્ડને આપવાની સત્તા રહેશે અને જિલ્લા સ્કૂલ બોર્ડે આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

સ્કૂલ બોર્ડના કામકાજની તપાસ.

૫૫. (૧) પ્રાથમિક શિક્ષણને લગતી જે બાબતોની સાથે કોઈ અધિકૃત નગરપાલિકા અથવા સ્કૂલ બોર્ડને લાગતું વળગતું હોય તે બાબતો વિશે અથવા જે કોઈ બાબતોના સંબંધમાં આ અધિનિયમથી અથવા તે મુજબ [૧][રાજ્ય] સરકારની મંજૂરી, પસંદગી સંમતિ, અથવા હુકમની જરૂર હોય તે બાબતો વિશે તે અધિકૃત નગરપાલિકા અથવા સ્કૂલ બોર્ડના સંબંધમાં [૧][રાજ્ય] સરકાર પોતાના કોઈ અધિકારી મારફત વખતોવખત તપાસ કરાવી શકશે.

(૨) આવી તપાસ કરનાર અધિકારીને તપાસના હેતુઓ માટે પુરાવો લેવાની તથા સાક્ષીઓને હાજર રહેવાની તથા દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવાની જે સત્તા દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ મુજબ કોર્ટને છે તે સત્તા રહેશે. સન ૧૯૦૮નો ૫મો.

(૩) [૧][રાજ્ય] સરકાર, પેટા-કલમ (૧) મુજબ કરવામાં આવેલી તપાસનાં ખર્ચ બાબત અને તે ખર્ચ કયા પક્ષે અને કયા ફંડમાંથી આપવું તે બાબત હુકમ કરી શકશે અને [૧][રાજ્ય] સરકાર અથવા હુકમમાં જેનું નામ આપવામાં આવ્યું હોય તે વ્યક્તિ અરજી કરે એટલે આવા હુકમનો અમલ, તે હુકમ દીવાની કોર્ટનું હુકમનામું હોય તેમ કરી શકશે.

અમુક સંજોગોમાં સ્કૂલ બોર્ડનું વિસર્જન કરવા બાબત અથવા તેને પદચ્યુત કરવા બાબત.

૫૬. (૧) [૧][રાજ્ય] સરકારનો આવો અભિપ્રાય થાય કે, સ્કૂલ બોર્ડ આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા નિયમો અથવા વિનિયમોથી તેના ઉપર નાખવામાં આવેલી ફરજો બજાવવાને શક્તિ ધરાવતી નથી, અથવા યોગ્ય રીતે બજાવતી નથી, અથવા તેની સત્તાની મર્યાદા બહાર ચાલે છે, અથવા તેની સત્તાનો ગેર-ઉપયોગ કરે છે, અથવા આ અધિનિયમની અથવા તે મુજબ કરેલા નિયમો અથવા વિનિયમોથી જોગવાઈઓ વિરુદ્ધ વર્તે છે અથવા વર્તી છે તો [૧][રાજ્ય] સરકાર રાજ્યપત્રમાં હુકમ અને તે કરવાનાં કારણો પ્રસિદ્ધ કરીને-

(ક) બોર્ડનું વિસર્જન કરી શકશે, અથવા

(ખ) તે હુકમમાં નિર્દિષ્ટ કરવાની મુદત માટે તેને પદચ્યુત કરી શકશે. [૨][આવી મુદત આ કલમ, મુજબ સ્કૂલ બોર્ડને દૂર કરવામાં આવ્યું ન હોત, તો સ્કૂલ બોર્ડના સભ્યોએ કલમ ૪ મુજબ જે મુદત માટે હોદ્દો ધરાવ્યો હોત તે મુદત કરતાં વધારે હોઈ શકે.]

(૨) સ્કૂલ બોર્ડનું વિસર્જન કરવામાં આવે અથવા તેને પદચ્યુત કરવામાં આવે ત્યારે નીચેના પરિણામો ઉદ્ભવશે :-

(ક) બોર્ડના તમામ સભ્યોએ બોર્ડને પદચ્યુત કરવામાં આવે ત્યારે તેને પદચ્યુત કરવાના હુકમની તારીખથી, અને તેનું વિસર્જન કરવામાં આવે ત્યારે વિસર્જનના હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી, આવા સભ્યો તરીકેની તેમના હોદ્દાની જગાઓ ખાલી કરી છે એમ ગણાશે;

(ખ) બોર્ડને પદચ્યુત કર્યાની અથવા તેનું વિસર્જન કર્યાની મુદત દરમિયાન, બોર્ડની તમામ સત્તા તથા તેની તમામ ફરજો [૧][રાજ્ય] સરકાર આ અર્થે વખતોવખત જે વ્યક્તિ અથવા વ્યક્તિઓને નીમે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓને વાપરશે તથા બજાવશે;

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૨૪ની કલમ ૬ થી આ શબ્દો અને આંકડા ઉમેર્યા છે.

(૩) ખંડ (ખ) મુજબ નીમેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓને પોતાની સત્તા તથા ફરજો કેળવણી સમિતિ અથવા સમિતિ અથવા પેટા-સમિતિને સોંપી શકશે.

(૩) પેટા-કલમ (૧) મુજબ વિસર્જનનો હુકમ કાઢવામાં આવ્યેથી સભ્યોની ચૂંટણી [૧][રાજ્ય] સરકાર નિર્દિષ્ટ કરે તે તારીખે અથવા તે તારીખ પહેલાં આ અધિનિયમની અથવા તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓ મુજબ કરવી જોઈશે અને [૧][રાજ્ય] સરકાર નિર્દિષ્ટ કરે તે તારીખે ઉપર જણાવેલ જોગવાઈઓ મુજબ સભ્યોની ચૂંટણી, નિમણૂક અથવા નિયુક્તિ કરીને બોર્ડની પુનઃ સ્થાપના કરવી જોઈશે.

(૪) તપાસ કર્યા પછી [૧][રાજ્ય] સરકાર એવો આદેશ કરે તો બોર્ડને પદચ્યુત કર્યાની મુદત ઉપર જણાવેલાં પરિણામો સહિત તે બોર્ડની પુનઃ સ્થાપના માટે [૧][રાજ્ય] સરકાર નક્કી કરે તેવી તારીખ સુધી ઉપર કહ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરેલા હુકમથી ચાલુ રાખવામાં આવશે.

(૫) બોર્ડને પદચ્યુત કરવામાં આવે તે પછી–

(ક) પેટા-કલમ (૪) મુજબ કંઈ આદેશ કરવામાં આવ્યો ન હોય, તો પેટા-કલમ (૧) ના ખંડ (ખ) મુજબ પદચ્યુત કરવાના હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થયેથી, અને

(ખ) પેટા કલમ (૪) મુજબ આદેશ કરવામાં આવ્યો હશે, તો સ્કૂલ બોર્ડની પુનઃ સ્થાપના માટે તે પેટા-કલમ મુજબ જે તારીખ નક્કી કરી હોય તે તારીખે,

સભ્યોના ચૂંટણી, નિમણૂક અથવા નિયુક્તિ તેને લાગુ પડતી આ અધિનિયમની અથવા તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓ મુજબ કરીને બોર્ડની પુનઃ સ્થાપના કરવામાં આવશે.

૫૨. (૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ મુજબ નવા જિલ્લાની રચનાથી અથવા બીજી કોઈ રીતે કરશે જિલ્લાની હદમાં જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત દરમિયાન ફેરફાર કરવામાં આવે ત્યારે, [૧][રાજ્ય] સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, તે હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી એ સ્કૂલ બોર્ડનું વિસર્જન કરી શકશે અને એવો આદેશ કરી શકશે– જિલ્લાની હદમાં ફેરફાર કરવામાં આવે એટલે જિલ્લા સ્કૂલ બોર્ડનું વિસર્જન કરવા તથા તેની પુનર્રચના કરવા બાબત.

(૧) જે જિલ્લાના જિલ્લા સ્કૂલ બોર્ડનું વિસર્જન કરવામાં આવ્યું હોય તે જિલ્લા માટે જિલ્લા સ્કૂલ બોર્ડની પુનઃરચના કરવી, અથવા

(૨) જે નવો જિલ્લો રચવામાં આવ્યો હોય તે જિલ્લા માટે જિલ્લા સ્કૂલ બોર્ડ સ્થાપવું,

જે સ્કૂલ બોર્ડનુ વિસર્જન કરવામાં આવ્યું હોય તેના સભ્યોએ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી તારીખથી પોતાના હોદ્દા ખાલી કરવા.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓ મુજબ પુનર્રચિત કરવામાં અથવા સ્થાપવામાં આવેલું જિલ્લા સ્કૂલ બોર્ડ [૧][રાજ્ય] સરકાર લેખિત હુકમથી ફરમાવે તે રીતે ચૂંટેલા નિમેલા અથવા નિયુક્ત કરેલા અને તે ફરમાવે તેટલી સંખ્યાના સભ્યોનું બનશે. એ રીતે પુનર્રચિત કરેલા અથવા સ્થાપેલા જિલ્લા સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને આ અધિનિયમમાં અને તે મુજબ કરેલા નિયમોમાં ઠરાવેલી રીતે ચૂંટી કાઢવામાં આવશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(૩) પેટા-કલમ (૨)ની જોગવાઈઓ મુજબ પુનર્રચિત કરેલા અથવા સ્થાપેલા જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્યો [2][ત્રણ વર્ષ]થી વધુ નહીંય તેટલી જે મુદત [1][રાજ્ય] સરકાર લેખિત હુકમ કરીને નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) પેટા-કલમ (૩)ની જોગવાઈઓ મુજબ જિલ્લા સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત પૂરી થયેથી જિલ્લા સ્કૂલ બોર્ડ કલમ ૪માં ઠરાવેલી રીતે રચવામાં આવશે.

## પ્રકરણ ૧૦મું

## [3]* પ્રાથમિક શિક્ષણ બોર્ડ

[3]*પ્રાથમિક શિક્ષણ બોર્ડની રચના

૫૮. (૧) [4][સોળ] સભ્યોનું બનેલું એક પ્રાથમિક શિક્ષણ બોર્ડ [5][બોર્ડ] રહેશે. આ સભ્યો પૈકી [6][આઠ] સભ્યોને ઠરાવેલી રીતે સ્કૂલ બોર્ડ ચૂંટશે. બાકીના [6][આઠ] સભ્યોને [1][રાજ્ય] સરકાર નીમશે અને તે સભ્યો પૈકી વધુમાં વધુ [7][ચાર] સભ્યો સરકારી અધિકારીઓ રહેશે.

(૨) સદરહુ બોર્ડના સભ્યો ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે :

પરંતુ છૂટા થતા સભ્યોના હોદ્દાની મુદત જે તારીખે તેમના અનુગામીઓ યથાપ્રસંગ, ચૂંટવામાં અથવા નિમવામાં આવે તે તારીખ સુધી ચાલે છે અને તે તારીખે પૂરી થાય છે એમ ગણાશે.

(૩) સદરહુ બોર્ડનો કોઈ સભ્ય પ્રમુખને તે બાબતની લેખિત નોટિસ આપીને કોઈપણ વખતે પોતાની બેઠકનું રાજીનામું આપી શકશે; અને તેનું રાજીનામું પ્રમુખને મળે કે તરત જ આવા સભ્યે પોતાની બેઠક ખાલી કરી છે એમ ગણાશે.

(૪) સદરહુ બોર્ડનો જે કોઈ સભ્ય બોર્ડની [8]* પરવાનગી સિવાય તેની ત્રણ લાગલગાટ બેઠકોમાં ગેરહાજર રહે તે બોર્ડના સભ્ય તરીકે બંધ થશે.

(૫) સદરહુ બોર્ડનો કોઈ સભ્ય પોતાની ફરજ અદા કરવામાં ગેરવર્તણૂક બદલ અથવા કોઈપણ શરમજનક વર્તણૂક બદલ દોષિત થયો હોય અથવા કોઈ શારીરિક અથવા માનસિક અશક્તિને કારણે સભ્ય તરીકે પોતાની ફરજ બજાવવાને અસમર્થ થયો હોય તો તેને [1][રાજ્ય] સરકાર પોતાની મેળે, અથવા સદરહુ બોર્ડના તમામ સભ્યોની ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવના ટેકાવાળી ભલામણ ઉપરથી હોદ્દા દૂર કરી શકશે.

---

૧. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૨. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૪ની કલમ ૯થી "એક વર્ષ"એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.
૩. સન ૧૯૬૦ના મુંબઈ રાજ્ય અને અનુવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી "રાજ્ય" એ શબ્દ કાઢી નાખ્યો છે.
૪. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૧ (૧) (૧)થી "બાર" એ શબ્દને બદલે "સોળ" એ શબ્દ દાખલ કર્યો છે.
૫. સન ૧૯૬૦ના મુંબઈ રાજ્ય અને અનુવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી "રાજ્ય મંડળ" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.
૬. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૧ (૧) (૨)થી "છ" એ શબ્દને બદલે "આઠ" એ શબ્દ દાખલ કર્યો છે.
૭. એજનની કલમ ૧૧ (૧) (૩)થી "ત્રણ" એ શબ્દને બદલે "ચાર" એ શબ્દ દાખલ કર્યો છે.
૮. સન ૧૯૪૯ના મુંબઈ અધિનિયમ ૪૬ની કલમ ૯થી "અગાઉથી" એ શબ્દ કાઢી નાંખ્યો છે.

સદરહુ બોર્ડ ઉપરથી દૂર કરવાની ભલામણ કરતો કોઈપણ ઠરાવ જે કોઈ સભ્યને લગતો હોય તે સભ્યને આવી રીતે શા માટે દૂર ન કરવો અથવા આવી ભલામણ શા માટે ના કરવી તેનું કારણ બતાવવાની તેને વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય તેને દૂર કરવો નહિ અથવા તેને દૂર કરવાની ભલામણ કરતો કોઈપણ ઠરાવ પસાર કરવો નહિ.

(૬) સદરહુ બોર્ડના ચૂંટાયેલા સભ્યો નીચેની લાયકાતો પૈકી કોઈપણ લાયકાત ધરાવતી વ્યક્તિઓમાંથી ચૂંટાશે :—

(ક) કોઈપણ માન્ય રાખેલ યુનિવર્સિટી પદવી લીધાને સાત વર્ષ થયાં હોય તેવો સ્નાતક.

(ખ) [1][ગુજરાત રાજ્ય] કોઈ કાયદાથી સ્થપાયેલી યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈ કોલેજમાં જેણે પ્રોફેસર તરીકે પાંચ વર્ષ સુધી નોકરી કરી હોય તેવા પ્રોફેસર;

(ગ) [2][રાજ્ય] સરકારના શિક્ષણ વિભાગે માન્ય રાખેલી કોઈ માન્ય શાળા અથવા માધ્યમિક શાળામાં જેણે દશ વર્ષ સુધી હેડમાસ્તર તરીકે નોકરી કરી હોય તેવો હેડમાસ્તર;

(૭) સદરહુ બોર્ડ પોતાના સભ્યોમાંથી પોતાનો પ્રમુખ ચૂંટશે અને તે પ્રમુખના હોદ્દાની મુદત બોર્ડની મુદત જેટલી જ રહેશે. [2][રાજ્ય] સરકારે નીમેલા સભ્યોમાંથી [2][રાજ્ય] સરકારે પસંદ કરેલો અને રાજ્યના શિક્ષણ વિભાગનો એક સભ્ય બોર્ડના સેક્રેટરી તરીકે કામ કરશે.

(૮) સદરહુ બોર્ડની મુદત દરમિયાન પ્રસંગોપાત ખાલી પડતી જગ્યાઓ, બાકીની મુદત માટે યથાપ્રસંગ, ચૂંટણી કરીને અથવા નિમણૂક કરીને પૂરવામાં આવશે.

૧૬. સદરહુ બોર્ડની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશે :— ૩ + બોર્ડની સત્તા અને ફરજો

(ક) પ્રાથમિક શિક્ષણના સંગઠન, સમન્વય અને વિસ્તરણ માટે તથા [4][આ અધિનિયમ લાગુ પડતો હોય તે વિસ્તારની]સમગ્ર શિક્ષણ પદ્ધતિ સાથે પ્રાથમિક શિક્ષણના અનુબંધ સંબંધ માટે યોજનાઓ તપાસવી અને તેમની ભલામણ કરવી;

(ખ) પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલી તમામ બાબતો ઉપર [2][રાજ્ય] સરકારને સામાન્યતઃ સલાહ આપવી;

(ગ) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવી બીજી ફરજો બજાવવી.

૧. સન ૧૯૬૦ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૧૧ (૨)થી "ગુજરાત રાજ્યના મુંબઈ ક્ષેત્રના" એ શબ્દોને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૨. સન ૧૯૫૦ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૮ મુંબઈ રાજ્ય સરહદવર્તી વિસ્તારોને લાગતા કાયદા સુસંગતીકરણ હુકમથી "રાજ્ય"એ શબ્દ કાઢી નાખ્યો છે.

૪. જેમાંથી "રાજ્ય" ની એ શબ્દને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

મુંબઈ રાજ્યની પુનર્રચના અંગેની સંક્રમણકાલિન અને વિશિષ્ટ જોગવાઈ.

[1][૫૯.-ક. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, નક્કી કરે તે તારીખથી, પ્રાથમિક શિક્ષણના વિદ્યમાન બોર્ડનું વિસર્જન થયેલું ગણાશે અને તેના પ્રમુખે અને સભ્યોએ તેમના હોદ્દા ખાલી કર્યા છે એમ ગણાશે; અને આ અધિનિયમ લાગુ પડતો હોય તે વિસ્તાર માટે એક પ્રમુખ અને એક રાજ્ય સરકાર નીમવાને યોગ્ય ગણે તેટલી સંખ્યાના એક સેક્રેટરી સહિત બીજા સભ્યોના બનેલા એક પ્રાથમિક શિક્ષણ બોર્ડની રચના કરવામાં આવશે.

(૨) એ રીતે નીમેલા સભ્યોમાં શક્ય હોય ત્યાં સુધી, જે વ્યક્તિઓ એવી રીતે વિસર્જન કરેલા બોર્ડના સભ્યો હોય અને જે તારીખે જે વ્યક્તિઓને એવી રીતે નીમવામાં આવી હોય તે તારીખે, જે વિસ્તારને આ અધિનિયમ લાગુ પડે છે તે વિસ્તારમાં સામાન્યત રહેતી હોય તે વ્યક્તિઓનો સમાવેશ થશે.

(૩) પેટા-કલમ (૧) મુજબ નીમેલા પ્રમુખ અથવા બીજા સભ્યો [2][સન ૧૯૬૪ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ] સુધી અને તે સહિત અથવા કલમ ૫૮ મુજબ કોઈ બોર્ડની યોગ્ય રીતે રચના કરવામાં ન આવે ત્યાં સુધી, એ બે માંથી જે વહેલી હોય તે તારીખ સુધી હોદ્દો ધરાવશે.

(૪) કલમ ૫૮ની પેટા કલમો (૩), (૪), (૫) અને (૮)માં સમાવિષ્ટ કરેલી જોગવાઈઓ, જોઈતા ફેરફારો સાથે, આ કલમ મુજબ રચાયેલા બોર્ડના સભ્યોને લાગુ પડશે.

(૫) એ રીતે રચાયેલ બોર્ડ આ અધિનિયમ મુજબ પ્રાથમિક શિક્ષણ બોર્ડની તમામ સત્તા વાપરશે અને તમામ ફરજો બજાવશે.]

[3][(૬) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય, તે છતાં રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તાર અને કચ્છ વિસ્તારમાં આ અધિનિયમ અમલમાં આવવાની તારીખે, આ કલમ મુજબ રચાયેલું અને સદરહુ તારીખે વિદ્યમાન હોય તેવું બોર્ડ આખા રાજ્ય માટે રચાયેલું ગણાશે :

પરંતુ બોર્ડનીસંકૂમતના ઉપર્યુક્ત પ્રમાણોના વિસ્તારને ધ્યાનમાં લઈને, રાજ્ય સરકાર, પોતાને યોગ્ય લાગે તેટલી સંખ્યાના વધારાના સભ્યોને બોર્ડમાં નીમી શકશે.]

## પ્રકરણ ૧૧મું

## પ્રકીર્ણ

સત્તા અને ફરજો સોંપવા બાબત.

[4][૬૦. (૧) નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કોઈ શરતો હોય તો તેને અધીન રહીને—

(૧) રાજ્ય સરકાર આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા નિયમો મુજબની પોતાની કોઈ સત્તા અથવા ફરજો પોતાના તાબાના કોઈ અધિકારી અથવા સત્તાધિકારીને સોંપી શકશે; અને

---

૧. સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ (બીજા સુધારા) હુકમથી કલમ ૫૯-ક દાખલ કરી છે.

૨. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૫૫ની કલમ ૨થી " સન ૧૯૬૩ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૨થી પેટા-કલમ (૬) દાખલ કરી છે.

૪. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ-૮થી મૂળ કલમને બદલે કલમ-૬૦ દાખલ કરી છે.

(૨) નિયામક પણ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો મુજબ અથવા ખંડ (૧) મુજબ રાજ્ય સરકારે તેને સોંપેલી પોતાની કોઈપણ સત્તા અથવા ફરજો પોતાના તાબાના કોઈપણ અધિકારીને સોંપી શકશે.

(૩) યથાપ્રસંગ, રાજ્ય સરકારે અથવા નિયામકે આથી તાબાના કોઈપણ અધિકારી અથવા સત્તાધિકારીને સોંપેલી કોઈ અથવા તમામ સત્તા અથવા ફરજો વાપરવાનો રાજ્ય સરકારનો અથવા નિયામનો હક આ કલમના કોઈપણ મજકુરથી ઓછો થશે નહિ.]

દ૧. (૧) આ અધિનિયમની અને તે મુજબ કરેલા નિયમોની જોગવાઈઓને આધીન રહીને, અધિકૃત નગરપાલિકા આ અધિનિયમ મુજબની પોતાની કોઈ સત્તા, ફરજો અને કાર્યો મ્યુનિસિપલ સ્કૂલબોર્ડને સોંપી શકશે. [illegible]

(૨) (ક) સ્કૂલ બોર્ડ વખતોવખત સમિતિઓ રચી શકશે અને આવી સમિતિઓ રદ કરી શકશે અથવા તેની રચનામાં ફેરફાર કરી શકશે.

(ખ) સ્કૂલ બોર્ડ પોતાની કોઈ સત્તા, ફરજો અને કાર્યો આવી કોઈ સમિતિને અથવા પોતાના કોઈ સભ્ય અથવા વહીવટી અધિકારી અથવા વૈતનિક અથવા બીજા કોઈ અધિકારીને સોંપી શકશે અને વખતોવખત બોર્ડ આપે તેવા કોઈપણ સૂચનો અનુસાર આવી સમિતિએ, સભ્યે અથવા અધિકારીએ વર્તવું જોઈશે.

(૩) અધિકૃત નગરપાલિકા અથવા સ્કૂલ બોર્ડ એ રીતે સોંપવામાં આવેલી કોઈ સત્તા, ફરજ અને કાર્યો કોઈપણ વખતે પાછા ખેંચી લઈ શકશે.

દ૨. (૧) કોઈ સ્કૂલબોર્ડ સામે અથવા અધિકૃત નગરપાલિકા સામે અથવા તેના નોકર સામે અથવા સદરહુ બોર્ડ અથવા નગરપાલિકાના હુકમ મુજબ કામ કરતી કોઈ વ્યક્તિ સામે આ અધિનિયમ કે જેનાથી સ્કૂલ બોર્ડને અધિકૃત નગરપાલિકાને, સભ્યને, અધિકારીને અથવા નોકરને એવા સ્કૂલ બોર્ડ તરીકે, એવી અધિકૃત નગરપાલિકા તરીકે, એવા સભ્ય તરીકે, એવા અધિકારી તરીકે અથવા એવા નોકર તરીકે અથવા એવી રીતે કામ કરતી બીજી વ્યક્તિને કોઈ સત્તા વાપરવાનો અથવા ફરજો બજાવવાનો હક મળતો હોય અથવા કોઈ સત્તા વાપરવા અથવા ફરજ બજાવવાનું ફરમાવવામાં આવ્યું હોય તે અનુસાર કરેલા અથવા કરેલું હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કામ બદલ કોઈ દાવો, ફરીયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી એવા સ્કૂલ બોર્ડને, અધિકૃત નગરપાલિકાને, સભ્યને, અધિકારીને, નોકરને અથવા વ્યક્તિને લેવા ધારેલા પગલાં અને તેનાં કારણની અગાઉથી એક મહિનાની લેખિત નોટિસ આપ્યા સિવાય અથવા જે કાર્ય સામે ફરિયાદ કરવામાં આવી હોય તે કાર્યની તારીખથી છ મહિના પછી માંડી શકાશે નહિ. [illegible]

(૨) નુકસાની માટેના આવા કોઈ દાવાની બાબતમાં, દાવો માંડતા પહેલાં પૂરતો બદલો આપવા માંડ્યો હશે તો વાદીને એ રીતે આપેલી રકમ કરતાં કોઈપણ વધારે રકમ મળશે નહિ અને આ રીતે બદલો આપ્યા પછી પ્રતિવાદીને થયેલું તમામ ખર્ચ વાદીને આપવું પડશે.

દ૩. (૧) [૧][રાજ્ય]સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

---

૧. સન ૧૯૫૮ના કાયદા સુસંગતીકરણ હુકમથી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ ન આવે એવી રીતે આવા નિયમો નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે કરી શકશે :-

(ક) સ્કૂલ બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની ચૂંટણી કરવાની રીત બાબત;

(ખ) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ફરજો અને કાર્યો બાબત;

(ગ) સ્કૂલ બોર્ડના કાર્ય સંચાલન માટેની કાર્યરીતિ [1][અને અનધિકૃત નગરપાલિકાઓ માટેની શાળા સમિતિઓ] બાબત;

(ઘ) ટેન્ડરો મંજૂર કરવાની કાર્યરીતિ બાબત;

(ચ) ગ્રામશાળા સમિતિઓની રચના અને કાર્યો બાબત;

[2][(ચચ) અધિકૃત નગરપાલિકા તરફથી નિભાવવામાં આવતા પ્રાથમિક શાળાના શિક્ષકો માટેના પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, અને પેન્શન બાબત;]

[3][(છ) જિલ્લા સ્કૂલ બોર્ડ તરફથી નિભાવવામાં આવતા સ્ટાફ [4] * * * માટે પ્રોવિડન્ટ ફંડમાં આપવાની રકમો અને ફાળાના દર અને બીજી શરતો બાબત;

(છ-ક) ખંડ (છ)માં ઉલ્લેખેલા સ્ટાફ [5] * * માટેના ગ્રેજ્યુઈટી અને પેન્શનની શરતો બાબત;]

(જ) પ્રાથમિક શાળાઓમાં જતાં બાળકોના સ્વાસ્થ્યની સંભાળ સહિત તેમના કલ્યાણના અને તેમના શારીરિક અને નૈતિક શિક્ષણના પ્રબંધ બાબત;

(ઝ) પ્રાથમિક શિક્ષણના ઉચ્ચ અભ્યાસક્રમના એક ભાગ તરીકે પૂર્વ વ્યવસાયિક શિક્ષણના અભ્યાસક્રમ બાબત;

(ટ) આ અધિનિયમ મુજબ સત્તા, ફરજો અને કર્તવ્યો સોંપવાનું નિયમન કરવા બાબત; અને

(ઠ) આ અધિનિયમ મુજબ ઠરાવવાની બાબતો.

(૩) પેટા-કલમો (૧) અને (૨) મુજબ કરવાના નિયમો અગાઉ પ્રસિદ્ધ કર્યા પછી કરવા જોઈએ.

---

૧. સન ૧૯૫૨ના મુંબઈ અધિનિયમ ૨૫ની કલમ-૯થી આ શબ્દો ઉમેર્યા છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ-૪(૧)થી ખંડ (ચચ) દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૪૯ની કલમ-૪થી "અસલ ખંડ (છ)ને બદલે આ ખંડો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ-૪(૨)થી "અને અધિકૃત નગરપાલિકાઓએ નિભાવવાના પ્રાથમિક શાળાના શિક્ષકો" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૫. એજનની કલમ ૪(૩)થી "અને શિક્ષકો" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

[૧][૪] આ અધિનિયમ મુજબ કરેલા તમામ નિયમો કરવામાં આવે તે પછી, જેમ બને તેમ જલ્દી રાજ્ય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી મુકવા જોઈશે અને જે બેઠકમાં તે એવી રીતે મુકવામાં આવ્યા હોય તે બેઠક અથવા ત્યારપછી તરત આવતી બેઠક દરમિયાન તેમાં રાજ્ય વિધાન મંડળ જે ફેરફાર કરે તેને આધીન રહેશે. એવી રીતે કરેલા ફેરફારો રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયેથી તેનો અમલ થશે.]

સન ૧૯૨૩નો મુંબઈનો ૪થો.

૬૪. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૨૩, આથી રદ કરવામાં આવે છે :

રદ કરવા બાબત અને સ્કૂલ બોર્ડને લગતી સંક્રમણકાલિન જોગવાઈઓ.

સન ૧૯૨૩નો મુંબઈનો ૪થો.

પરંતુ કલમ ૪ મુજબ નવું સ્કૂલ બોર્ડ રચવામાં આવે ત્યાં સુધી મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૨૩ મુજબનું કોઈપણ વિદ્યમાન સ્કૂલબોર્ડ આ અધિનિયમ મુજબ રચવામાં આવ્યું હોય તેમ તમામ સત્તા વાપરશે અને તમામ ફરજો અને કાર્યો બજાવશે અને તે તમામ હકો અને જવાબદારીઓને પાત્ર રહેશે.

સન ૧૯૦૧નો મુંબઈનો ૩જો.

૬૫. મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧ મુંબઈ જિલ્લા લોકલ બોર્ડ અધિનિયમ, ૧૯૨૩ અને મુંબઈ બરો નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫ [૨][અથવા બીજા કોઈપણ તત્સમાની કાયદા] માં પ્રાથમિક શિક્ષણને લગતી જોગવાઈઓમાં વિરૂદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં આવશે.

અમુક બીજા અધિનિયમની જોગવાઈઓ પર આ અધિનિયમનું પ્રવર્તન રહેશે.

સન ૧૯૨૩નો મુંબઈનો ૪થો.

સન ૧૯૨૫નો મુંબઈનો ૧૮મો.

૬૬. [૩][રાજ્યોની પુનર્રચનાને કારણે કોલ્હાપુર જિલ્લા સ્કૂલ બોર્ડ સંબંધી સંક્રમણકાલિન અને વિશિષ્ટ જોગવાઈઓ] સન ૧૯૬૩ના ગુજરાતના ૧૩મા અધિનિયમ કલમ ૧૫થી કમી કરી.

સન ૧૯૫૬નો ૩૭મો.

[૪][૬૭. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, નક્કી કરે તે તારીખથી, બનાસકાંઠાના જિલ્લા સ્કૂલબોર્ડની, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પુનર્રચના થયેલી ગણાશે અને રાજ્ય પુનર્રચના અધિનિયમ, ૧૯૫૬થી સન ૧૯૫૬ના નવેમ્બર મહિનાની ૧લી તારીખે રચ્યા પ્રમાણેના બનાસકાંઠા જિલ્લા માટેના જિલ્લા સ્કૂલબોર્ડ તરીકે તેને ગણવામાં આવશે અને રાજ્ય સરકાર આ અર્થે નીમે તેટલી સંખ્યાના સભ્યોનો તેમાં સમાવેશ થશે.

રાજ્યોની પુનર્રચનાને કારણે બનાસકાંઠા જિલ્લા સ્કૂલ બોર્ડ સંબંધી સંક્રમણકાલિન અને વિશિષ્ટ જોગવાઈઓ.

---

૧. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૩થી પેટા-કલમ (૪) ઉમેરી છે.

૨. એજનની કલમ ૧૪થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૧૫ થી આ કલમ કાઢી નાંખી છે.

૪. સન ૧૯૫૬ના મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમથી કલમ ૬૭ દાખલ કરી છે.

(૨) નીમાનારા સભ્યો, શક્ય હોય ત્યાં સુધી, જે વ્યક્તિઓ આવી પુનર્રચના પહેલાં બનાસકાંઠા સ્કૂલબોર્ડના સભ્યો અને આબુરોડ તાલુકા સિવાયના સદરહુ જિલ્લામાં સમાવિષ્ટ કરેલા વિસ્તારોનું જેઓ પ્રતિનિધિત્વ ધરાવતા હોય તે વ્યક્તિઓ રહેશે.

(૩) એવી રીતે પુનર્રચના કરેલા તે સ્કૂલ બોર્ડના સભ્યો રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી, પણ આવી પુનર્રચનાની તારીખથી એક વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૪) ઉપર કહ્યા પ્રમાણેના પુનર્રચના કરેલા સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને આ અધિનિયમમાં ઠરાવેલી રીતે ચૂંટવામાં, આવશે.

(૫) (ક) પેટા-કલમ (૩) મુજબ સ્કૂલ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત પૂરી થવાની હોય ત્યારે જિલ્લા સ્કૂલ બોર્ડની, કલમ ૩માં અને અધિનિયમની બીજી સંબંધ ધરાવતી જોગવાઈઓમાં પ્રબંધ કરેલી રીતે, રચના કરવી જોઈએ.

(ખ) આવા સભ્યોના હોદ્દાની મુદત પૂરી થઈ હોય તે છતાં નવા સ્કૂલબોર્ડના સભ્યોને, યથાપ્રસંગ ચૂંટવામાં નીમવામાં અથવા નિયુક્ત કરવામાં ન આવે ત્યાં સુધી, તેઓ હોદ્દા પર ચાલુ રહેશે.

(૬) આ કલમ મુજબ તે સ્કૂલબોર્ડની પુનર્રચના કરવામાં આવ્યેથી અથવા તે પછી જેમ અને તેમ જલ્દી, રાજ્ય સરકાર, રાજસ્થાનની સરકાર સાથે વિચારવિનિમય કર્યા પછી, હુકમ દ્વારા નીચેની તમામ બાબતો અથવા તે પૈકી કોઈ બાબત માટે જોગવાઈ કરી શકશે.

(ક) બનાસકાંઠાના અગાઉના સ્કૂલબોર્ડના (કરાર મુજબના કોઈપણ હકો અને જવાબદારીઓ સહિત) અસકયામતો, હકો અને જવાબદારીઓ, પુર્ણતઃ અથવા અંશતઃ બનાસકાંઠાના પુનર્રચના કરેલા સ્કૂલબોર્ડને તબદીલ કરવા માટે અને આવી તબદીલીની શરતો (હોય તો તે) માટે;

(ખ) અગાઉના સ્કૂલબોર્ડના નોકરો પૈકી કોઈ નોકરની બનાસકાંઠાના પુનર્રચના કરેલા સ્કૂલબોર્ડમાં બદલી કરવા માટે અથવા બનાસકાંઠાના પુનર્રચના કરેલા સ્કૂલબોર્ડ દ્વારા તેમને ફરી નોકરીએ રાખવા માટે;

(ગ) આવી કાળવણી અને તબદીલીનો અમલ કરવા માટે જરૂરી હોય તેવી આનુષાંગિક, પરિણામરૂપ અને અનુપૂરક બાબતો માટે.

(૭) અગાઉના સ્કૂલબોર્ડના અસકયામતો, હકો અથવા જવાબદારીઓ તબદીલ કરીને, આ કલમ મુજબ કોઈ હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે તે હુકમની રૂએ, આવા સ્કૂલ બોર્ડના અસકયામતો, હકો અને જવાબદારીઓ પુનર્રચના કરેલા સ્કૂલબોર્ડમાં નિહિત થશે અને તે પુનર્રચના કરેલા સ્કૂલબોર્ડનાં અસકયામતો, હકો અને જવાબદારીઓ રહેશે.]

સન ૧૯૪૯નો મુંબઈનો વટહુકમ ૨જો.

કેટલાક જિલ્લા સ્કૂલબોર્ડોના સંબંધમાં કાયદેસર કરાવવા બાબતની જોગવાઈઓ.

[1][૬૮. (૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૯૪૯ (સૌરાષ્ટ્ર વિસ્તારને લાગુ પાડવા) બાબતના વટહુકમથી સૌરાષ્ટ્ર વિસ્તારને મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ લાગુ પાડવાની રૂએ અને મુંબઈ સરકારના મહેસૂલ વિભાગના તારીખ ૨૯મી જૂન સન ૧૯૪૯ના સરકારી ઠરાવ નંબર ટી.એલ.સી. ૩૯૫૯-સી મુજબ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલા જિલ્લાઓની પુનર્રચનાની રૂએ જો કોઈપણ અનુસૂચિત જિલ્લા સ્કૂલબોર્ડે—

સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો.

(ક) આવી પુનર્રચનાની પહેલાં તેનામાં નિહિત થઈ હતી કે તેણે ધરાવી હોય કે તેના નિયંત્રણ હેઠળ હોય એવી કોઈપણ પ્રાથમિક શાળાઓ અને બીજી સ્થાવર અને જંગમ મિલકતો,

(ખ) આવી પુનર્રચના પહેલાં તેણે કે તેના હેઠળ નોકરીમાં રાખેલા હોય તેવા કોઈ પ્રાથમિક શાળાના શિક્ષકો અને બીજી વ્યક્તિઓ,

(ગ) આવી પુનર્રચના પહેલાંની ધરાવેલી તેની અસ્કયામતો કે જવાબદારીઓ પૈકીની કોઈપણ અસ્કયામત કે જવાબદારી,

સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો.

સન ૧૯૬૩નો ગુજરાતનો ૧૩મો.

બીજા કોઈપણ અનુસૂચિત જિલ્લા સ્કૂલબોર્ડને તબદીલ કરેલી હોય અને તે બીજા અનુસૂચિત જિલ્લા સ્કૂલબોર્ડે તેવી રીતે પોતાને તબદીલ થયેલ પ્રાથમિક શાળાઓ, મિલકતો, પ્રાથમિક શિક્ષકો, વ્યકિતઓ, અસ્કયામતો અને જવાબદારીઓ સંભાળી લીધેલ હોય, તો આવી તબદીલી અને સંભાળી લેવાનું કાર્ય કાયદેસર થશે અને મૂળથી જ કાયદેસર હતું એમ ગણાશે અને આ અધિનિયમની અથવા તે વખતે અમલમાં હોય તે પ્રમાણેના સૌરાષ્ટ્રના પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ની જોગવાઈઓ મુજબ આવી તબદીલી કે સંભાળી લેવાનું કાર્ય અધિકૃત ન હતું એ જ કારણે તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ, અને તદનુસાર મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૩ અમલમાં આવતાં પહેલાં, આવી પ્રાથમિક શાળાઓ, મિલકતો, પ્રાથમિક શિક્ષકો, વ્યક્તિઓ, અસ્કયામતો અને જવાબદારીઓના સંબંધમાં કોઈ અનુસૂચિત જિલ્લા સ્કૂલબોર્ડે વાપરેલી તમામ હકૂમત અને સત્તા, બજાવેલાં કાર્યો અને અદા કરેલી ફરજો અને કરેલું બીજું કોઈ કાર્ય કે લીધેલાં પગલાં કાયદેસર થશે અને માત્ર ઉપર્યુક્ત કારણે તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ.

પરંતુ એવી રીતે સંભાળી લીધેલા પ્રાથમિક શિક્ષકો અને વ્યક્તિઓની બાબતમાં, આવી રીતે સંભાળી લેવાના કાર્યની તરત જ પહેલાં તેમને નોકરીની જે શરતો લાગુ પડતી હતી તેને આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી અસર થશે નહિ.

સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો.

સન ૧૯૬૩નો ગુજરાતનો ૧૩મો.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

(૨) આ અધિનિયમમાં અથવા સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬માં ગમે તે મજકૂર હોય તે છતાં, અનુસૂચિત જિલ્લા સ્કૂલબોર્ડોમાંનું પ્રત્યેક સ્કૂલ બોર્ડ અનુસૂચિના કોલમ ૨માં તેની સામે નિર્દિષ્ટ કરેલા જિલ્લા માટે ઉપર્યુક્ત જાહેરનામા મુજબ જિલ્લાની પુનર્રચનાની તારીખથી કાયદેસર રીતે રચાયેલું હતું એમ ગણાશે. અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૩ શરૂ થયાની તારીખની તરત જ પહેલાં હોદ્દો ધરાવતાં તેના સભ્યોના હોદ્દાની મુદત કલમ ૪ મુજબ અનુસૂચિત જિલ્લા સ્કૂલ બોર્ડ ન રચાય ત્યાં સુધી અથવા સદરહુ તારીખથી એક વર્ષ પૂરું ન થાય ત્યાં સુધી અથવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૫૫ અમલમાં ન આવે ત્યાં સુધી એમાંથી જે વહેલું હોય ત્યાં સુધી, આ અધિનિયમ મુજબ ચાલુ રહેશે.

---

૧. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ-૧૬ થી કલમ-૬૮ દાખલ કરી છે.

**સ્પષ્ટીકરણ** :–આ કલમના હેતુ માટે અનુસૂચિત જિલ્લા સ્કૂલ બોર્ડનો અર્થ અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલું જિલ્લા સ્કૂલ બોર્ડ એવો થાય છે.]

સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો અધિનિયમ રદ કરવા બાબત અને અપવાદ.

[1][૬૯. (૧) સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૫૬ આથી રદ કરવામાં આવે છે. સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૩૩મો.

(૨) આ અધિનિયમમાં સ્પષ્ટપણે અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, આવી રીતે રદ કરેલા અધિનિયમ મુજબ કરેલું કોઈ કાર્ય કે લીધેલું કોઈ પગલું, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી આ અધિનિયમ મુજબ કરેલું અથવા લીધેલું ગણાશે અને આ અધિનિયમ મુજબ કરેલા કોઈપણ કાર્ય કે, લીધેલાં કોઈ પગલાંથી તેને રદ કરવામાં ન આવે ત્યાં સુધી તે અમલમાં ચાલુ રહેશે.]

જિલ્લા સ્કૂલ-બોર્ડના ઉલ્લેખો તાલુકા પંચાયતના અને જિલ્લા પંચાયતના ઉલ્લેખો હોય એમ સમજવું.

[2][૭૦. (૧) પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમમાં કલમો ૨(૧૦), ૩(૧), ૪, ૫, ૬, ૬-ક, ૭, ૭-ક, ૮, ૯, ૯-ક, ૧૦, ૧૦-ક, ૧૧, ૧૪, ૪૧(૧), ૪૨ ૪૩, ૪૪(૨) (ઘ) અને ૫૭ સિવાય બીજે આવતા, કોઈ જિલ્લા સ્કૂલ બોર્ડના તમામ ઉલ્લેખો સન ૧૯૬૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૫૫ની પેટા-કલમ (૨) મુજબ કરેલા કોઈ હુકમ (જેનો આમાં હવે પછી "સદરહુ હુકમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર, કોઈ જિલ્લા સ્કૂલ બોર્ડના સત્તા કાર્યો અને ફરજો યથા પ્રસંગ કોઈ તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં નિહિત થતા જાય તેમ તેમ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ મુજબ રચાયેલી તાલુકા પંચાયતના અથવા જિલ્લા પંચાયતના ઉલ્લેખો હોય એમ સમજવું.

(૨) કલમ ૧૨માં, પેટા-કલમ (૨)માં, "દરેક જિલ્લા સ્કૂલ બોર્ડ" એ શબ્દોને બદલે, "સદરહુ હુકમ મુજબ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયત વચ્ચેના સત્તા, કાર્યો અને ફરજોની વહેંચણીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર નક્કી કરે તેવી, કોઈ જિલ્લામાંની તાલુકા પંચાયતોએ અથવા યથાપ્રસંગ, તેવી જિલ્લા પંચાયતે" એ શબ્દો દાખલ કરવા. સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૫૫માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમો ૨(૧૦), ૩(૧), ૪, ૫, ૬, ૬-ક, ૭, ૭-ક, ૮, ૯, ૯-ક,૧૦,૧૦-ક, ૧૧, ૧૪, ૪૧,(૧), ૪૨, ૪૩, ૪૪(૨) (ઘ) અને ૫૭માં જણાવેલી જોગવાઈઓ આ અધિનિયમ મુજબ કોઈ જિલ્લા સ્કૂલ બોર્ડની સત્તા વાપરતી અને તેનાં કાર્યો અને ફરજો બજાવતી કોઈ તાલુકા પંચાયતને અથવા યથા પ્રસંગ, કોઈ જિલ્લા પંચાયતને લાગુ પડશે નહિ. ] સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

અમુક જિલ્લાને લાગેવળગે છે તેટલા પૂરતા જિલ્લા સ્કૂલ બોર્ડના ઉલ્લેખોનો અર્થ કરવા બાબત.

[3][૭૧. (૧) કલમ ૧૨ની પેટા-કલમ (૧)હેઠળ નિર્દિષ્ટ કરેલી તારીખે અને તે તારીખથી કલમો ૨(૧૦), ૩(૧), ૪, ૫, ૬, ૬-ક, ૭, ૭-ક, ૮, ૯, ૯-ક,૧૦,૧૦-ક, ૧૧, ૧૪, ૪૧,(૧), ૪૨, ૪૩, ૪૪(૨) (ઘ) અને ૫૭માં આવતાં હોય તે સિવાય આ અધિનિયમમાં જિલ્લા સ્કૂલ બોર્ડ વિષેના તમામ ઉલ્લેખોનો અર્થ રાજ્ય સરકારે કલમ ૧૨ની પેટા-કલમ (૫) હેઠળ કરેલા હુકમ અનુસાર યથાપ્રસંગ તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતને પ્રાપ્ત થયેલા જિલ્લા સ્કૂલ બોર્ડની સત્તા, કાર્યો અને ફરજો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રચાયેલી તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત વિષેના ઉલ્લેખો હોય એમ સમજવું.

---

૧. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૯થી કલમ ૬૯ દાખલ કરી છે.

૨. સન ૧૯૬૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખના શિક્ષણ અને મજૂર વિભાગના સરકારી હુકમ નંબર આઈએનટી ૩૦૬૨-એ-૧થી કલમ ૭૦ દાખલ કરી છે.

૩. સન ૧૯૬૩ના ગુજરાત પંચાયત (મુંબઈ પ્રાથમિક શિક્ષણ સુસંગતીકરણ અધિનિયમ) હુકમની કલમ ૨ (૨)થી કલમ ૭૧ દાખલ કરી છે.

(૨) કલમો ૨(૧૦), ૩(૧), ૪, ૫, ૬, ૬-ક, ૭, ૭-ક, ૮, ૯, ૯-ક,૧૦,૧૦-ક, ૧૧, ૧૪, ૪૧,(૧), ૪૨, ૪૩, ૪૪(૨) (ધ) અને ૫૭નો કોઈપણ મજકૂર, આ અધિનિયમ હેઠળ જિલ્લા સ્કૂલ બોર્ડની સત્તા વાપરતી અને કાર્યો તથા ફરજો બજાવતી તાલુકા પંચાયતને અથવા જિલ્લા પંચાયતને લાગુ પડશે નહિ.]

## [1][ અનુસૂચિ ]

( જુઓ કલમ ૬૮ )

| | જિલ્લા સ્કૂલ બોર્ડનું નામ | જિલ્લાનું નામ |
|---|---|---|
| ૧. | અમદાવાદ જિલ્લા સ્કૂલ બોર્ડ | અમદાવાદ. |
| ૨. | જામનગર જિલ્લા સ્કૂલ બોર્ડ | જામનગર. |
| ૩. | રાજકોટ જિલ્લા સ્કૂલ બોર્ડ | રાજકોટ. |
| ૪. | ભાવનગર જિલ્લા સ્કૂલ બોર્ડ | ભાવનગર. |
| ૫. | જૂનાગઢ જિલ્લા સ્કૂલ બોર્ડ | જૂનાગઢ. |
| ૬. | અમરેલી જિલ્લા સ્કૂલ બોર્ડ | અમરેલી. |
| ૭. | સુરેન્દ્રનગર જિલ્લા સ્કૂલ બોર્ડ | સુરેન્દ્રનગર. |

૧. સન ૧૯૬૩ના ગુજરાત અધિનિયમ ૧૩ની કલમ ૧૬થી આ અનુસૂચિ દાખલ કરી છે.

---

સરકારી મુદ્રણાલય, વડોદરા.